# પુષ્ટિ પાઠાવલી

## ભાગ-૧




લેખક :

ગો.વા.શ્રીનાનુલાલ નારણદાસ ગાંધી



ગો.વા.શ્રીનાનુલાલ નારણદાસ ગાંધી

# પુષ્ટિપાઠાવલી - ૧

:: લેખક ::
શ્રીનાનુલાલ નારણદાસ ગાંધી

:: પ્રકાશક ::
પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર
રાજકોટ

:: પ્રકાશક ::
પુષ્ટિ અષ્ટમિતા સંવર્ધન કેન્દ્ર
670 Sarah ct. Windsor
N9G2Y7, CANADA
WhatsApp No.9427495159

:: લેખક ::
શ્રીનાનુલાલ નારણદાસ ગાંધી

સંકલન : પ્રવીણ ડઢાણીયા

સંસ્કરણ :વિ.સ.૨૦૭૮

પ્રત: ૧૦૦૦

મુદ્રક : પૂવી પ્રેસ રાજકોટ

# ।। પ્રકાશકીય ।।

## નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાદ્‌ભુતકર્મણે ।
## રૂપનામવિભેદેન જગત્ક્રીડતિ યો યત:।।

ભગવદીય ગો.વા. શ્રીનાનુલાલભાઇ ગાંધી ધંધુકા વાળા નો સંપ્રદાય માં સંસ્કૃત ગ્રંથોના ગુજરાતી અનુવાદમાં  અમૂલ્ય ફાળો છે. સંસ્કૃત ભાષાના અપરિચય ને કારણે આચાર્યવાણીના અવગાહનમાં થતી મુશ્કેલી ને શ્રીનાનુલાલભાઈ ગુજરાતી અનુવાદ કરી આપીને જે ઉપકાર કર્યો છે તે અવિસ્મરણીય છે.

ગુજરાતી અનુવાદમાં તેમની કૃતિઓ શ્રીભાગવત પ્રથમ સ્કંધ સુબોધિની, દ્વિતીય સ્કંધ સુબોધિની, તૃતીય સ્કંધ સુબોધિની, દશમ સ્કંધ સુબોધિની, શ્રીભાગવતાર્થપ્રકરણ, 'વિદ્વનમંડન', સર્વનિર્ણયપ્રકરણઅંતર્ગત 'સાધનપ્રકારણ' ષોડશગ્રન્થાન્તર્ગત 'શ્રીયમુનાષ્ટકમ્' વગેરે ગ્રંથોનો અનુવાદ તેમજ શ્રીગોકુલનાથજી દ્વારા વિરચિત ષોડશગ્રંથો પરની ટીકાનો તેમજ સ્વતંત્ર સ્તોત્ર ગ્રંથોનું ગુજરાતી અનુવાદ 'શ્રીગોકુલેશવાકસુધા' મુખ્ય છે.

સંસ્કૃત ટીકાઓના આશય સાથે વિવેચન સહીત 'ભગવદગીતાનુવાદ' તેમની જ કૃતિ છે. શ્રીમહાપ્રભુજી વિરચિત શ્રીભાગવતપરની 'સુબોધિની' વ્યાખ્યાના આશયના નિરૂપણ સહીત ભાગવત દશમસ્કંધોક્ત ભગવાન શ્રીકૃષ્ણના ચરિત્રનું ક્રમબધ્ધ નિરૂપણ કરતુ પુસ્તક 'શ્રીકૃષ્ણ ચરિત્ર' તેમજ સંપ્રદાયના પાયાના સિધ્ધાંતોની સમજ માટે લખેલ પુષ્ટિપાઠાવલી ૧ - ૨ - ૩ -૪

લેખક તેમજ પુર્વ પ્રકાશકોનો  આભાર વ્યક્ત કરતા હાલ સદરહુ પુષ્ટિપાઠાવલી - ૧ અપ્રાપ્ય હોય  અભ્યાશું વૈષ્ણવો ને ઉપયોગી થાય તે અર્થે પુનઃપ્રકાશન કરી રહ્યાં છીએ. હાલ સદરહુ પુષ્ટિપાઠાવલી ને PDF અને EPUB ફોર્મેટમા જ પ્રસારીત કરી રહ્યા છીયે, સંજોગો અને જરુરીયાત અનુસાર પુસ્તકના રુપમા પણ પ્રકાશિત કરવા પ્રયત્ન કરીશું.

પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર વતી

પ્રવિણ ડઢાણીયા

## ।। પ્રસ્તાવના।।

પુષ્ટિસુધા માસિકના પ્રકાશકની લેખ મોકલવાની માંગણી થવાથી પુષ્ટિપાઠાવલિના પાઠ લખી એ માસિકમાં પ્રસિધ્ધ થવા મોકલેલા. થોડા પાઠ એ માસિકમાં પ્રસિધ્ધ થયા. માતરના વૈષ્ણવ પરી મંગલદાસ ખીમચંદભાઇએ આ પાઠો પુસ્તકના રૂપમાં પ્રસિધ્ધ કરવા ઇચ્છા દર્શાવી તેથી આ પાઠ જૂદાજ પુસ્તકના રૂપમાં છપાવી પ્રસિધ્ધ કર્યા છે.

સામાન્ય જનસમૂહની માન્યતા એવી હોય છે કે ઇશ્વર પાસે સર્વ સરખાં છે. ઇશ્વરને કોઇ ઉપર વિશેષ પ્રેમ હોય કે કોઇ ઉપર દ્રેષ હોય તેવું સંભવે નહિ. ઇશ્વર પોતે રચેલા નિયમ પ્રમાણે જ સર્વ કરે છે. તેથી ઇશ્વરની કૃપા અથવા ઇશ્વરનો અનુગ્રહ કોઇ ઉપર હોઇ શકે જ નહિ. તેથી પુષ્ટિમાર્ગના સિધ્ધાંતો સમજાવતાં પહેલાં પુષ્ટિમાર્ગ ઉપપન્ન છે, એ દર્શાવવાની જરૂર છે. આ માટે આ પ્રથમ ભાગમાં પ્રપંચ, ભગવાન તથા જીવના સ્વરૂપ, સૃષ્ટિપ્રકાર, વિગેરેનું નિરૂપણ કરી ઉપસ્થિત હાનિ તથા અકૃતાભ્યાગમ દોષની નિવૃત્તિપૂર્વક વિધિ નિષેધની સાર્થકતા દર્શાવી મર્યાદાનું નિરૂપણ કરી પુષ્ટિમાર્ગની ઉપપત્તિ દર્શાવી છે. અન્યમાર્ગ જેવા કે કર્મમાર્ગ જ્ઞાનમાર્ગ વિગેરેનું સૂક્ષ્મ નિરૂપણ કરી ભક્તિમાર્ગના સ્વરૂપનું નિરૂપણ કરી મર્યાદાભક્તિ અને પુષ્ટિભક્તિનું તારતમ્ય દર્શાવી પુષ્ટિનું લક્ષણ જણાવ્યું છે.આ પ્રમાણે આ પ્રથમ ભાગમાં માત્ર પુષ્ટિની ઉપપત્તિ અને લક્ષણ દર્શાવવા પ્રયાસ કરેલો છે.

આત્મનિવેદન, અસમર્પિત્યાગ વિગેરે પુષ્ટિમાર્ગીય સિધ્ધાંત સમજાવનાર બીજા કેટલાક પાઠ લખેલા છે, પરંતુ આ પ્રથમ ભાગ વૈષ્ણવ વર્ગને ઉપયોગી થશે તો એ પાઠ આ પાઠાવલિના બીજા ભાગ 'પુષ્ટિમાર્ગીય સિધ્ધાંત' માં પ્રસિધ્ધ કરવામાં આવશે.

નાનુલાલ નારાયણદાસ ગાંધી

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | પ્રપંચ | ૧ |
| ૨-૩-૪-૫ | ભગવાન | ૩ ૫ ૭ ૮ |
| ૬ | સૃષ્ટિપ્રકાર | ૧૧ |
| ૭ -૮ | જીવ | ૧૩ ૧૫ |
| ૯ | ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ | ૧૮ |
| ૧૦ | વિધિનિષેધ | ૨૦ |
| ૧૧ | મર્યાદા | ૨૩ |
| ૧૨-૧૩ | કર્મમાર્ગ | ૨૫ ૨૮ |
| ૧૪ | પ્રકીર્ણમાર્ગ | ૩૦ |
| ૧૫ | જ્ઞાનમાર્ગ | ૩૨ |
| ૧૬-૧૭ | ભક્તિમાર્ગ | ૩૫ ૩૯ |
| ૧૮-૧૯ | ભક્તિપ્રકાર | ૪૧ ૪૪ |
| ૨૦ | પુષ્ટિભક્તિ | ૪૭ |
| ૨૧ | પુષ્ટિમાર્ગ | ૫૧ |

# પુષ્ટિ પાઠાવલિ
## ભાગ પહેલો
## પાઠ ૧. પ્રપંચ

મારા માતા, પિતા, ભાઇ અને હું એક ઘરમાં રહીએ છીએ. આવાં કેટલાંક ઘર મારી શેરીમાં છે. મારી શેરી જેવી ઘણી શેરીઓ મારા ગામમાં છે. આ બધું ગામતલ કહેવાય છે. '

ગામતલની આસપાસ મારાં જ ગામની સીમ છે. તેમાં અનાજ વિગેરે વાવવામાં આવે છે. તે ગામના લોકોના ઉપયોગમાં આવે છે.

ગામતલ અને સીમ મળી એક ગામ થયું. તેવાં ઘણાં ગામ મળી તાલુકો થાય છે. તેવા આઠ દશ તાલુકાને જીલ્લો કહે છે. એવા કેટલાંક જીલ્લા મળી પ્રાંત કહેવાય છે. આવા કેટલાક પ્રાંત મળી ઇલાકો કહેવાય છે. કેટલાક ઇલાકા ભેગા થઇ એક દેશ થાય છે. આપણો દેશ તે હિંદુસ્થાન અથવા ભારતવર્ષ, અથવા ભરતખંડ.

આ (૧) ભરતખંડ પાસે (૨) કિંપુરુષ અને (૩) હરિવર્ષ નામના બીજા બે ખંડ છે. તે ત્રણની ઉત્તરે (૪) ઇલાવૃત ખંડ છે. આ ઇલાવૃત ખંડની મધ્યમાં સોનાનો પર્વત મેરુ છે. આ ઇલાવૃત ખંડની ઉત્તરે (૫) રમ્યક, (૬) હિરણ્મય અને (૭) કુરુ નામના બીજા ત્રણ ખંડ છે. ઇલાવૃતની પશ્ચિમે (૮) કેતુમાલ અને પૂર્વે (૯) ભદ્રાશ્વ ખંડો છે. દરેક ખંડને બીજા ખંડોથી જુદા પાડનાર મોટા પર્વતો છે. દરેક ખંડમાં મોટી મોટી નદીઓ પણ છે. આ નવ ખંડ મળી ‘જંબુદ્વીપ’ કહેવાય છે. જંબુદ્વીપનો વિસ્તાર એક લાખ યોજન છે અને તેનો આકાર કમલના પત્ર જેવો ગોળ છે *(શ્રીમદ્ભાગવત ૫-૧૬)

આ જંબુદ્વીપની આસપાસ એક લાખ યોજનના જ વિસ્તારવાળો ખારો સમુદ્ર છે. તેની આસપાસ બે લાખ યોજનના વિસ્તારવાળો પ્લક્ષદ્વીપ છે. તેની આસપાસ તેના જેટલા જ વિસ્તારવાળો શેરડીના રસનો સમુદ્ર છે. તેની આસપાસ તેથી બમણા વિસ્તારવાળો શાલ્મલિદ્વીપ અને તેની આસપાસ તેટલા

જ વિસ્તારવાળો કુશદ્વીપ છે અને તે પોતાના જેટલા જ વિસ્તારવાળા ઘીના સમુદ્રથી વીંટળાયેલ છે. તે સમુદ્રની આસપાસ તેથી બમણા વિસ્તારવાળો કૌંચદ્વીપ છે ને તે પોતાના જેટલા જ વિસ્તારવાળા દુધના સમુદ્રથી વિંટળાયેલ છે. તે સમુદ્રની આસપાસ તેથી બમણા એટલે ૩૨ લાખ યોજન વિસ્તારવાળો શાકદ્વીપ છે. તે પોતાના જેટલા જ વિસ્તારવાળા દહિના સમુદ્રથી વીંટળાયેલ છે. તે સમુદ્રની આસપાસ તેથી બમણા વિસ્તારવાળો પુષ્કરદ્વીપ છે. ને તે પોતાના જેટલા જ વિસ્તારવાળા મીઠાજલના સમુદ્રથી વીંટળાયેલ છે. તેની આસપાસ કાંચન એટલે સોનાની ભૂમિ આવે છે. તેની આસપાસ લોકાલોક પર્વત આવેલો છે. *(શ્રીમદ્ભાગવત પ-૨૦) તેની આસપાસ ઘોર અંધકાર છે. તેની આસપાસ ગર્ણોદક એટલે ખાડા અને જલ છે. ત્યારપછી તેને ફરતી બ્રહ્માંડરુપી અંડની છાલ છે.

આ તો માત્ર ભૂતલની વિગત થઇ. આ ભૂતલ બ્રહ્માંડના મધ્યભાગમાં છે. તેની ઉપર એક લાખ યોજને સૂર્યમંડલ છે તેને ભૂવર્લોક કહે છે. સૂર્યથી ઉપર એક લાખ યોજને ચંદ્ર છે તેના ઉપર ત્રણ લાખ યોજને નક્ષત્રો છે. તેથી ઉપર બે લાખ યોજને શુક્ર છે. તેથી ઉપર બે લાખ યોજને બુધ છે. તેથી ઉપર બે લાખ યોજને મંગલ છે. તેથી ઉપર બે લાખ યોજને બૃહસ્પતિ છે. તેથી ઉપર બે લાખ યોજને શનિ છે. તેથી ઉપર અગીયાર લાખ યોજને સપ્તર્ષિ છે. તેથી ઉપર તેર લાખ યોજને ધ્રુવ છે. સૂર્યમંડલની આરંભી ધ્રુવ સુધી સ્વર્લોક કહેવાય છે. તેની ઉપર મહર્લોક, જનલોક, તપોલોક અને સત્યલોક છે. ત્યારપછી ગાઢ અંધકાર, ખાડા અને જલ અને બ્રહ્માંડની છાલ આવેલાં છે.

તે જ પ્રમાણે ભૂતલની નીચે અતલ, વિતલ, સુતલ, તલાતલ, મહાતલ, રસાતલ અને પાતાલ નામના સાત પાતાલો છે. તે દરેક દશ દશ હજાર યોજન ઉંચા અને પહોળા છે. તેની નીચે તામિસ્ત્ર, અંધતામિસ્ત્ર, રૌરવ, મહારૌરવ, કુંભીપાક, કાલસૂત્ર, અસિપત્રવન, સૂકર, અંધકૂપ, કૃમિભોજન, સંદેશ, તપ્તભૂમિ, વજ્રકંટકશાલ્મલિ, વૈતરણી, પૂયોદ, પ્રાણરોધ, વિશસન, લાલાભક્ષ, સારમેયાદન, અવિચિ અને અયઃપાન નામના એકવીશ નરકો છે. તેથી નીચે ગાઢ અંધકાર, ખાડા અને જલ અને બ્રહ્માંડની છાલ છે.

આ એક બ્રહ્માંડ થયું. જેમ સમુદ્રમાં અનંત જલના પરપોટા હોય છે તેમ આવાં આવાં બ્રહ્માંડો પણ અનંત છે. આ સર્વ બ્રહ્માંડો 'પ્રપંચ' કહેવાય છે.

## પાઠ-૨ ભગવાન

પહેલા પાઠમાં પ્રપંચનું વર્ણન કર્યું. પ્રપંચમાં કોટિ બ્રહ્માંડો છે. દરેક બ્રહ્માંડમાં મોટા મોટા સમુદ્રો, પર્વતો, નદીઓ, અનંત તારા વિગેરે છે. આ બધાં ક્યાંથી ઉત્પન્ન થયાં ? મારૂ ઘર પણ ઘણા કડીયા વિગેરેએ ચણ્યું ત્યારે બંધાયું. આટલું મોટું બ્રહ્માંડ કોણ કરી શકે ?

આ સર્વ પ્રપંચના કર્તા ભગવાન છે. લૌકિક ઘર વિગેરે બનાવનારના જેવા ભગવાન સાધારણ પ્રાકૃતકર્તા નથી, પણ ભગવાનનું કર્તુત્વ પણ અલૌકિક જ છે. એક બ્રહ્માંડમાં અનેક ભૂત, દેવ, તિર્યઙ્, મનુષ્ય વિગેરે હોય છે, તેની રચના પણ અદ્ભુત છે. મનુષ્યના અથવા દેવોના પણ મન વડે પણ તેવી રચના ની ઘટના કરવી અશક્ય છે. તેવાં એક બે નહિપણ કરોડો બ્રહ્માંડો ભગવાન અનાયાસે એટલે કાંઇ પણ શ્રમ અથવા પ્રયાસ વિના ઉત્પન્ન કરે છે, તેવી જ રીતે કરોડો બ્રહ્માંડો નભાવે છે, અને તેવી જ રીતે કાંઇપણ શ્રમ વિના કરોડો બ્રહ્માંડનો ભંગ કરે છે. આવું કાર્ય કોઇ લૌકિક પુરુષથી થઇ શકે જ નહિ. આવું કર્તાપણું લૌકિક હોઇ શકે નહિ.

જે કોઇ કાંઇપણ કાર્ય કરે તેનામાં કાર્ય કરવાનાં સાહિત્યો વિગેરેનું જ્ઞાન હોવું જોઇએ. માટી શું, તેનો પિંડ કેવી રીતે કરવો, ચાક ઉપર કેમ ચડાવવો વિગેરે જાણ્યા વિના કુંભાર ઘટ બનાવી ન શકે. તેવી જ રીતે પ્રપંચના કર્તા ભગવાનમાં પ્રપંચવિષયિ સર્વ જ્ઞાન હોવું જ જોઇએ. કરોડો બ્રહ્માંડમાં આવેલ પૃથ્વી, સમુદ્ર, નક્ષત્ર, સૂર્ય, તારાગણ વિગેરે સર્વનું જ્ઞાન ભગવાનને છે. ભગવાનથી કંઇ અજાણ્યું નથી. તેથી ભગવાન 'સર્વજ્ઞ' છે.

શક્તિ વિના કાંઇ કાર્ય થઇ શકતું નથી. જે કાર્ય કરવું હોય તે કાર્ય કરવાની શક્તિ કાર્ય કરનાર કર્તામાં હોવી જોઇએ જ. આવાં કરોડો બ્રહ્માંડ રચવાની,

ટકાવવાની અને તેમનો ભંગ કરવાની શક્તિ ભગવાનમાં હોવી જ જોઇએ. કોઇ કાર્ય એવું નથી જે ભગવાન કરી શકે નહિ. તેથી ભગવાન સર્વશક્તિમાન છે.

ભગવાન આ કરોડો બ્રહ્માંડરૂપ પ્રપંચના કર્તા છે એટલું જ નહિ, પણ તેનું સમવાયિ કારણ પણ ભગવાન જ છે. અમુક વસ્તુનું જે કાર્ય થાય તે કાર્યનું તે વસ્તુ 'સમવાયિકારણ' કહેવાય છે, જેમકે માટીનો ઘડો થાય તેથી ઘડાનું સમવાયિકારણ માટી છે. તંતુઓનું કપડું વણાય છે, તેથી કપડાનું 'સમવાયિકારણ' તંતુઓ છે. તેવી રીતે ભગવાન પણ આ સર્વ પ્રપંચનું સમવાયિકારણ છે. ભગવાન પોતે જ આ સર્વ જગત્ બનેલા છે. માટી વિના કુંભાર ઘડો કરી શકે નહિ, પણ ભગવાન તો આ સર્વ બ્રહ્માંડો પોતામાંથી જ રચે છે, કોઇ પણ ચીજની અપેક્ષા રાખતા નથી. કેવી ભગવાનની શક્તિ ?

ઘડાનું સમવાયિકારણ માટી, માટી ઘડો નથી, પણ માટીમાં કેટલાક 'વિકાર' એટલે ફેરફાર કુંભાર કરે છે ત્યારે ઘડો થાય છે. સમવાયિકારણમાં કેટલાક વિકાર થાય ત્યારે કાર્ય થાય છે, પણ ભગવાન જગતનું સમવાયિકારણ હોવા છતાં ભગવાન જગદ્રૂપ થતા હોવા છતાં, ભગવાનમાં કોઇ વિકાર પણ થતા નથી. જગતનું સમવાયિકારણ હોવા છતાં ભગવાન અવિકારી એટલે વિકારરહિત જ છે. ભગવાનની શક્તિ અનંત છે.

જગતમાં સમવાયિકારણમાં વિકાર થાય ત્યારે જ કાર્ય થાય છે, છતાં ભગવાન અવિકારી રહી જગદ્રૂપ થાય છે એમ કેમ જણાય ? વળી આવાં કરોડો બ્રહ્માંડો કરવાની શક્તિવાળો અથવા જ્ઞાનવાળો કોઇ જગતમાં જણાતો નથી, છતાં ભગવાન આ સર્વ પ્રપંચના કર્તા છે એમ કેમ જણાય ?

શાસ્ત્રમાં ભગવાનને સર્વ જગતના કર્તા, સર્વજ્ઞ, સર્વશક્તિમાન કહેલા છે, અને જગતના સમવાયિકારણ પણ કહેલા છે. વેદાંતમાં બ્રહ્મને જગતનું કર્તૃ, સર્વજ્ઞ, સર્વશક્તિમત્ તથા જગતનું સમવાયિકારણ કહેલ છે. વેદ પ્રમાણ છે. વેદમાં જે વસ્તુ જેવી છે તેવું જ તેનું નિરુપણ છે. વેદ પરમ આપ્ત છે, અક્ષરમાત્ર પણ અસત્ય વેદમાં નથી. તેથી વેદાંતમાં જેવું જગતનું કર્તૃ, સર્વજ્ઞ, સર્વશક્તિમત્, જગતનું સમવાયિકારણ બ્રહ્મ વર્ણવ્યું છે તેવું જ તે છે *(* બ્રહ્મસૂત્ર ૧-૨ ઉપર અણુભાષ્ય). વેદાંતમાં જેને બ્રહ્મ કહેલ છે, તેને જ સ્મૃતિમાં 'પરમાત્મા' અને

શ્રીમદ્ભાગવતમાં ભગવાન કહેલ છે. તેથી ભગવાન જગતના કર્તા, સર્વજ્ઞ, સર્વશક્તિમાન છે. જગતના સમવાયિકારણ હોવા છતાં અવિકારી છે.

## પાઠ - ૩ ભગવાન

ભગવાન સચ્ચિદાનંદરૂપ છે. આ પ્રપંચમાં જડ, જીવ અને અન્તર્યામીઓ છે. તેમાં જડોમાં ભગવાનનો 'સત્' અંશ પ્રધાન છે. જીવોમાં ભગવાનનો 'ચિત્' અંશ પ્રધાન છે, અને અન્તર્યામીઓમાં ભગવાનનો 'આનંદ' અંશપ્રધાન છે. ભગવાન વ્યાપક પણ છે. વ્યાપક એટલે સર્વત્ર વિદ્યમાન. કોઇ સ્થલ એવું નથી કે જ્યાં ભગવાન ન હોય. ભગવાન અવ્યય છે, અવિનાશી છે. ભગવાન અવિકારી, સર્વશક્તિમાન અને સર્વજ્ઞ છે એમ પાઠ ૨ માં આપણે જોયું છે.

ભગવાન સ્વતંત્ર પણ છે, જેનામાં અનંતશક્તિ અને નિરવધિ જ્ઞાન હોય તે સ્વતંત્ર હોવા જ જોઇએ. તેથી જ ભગવાન સર્વને વશ રાખનાર, સર્વના ઇશ અથવા શાસ્તા છે. વળી ભગવાન સર્વ પ્રાકૃત ગુણ રહિત છે. ભગવાનમાં કોઇ પ્રાકૃત ગુણ નથી. વળી ભગવાન સજાતીય, વિજાતીય તથા સ્વગત ભેદથી રહિત છે. સજાતીય એટલે જીવ, વિજાતીય એટલે જડ અને સ્વગત એટલે આનંદાંશપ્રધાન અન્તર્યામીઓ. જડ, જીવ, અન્તર્યામી વિગેરેથી દેખાતા ભેદો ભગવાનમાં નથી, કારણ કે જડ, જીવ અને અન્તર્યામી ત્રણેમાં ભગવાન અનુસ્યૂત છે. ભગવાન પોતે જ એ ત્રણે થયા છે. તેથી સજાતીય, વિજાતીય અથવા સ્વગતના, એટલે જીવ, જડ તથા અન્તર્યામીઓના ભેદ ભગવાનમાં નથી. *(* તત્ત્વદીપનિબંધ ૧-૬૭.)

ભગવાન સર્વ પ્રાકૃત ગુણથી રહિત છે એમ કહ્યું. ભગવાનમાં પ્રાકૃત ગુણ કોઇ નથી; પરંતુ ભગવાનમાં સર્વ અપ્રાકૃત ગુણો છે. સત્ય, શૌચ, દયા, ક્ષાન્તિ, ભક્તવત્સલત્વ વિગેરે અપ્રાકૃત ગુણોનું ધામ ભગવાનજ છે. આ સર્વ અપ્રાકૃત ગુણો ભગવાનમાં સદા રહેલા છે. સૃષ્ટિના સમયમાં તેમજ પ્રલયના સમયમાં પણ ભગવાનમાં સર્વ અપ્રાકૃત ગુણો રહેલા છે.

ભગવાન સર્વના આધાર છે. ભગવાન માયાને આધીન નથી, પણ માયા ભગવાનને વશ છે. માયા ભગવાનની શક્તિ છે. શક્તિ અને શક્તિવાળો એક જ હોવાથી દ્વૈત પણ થતું નથી. ભગવાન આનંદાકાર છે અને ઉત્તમ છે. અક્ષરબ્રહ્મથી  પણ ભગવાન ઉત્તમ છે. પ્રપંચના પદાર્થો જડ વિગેરેના જડત્વ વિગેરે ધર્મો ભગવાનમાં નથી. કારણ (ભગવાન)ના જ ધર્મો કાર્યમાં આવે, પરંતુ કાર્યમાં એ ધર્મો આવતાં તેઓની અન્યથા પ્રતીતિ થાય છે. તેથી કાર્ય પ્રપંચમાં જે ધર્મોની (જડત્વ વિગેરેની) પ્રતીતિ થાય છે તે ધર્મો કારણ ભગવાનમાં નથી. *(*તત્ત્વદીપનિબંધ ૧-૬૮)

ભગવાન પ્રપંચના કર્તા તેમજ પ્રપંચનું સમવાયિકારણ અને નિમિત્ત કારણ છે એમ પાઠ ૨ માં આપણે જોયું. જ્યારે ભગવાનની ઇચ્છા પ્રપંચમાં રમણ કરવાની થાય છે ત્યારે પ્રપંચને વિસ્તારે છે અને જ્યારે તેમની ઇચ્છા પોતામાં જ રમણ કરવાની ધાય છે ત્યારે પ્રપંચનો ઉપસંહાર કરે છે. ભગવાન ક્યારેક પોતામાં જ રમણ કરે છે, ક્યારેક પ્રપંચમાં રમણ કરે છે. જ્યારે ભગવાન પોતામાં જ રમણ કરે છે ત્યારે પ્રપંચ ભગવાનમાં લીન થઇ જાય છે, અને જ્યારે ભગવાનની ઈચ્છા પ્રપંચમાં રમણ કરવાની થાય છે ત્યારે પ્રપંચ પ્રકટ થાય છે. *(*તત્ત્વદીપનિબંધ ૧-૬૯)

જ્યાં, જેનાથી, જેમાંથી, જેનું, જેને માટે, જે જે, જ્યારે, જેવી રીતે, થાય છે તે સાક્ષાત્ પ્રકૃતિપુરુષેશ્વર ભગવાન જ છે. સર્વ વિભક્તિઓનો અર્થ ભગવાન જ છે, તેમજ સર્વ પ્રકારનો અર્થ પણ ભગવાન જ છે. પ્રકૃતિ, પુરૂષ અને કાલ પણ ભગવાન જ છે. તેથી કાર્ય, કારણ, આધાર સર્વ ભગવાન જ છે. ભગવાન વિના બીજું કંઇ નથીજ.*(* તત્ત્વદીપનિબંધ ૧-૭૦.)

સર્વ પદાર્થ સર્વ કાર્યોમાં ભગવાન પોતે રહેલા છે, અને સર્વ પદાર્થ, સર્વ કાર્યને પોતાની અંદર રાખે છે. આ પ્રમાણે સર્વ પદાર્થ પોતામાં રહેવા છતાં, અને પોતે સર્વ પદાર્થમાં રહેલા હોવા છતાં, ભગવાનને કોઇનો સ્પર્શ નથી. સર્વ પદાર્થ જડ જીવ વિગેરેને ભગવાન શરીર માને છે. સર્વ ભગવાનનું જ્ઞાન કરાવે છે, પણ કોઇને ભગવાનનો સ્પર્શ નથી. શરીર (જડ, જીવ વિગેરે) ને પણ ભગવાનનું જ્ઞાન

નથી. ભગવાન શરીરમાં કેવી રીતે પ્રવેશ કરી પ્રકાશે છે તેનું જ્ઞાન શરીર (જડ તથા જીવ)ને પણ નથી.*(* તત્ત્વદીપનિબંધ ૧-૭૧)

## પાઠ ૪ ભગવાન

ભગવાન અથવા બ્રહ્મ જગતનું સમવાયિકારણ હોવા છતાં અવિકૃત છે એમ આપણે આગળ જોયું. સમવાયિકારણમાં વિકાર થાય ત્યારે જ કાર્ય થાય; તેથી સમવાયિકારણ અવિકૃત હોઇ શકે નહિ, છતાં બ્રહ્મ સમવાયિકારણ હોવા છતાં અવિકૃત છે. આ ઉભય પરસ્પર વિરુધ્ધ ધર્મ બ્રહ્મમાં છે. બ્રહ્મમાં આ બે જ પરસ્પર વિરૂધ્ધ ધર્મ છે એમ પણ નથી, પરન્તુ બ્રહ્મ સર્વ પરસ્પર વિરૂધ્ધ ધર્મોનો આશ્રય છે. વેદમાં બ્રહ્મને પરસ્પર વિરૂધ્ધ ધર્મવાળું જ વર્ણવેલું છે. બ્રહ્મ અનન્તમૂર્તિ હોવા છતાં વ્યાપક અને એક જ છે. અનેકમૂર્તિ હોવાથી અનેક હોવા છતાં એક જ છે. 'ભગવાનનું સ્મરણ કરવું, મનન કરવું' એવો વેદમાં બોધ છે, છતાં 'જ્યાંથી વાણી મન સાથે પહોંચ્યા વિના પાછી ફરે છે' એવું તે ભગવાનનું વર્ણન કરે છે. આ ઉભય પરસ્પર વિરુધ્ધ ધર્મ છે, કારણ કે જ્યાં મન અને વાણી પહોંચતા નથી તેનું સ્મરણ અને મનન કેવી રીતે થાય ? વળી 'હાથ વિનાના ગ્રહણ કરનાર, પાદ વિનાના ઝડપથી જનાર, ચક્ષુ વિનાના દેખનાર, કર્ણ વિનાના સાંભળનાર' એવું ભગવાનનું વેદમાં વર્ણન છે. 'સર્વત્ર પાણિ અને પાદવાળું' એમ પરસ્પર વિરૂધ્ધ ધર્મવાળા ભગવાનને વર્ણવેલા છે. તેથી ભગવાન સવિશેષ અને નિર્વિશેષ ઉભય છે. ભગવાન સવિશેષ અને નિર્વિશેષ ઉભય હોવામાં કાંઇ વિરોધ નથી, કારણ કે જે વાક્યોમાં ભગવાનનું નિર્વિશેષ તરીકે વર્ણન કરેલું છે, એટલે ભગવાનમાં વિશેષ નથી, ભગવાનમાં ગુણ નથી એવું જણાવેલું છે, તે વાક્યો ભગવાનમાં પ્રાકૃત ગુણોનો જ નિષેધ કરે છે. ભગવાનમાં કોઇ પણ પ્રાકૃત અથવા લૌકિક ગુણ નથી એવો જ તે વાક્યો બોધ કરે છે. તેથી ભગવાનમાં જડના અથવા જીવના પ્રાકૃત ધર્મો નથી, પરંતુ અલૌકિક અપ્રાકૃત ધર્મ ભગવાનમાં છે જ. જગત્કર્તૃત્વ, સર્વજ્ઞત્વ, સર્વશક્તિમત્ત્વ ઇત્યાદિ સર્વ અપ્રાકૃત ગુણો ભગવાનમાં છે જ.*(* વિદ્વન્મંડન. બ્રહ્મસૂત્ર ૩-૨-૨૨)

શ્રુતિમાં બ્રહ્મને નિર્ગુણ અને અનંત ગુણવાળું એ ઉભય રીતે એટલે સર્વ વિરૂદ્ધ ધર્મના આશ્રયરુપે વર્ણવેલું છે, તેથી બ્રહ્મને વિરુદ્ધ સર્વ ધર્મનું આશ્રય જ જાણવું. આ ઉભય પ્રકારનું વર્ણન વાસ્તવિક જ છે. તેથી બ્રહ્મ નિર્ગુણ પણ છે અને સગુણ પણ છે. બ્રહ્મના સર્વ ગુણો પણ બ્રહ્મરુપ જ હોવાથી બ્રહ્મ નિર્ગુણ જ છે. વળી આ ગુણોનો આશ્રય બ્રહ્મ છે. ગુણો બ્રહ્મનો આશ્રય કરી રહેલા છે. તેથી બ્રહ્મ અને ગુણનો આશ્રયાશ્રયિભાવ હોવાથી બ્રહ્મ સગુણ અથવા સવિશેષ પણ છે. જેમ પ્રકાશ અને તેનો આશ્રય સૂર્ય જુદા નથી, કારણ કે સૂર્ય વિના પ્રકાશની સ્થિતિ જ નથી, સૂર્ય થી પ્રકાશ છુટો પડી શકતો જ નથી, પણ તેના આધારથી જ રહેલ છે. છતાં પ્રકાશ સૂર્ય પણ નથી કારણ કે સૂર્યથી તે જુદો છે, અને જુદો દેખાય છે. તેવી જ રીતે બ્રહ્મના ગુણો બ્રહ્મથી ભિન્ન નથી તેમ અભિન્ન પણ નથી. તેથી બ્રહ્મ નિર્ગુણ તેમજ સવિશેષ પણ છે.

## પાઠ ૫ ભગવાન .

**यज्ञरूपो हरिः पूर्वकांडे ब्रह्मतनुःपरे ।**
**अवतारी हरिः कृष्णः श्रीभागवत ईर्यते ॥**

**તત્ત્વદીપ ૧-૧૨**

ભગવાન શ્રીકૃષ્ણ જ છે. શ્રીકૃષ્ણ જ પરબ્રહ્મ છે. પાછલા પાઠોમાં ભગવાન વિષે જે કહ્યું છે તે સર્વ શ્રીકૃષ્ણમાં જ ઘટે છે. ભગવાનનું વેદના પૂર્વકાંડમાં યજ્ઞરુપથી વર્ણન કરેલું છે. ભગવાન સર્વજ્ઞ છે અને સર્વશક્તિમાન છે એમ આવી ગયું છે. તેથી ભગવાનમાં જ્ઞાન અને ક્રિયા ઉભય છે. ક્રિયારુપ ભગવાનનું વર્ણન વેદના ઉત્તરકાંડમાં છે. ક્રિયા અને જ્ઞાન ઉભય પ્રકટ હોય તેવા પ્રભુ શ્રીકૃષ્ણનું નિરુપણ શ્રીમદ્ભાગવતમાં છે. તેથી વેદમાં ભગવાનનું જુદા જુદા ભાગથી નિરુપણ કરેલું છે, પરંતુ શ્રીમદ્ભાગવતમાં ક્રિયા અને જ્ઞાન ઉભય જેમાં રહેલાં છે તેવા ભગવાન શ્રીકૃષ્ણનું નિરુપણ કરેલું છે, અને ભગવાનની અનેક પ્રકારની લીલાઓનું વર્ણન કરેલું છે.

'कृष्णोब्रह्मैव शाश्वतम्' (કૃષ્ણોપનિષત્) શ્રીકૃષ્ણ શાશ્વત બ્રહ્મ છે. શ્રીકૃષ્ણ જ પરબ્રહ્મ છે. શ્રીમદ્ભગવદ્ગીતામાં પણ શ્રીકૃષ્ણનું પુરૂષોત્તમત્વ સુપ્રસિધ્ધ જ છે. ત્યાં ભગવાન પોતે અર્જુનને કહે છે કે હું ક્ષરથી અતીત છું, તેમજ અક્ષરથી પણ ઉત્તમ છું, તેથી લોક અને વેદમાં પુરૂષોત્તમ તરીકે પ્રસિધ્ધ છું' (શ્રીમધ્ધગવતગીતા ૧૫-૧૮) શ્રીમદ્ભાગવતમાં પણ*૧૦-૯+૧૦-૮ દામોદરલીલા,+મૃત્સ્નાભક્ષણલીલા વિગેરે સ્થલોએ શ્રીકૃષ્ણનું પરબ્રહ્મત્વ સ્પષ્ટ જ છે.

પરબ્રહ્મ શ્રીકૃષ્ણ જ છે. યશોદાજીના ઉત્સંગમાં લાલન જેમનું થયેલ છે તે શ્રીકૃષ્ણ જ પરબ્રહ્મ છે.

ભગવાન અથવા બ્રહ્મના જે જે ગુણોનું પાછલા પાઠોમાં વર્ણન કર્યું તે સર્વ શ્રીકૃષ્ણમાં ઘટે છે. શ્રીકૃષ્ણ આ જગતના કર્તા છે, આ જગતને ધારણ કરે છે અને જગતનો લય પણ તેમનામાં જ થાય છે. (શ્રીમદ્ભગવદ્ ગીતા ૯-૧૭, ૧૮, ૭ ૬) શ્રીકૃષ્ણ સર્વજ્ઞ છે. (ગીતા ૭-૨, ૭-૨૬.) શ્રીકૃષ્ણ સર્વશક્તિમાન પણ છે. (ગીતા. ૯-૪, ૭-૧૦)

શ્રીકૃષ્ણ પુરુષોત્તમ છે. તેમનાં ત્રણ સ્વરૂપ છે. ૧. આધિભૌતિક, ૨. આધ્યાત્મિક, ૩. આધિદૈવિક. આધિભૌતિક સ્વરુપ લક્ષ્મીપતિ નારાયણ છે. આ ક્ષર છે. આધ્યાત્મિક સ્વરુપ અક્ષર બ્રહ્મ છે. આધિદૈવિક સ્વરુપ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણચંદ્ર*(*ભગવત્પીઠિકા) છે. આધ્યાત્મિક સ્વરુપ અક્ષરબ્રહ્મ છે. તે બૃહત્ પણ કહેવાય છે. તે સચ્ચિદાનંદરુપ છે.*(* સિધ્ધાન્તમુક્તાવલી) તેમાંથી ચિત અને આનંદ અંશો તિરોહિત થતાં સદંશમાંથી જડની ઉત્પત્તિ થાય છે. આનંદાંશ તિરોહિત થતાં સત્ અને ચિદંશમાંથી જીવો થાય છે. અંતર્યામીઓમાં આનંદાંશ પ્રધાન હોય છે. આ પ્રમાણે અક્ષર અથવા બૃહત્ સર્વ જગદ્રૂપ થાય છે, છતાં તે ગણિતાનંદરૂપ છે. પૂર્ણાનંદ પુરૂષોત્તમ માત્ર શ્રીકૃષ્ણ જ છે.

**प्राकृताः सकला देवा गणितानंदकं बृहत् ।**
**पूर्णानंदो हरिस्तस्मात्कृष्ण एव गतिर्मम ॥**

સર્વ દેવો છે. પ્રાકૃત બૃહત્ અથવા અક્ષર ગણિતાનંદ છે. અક્ષરમાં અમુક આનંદ છે, અનંત અથવા પૂર્ણ આનંદ નથી. પૂર્ણાનંદ માત્ર હરિ શ્રીકૃષ્ણમાં જ છે. શ્રીકૃષ્ણ જ પૂર્ણ *(*શ્રીકૃષ્ણાશ્રય ૮) પુરૂષોત્તમ છે.

શ્રીકૃષ્ણ પરબ્રહ્મ પુરુષોત્તમ છે એમ મૃત્સ્નાભક્ષણ ઉપરથી સિદ્ધ થાય છે. શ્રીકૃષ્ણે માટી ખાધી એવી ફરીયાદ બલદેવ વિગેરે બાલકોએ યશોદાજીને કરી, યશોદાજીએ તેમને 'માટી કેમ ખાધી' એમ પૂછ્યું. શ્રીકૃષ્ણે ઉત્તર આપ્યો કે માટી ખાધી નથી. તેથી માટી ખાધી છે કે નહિ તે તપાસવા તેમનું મુખ જોયું. શ્રીકૃષ્ણના મુખમાં યશોદાજીએ આખું જગત્, આકાશ, દિશાઓ, પર્વત, દ્વીપ, વાયુ, અગ્નિ, ચંદ્ર, તારાઓ, ભૂગોલ, જ્યોતિશ્ચક્ર, જલ, તેજ વિગેરે સર્વ જોયું. શ્રીકૃષ્ણ પરિચ્છિન્ન સામાન્ય બાલ હોય તો તેમના મુખમાં આ બધું હોઇ શકે જ નહિ. સામાન્ય બાલ દેખાતા શ્રીકૃષ્ણ અપરિચ્છિન્ન, સર્વવ્યાપી, સર્વના આધારભૂત પરબ્રહ્મ છે એમ આ પ્રસંગથી સ્પષ્ટ સિદ્ધ થાય છે. આ સર્વ શ્રીકૃષ્ણના મુખમાં જોવામાં આવવાથી યશોદાજીને શ્રીકૃષ્ણ પુરૂષોત્તમ છે એ તત્ત્વ સમજાયું, પરંતુ ભગવાને પુત્રસ્નેહમયી માયા વિસ્તારી. તેથી 'ત્રણે વેદો, ઉપનિષદો, સાંખ્ય, યોગ, અને ભાગવતશાસ્ત્રો જે હરિના માહાત્મ્યનું ગાન કર્યા કરે છે તેમને તેણે પુત્ર માન્યા. *(*શ્રીમદ્ભાગવત ૧૦-૫-૪૫.)

પુનઃ શ્રીકૃષ્ણ પરબ્રહ્મ છે એમ દામોદરલીલામાં સ્પષ્ટ છે. શ્રીકૃષ્ણે માખણ વલોવવાનું પાત્ર તોડી નાખ્યું અને માખણ વાનરોને આપવા માંડ્યું, ત્યારે યશોદાએ તેમને પકડ્યા અને દામડાથી બાંધવા માંડ્યા. એક દામડું બાંધ્યું તો બે આંગળ ઘટ્યું. તેથી તેની સાથે બીજું સાંધ્યું તો પણ ઘટ્યું. ત્રીજું સાંધ્યું તો પણ ઘટ્યું. એમ ઘરના બધાં દામડાં સાંધ્યાં તો પણ ઘટ્યાં. પણ માતાનો પરિશ્રમ જોઇ પ્રભુ કૃપા કરી બંધાયા. અહિં પણ પ્રભુનું અપરિચ્છિન્નત્વ સ્પષ્ટ જ છે. તેથી શ્રીકૃષ્ણ પરબ્રહ્મ પુરૂષોત્તમ છે.

## પાઠ ૬. સૃષ્ટિપ્રકાર.

શ્રીકૃષ્ણ પુરૂષોત્તમ છે, અક્ષર અથવા બૃહત્ તેમનું આધ્યાત્મિક સ્વરૂપ છે. અક્ષર પુરૂષોત્તમનું ધામ પણ કહેવાય છે. જ્યારે પુરૂષોત્તમની ઇચ્છા સૃષ્ટિ ઉત્પન્ન કરવાની થાય છે ત્યારે જેમ રવિ અને કાશ્મીરના યોગથી અગ્નિ ઉત્પન્ન થાય છે તેમ અક્ષરમાંથી કાલ પૃથક થાય છે. કાલમાંથી પ્રકૃતિ અને પુરૂષ ઉત્પન્ન થાય છે. પ્રકૃતિમાંથી ગુણાત્મક નારાયણ પ્રકટ થાય છે. તે લક્ષ્મીપતિ છે. નારાયણના મનમાંથી વિષ્ણુ પ્રકટ થાય છે, તેમના લલાટમાંથી રુદ્રપ્રકટ થાય છે અને તેમની નાભિમાંથી કમલ નીકળે છે, તેમાંથી બ્રહ્મા પ્રકટ થાય છે. બ્રહ્મા સૃષ્ટિ રચે છે. *(* ભગવત્પીઠિકા)

સૃષ્ટિના અનેક પ્રકાર શાસ્ત્રમાં કહેલા છે. પ્રભુ જ્યારે પોતાને જેવા પ્રકારથી સૃષ્ટિ રચવાની ઇચ્છા થાય ત્યારે તેવા પ્રકારે સૃષ્ટિ રચે છે.

બ્રહ્મ આકાશ પેઠે વ્યાપક એટલે સર્વ સ્થલે રહેલું છે. તેના પાણિ, પાદ વિગેરે સર્વત્ર છે. તેને સર્વત્ર અક્ષિ, શિર, મુખ તથા કર્મ છે. બ્રહ્મ અનંતમૂર્તિ છે, છતાં તેના વિભાગ નથી. પરંતુ પોતાની ઇચ્છા પ્રમાણે અમુક સ્થલમાં પ્રકટ થાય છે, એટલે વિભાગ જણાય છે. જ્યારે તેની ઇચ્છા 'હું બહુ થાઉં' એવી થાય છે ત્યારે તેની એવી ઇચ્છાથી જ તેમાંથી ચિદંશ જેમાં પ્રધાન છે તેવા ચેતન અથવા જીવો અનંત નીસરે છે. આ બ્રહ્મભૂત જ છે, બ્રહ્મનાજ અંશ છે. યોગબલથી તેમનો આવિર્ભાવ થતો નથી, પરંતુ બ્રહ્મના જ અંશ બ્રહ્મમાંથી નીકળે છે. જેમ અગ્નિમાંથી તણખા નીકળે છે તેમ બ્રહ્મમાંથી જીવો નીકળે છે. બ્રહ્મના 'ચિત્' અંશમાંથી જીવો નીકળે છે. 'સત્' અંશમાંથી જેમાં 'સત્' પ્રધાન છે તેવા જડ નીકળે છે, અને 'આનંદ' અંશમાંથી જેમાં 'આનંદ' અંશનું પ્રાધાન્ય છે તેવા અંતર્યામીઓ નીકળે છે. જેમ જુદા જુદા જીવો નીકળે છે તેમજ જુદા જુદા અંતર્યામીઓ પણ નીકળે છે અને દરેક હૃદયમાં એક જીવ અને અંતર્યામી એમ બંને હંસરૂપથી પ્રવેશ કરે છે. તત્ત્વદીપ ૧. ૨૯-૩૩,

કોઇ વાર એ પ્રમાણે સૃષ્ટિ ન રચતાં ભગવાન સાક્ષાત્ પોતે સર્વ રચે છે. કોઇ વાર પુરૂષ દ્વારા સૃષ્ટિ રચે છે. આવી રચના પુરાણોમાં પ્રસિધ્ધ છે. અહિ

પુરૂષ માત્ર દ્વાર જ છે. પંચરાત્રમાં વર્ણવ્યું છે તેમ કોઇ વાર ચતુર્મૂર્તિ પ્રકારથી પ્રભુ સૃષ્ટિ રચે છે, કોઇ વાર સર્વ પોતે જ થાય છે. જ્યારે પ્રભુ પોતે જ સર્વરૂપ થાય છે ત્યારે આનંદાંશ તિરોહિત થતો નથી. કોઇ વાર જાદુ પેઠે પ્રભુ સર્વ માયાથી રચે છે. આવી સૃષ્ટિ માત્ર રચે છે. તે સૃષ્ટિમાં પ્રભુ પોતે પ્રવેશ કરતા નથી. આ સૃષ્ટિમાં કોઇ પુરુષાર્થ હોતો નથી. તે સૃષ્ટિમાં જ્ઞાન વિગેરે કહેવાના જ હોય છે, પણ તેમનાથી કાંઇ ફલ સિધ્ધ થતું નથી. કોઇ વાર પ્રભુ આકાશ રચે છે, આકાશમાંથી વાયુ, વાયુમાંથી તેજ, તેજમાંથી જલ, જલમાંથી પૃથ્વી એવી રીતે સૃષ્ટિ રચે છે. આ સૃષ્ટિપ્રકાર વેદમાં વર્ણવેલો છે. *(*જુઓ બ્રહ્મસૂત્ર અધ્યાય ૨. પાદ ૩) આ સૃષ્ટિમાં પણ જીવ તથા અન્તર્યામીઓ ઉપર વર્ણવ્યું તે જ પ્રમાણે થાય છે, પણ ઉપર વર્ણવ્યું તે પ્રકારમાં જીવ અને અન્તર્યામી જ જગતમાં પ્રવેશ કરે છે, અને આ પ્રકારમાં જગતમાં પ્રભુ પ્રવેશ કર્યા પછી જીવ તથા અન્તર્યામી થાય છે અને ક્રીડા કરે છે.

એવી રીતે અનેક પ્રકારે પ્રભુ સૃષ્ટિ રચે છે. પ્રભુની શક્તિઓ અનંત છે અને તે આપણાથી કલ્પી પણ ન શકાય તેવી છે, એવી અચિન્ત્ય અને અનંતશક્તિવાળા પ્રભુ અનેક રીતે સૃષ્ટિ ઉત્પન્ન કરે તે સર્વ યોગ્ય જ છે. તેથી જ શ્રુતિમાં પણ સૃષ્ટિના અનેક જુદા જુદા પ્રકાર વર્ણવેલા છે*(તત્ત્વદીપ ૧-૪૦ થી ૪૩આ સર્વ જૂદા જૂદા પ્રકારોથી પ્રભુનું માહાત્મ્ય સિધ્ધ થાય છે. વેદમાં એવી રીતે સર્વત્ર પ્રભુના માહાત્મ્યનું વર્ણન છે. પોતાની ઇચ્છાનુસાર અનેક રીતે સૃષ્ટિ રચવી એ માહાત્મ્ય અગાધ છે. પ્રભુની શક્તિઓ અનંત અને અચિન્ત્ય છે એમ આ સૃષ્ટિના જુદા જુદા ભેદથી પણ સિધ્ધ થાય છે.

## પાઠ ૭. જીવ.

ભગવાનની અનંત અચિન્ત્ય શક્તિઓ છે. પોતાની ઇચ્છામાં આવે ત્યારે તેવી રીતે જગત્ રચે છે, પરંતુ તેમાં આપણે શું? આપણે સામાન્ય જીવો છીએ. આપણે ઇશ્વર સાથે શો સંબંધ છે ? આપણો જો ઇશ્વર અથવા ભગવાન સાથે કાંઇ પણ સંબંધ ન હોય તો ભગવાન કેવા શક્તિવાળા અથવા જ્ઞાનવાળા ને શું શું કરી શકે છે વિગેરે સંબંધી તપાસ કરવાની આપણે શી જરૂર ?

જીવને ભગવાન સાથે ઘણો નિકટ સંબંધ છે. જીવ ભગવાનનો અંશ જ છે. જીવ ભગવાનનો અંશ જ હોવાથી ભગવાન જેમ નિત્ય છે તેમ જીવ પણ નિત્ય જ છે. ભગવાનની જેમ ઉત્પત્તિ નથી, તેમ જીવની પણ ઉત્પત્તિ નથી. જેમ અંશ અને અંશિમાં ભેદ નથી તેમ જીવ અને ભગવાનમાં ભેદ નથી. જીવ અને ભગવાનનો સંબંધ શ્રુતિમાં અગ્નિ અને વિસ્ફુલ્લિંગ (તણખા) ના દૃષ્ટાન્તથી દર્શાવ્યો છે. જેમ અગ્નિમાંથી તણખા નીકળે છે તેમ બ્રહ્મમાંથી જીવો નીકળે છે. આ દૃષ્ટાન્તથી એમ દર્શાવ્યું છે કે (૧) જીવ બ્રહ્મનો અંશ છે. (૨) અંશ જીવ અંશિ બ્રહ્મમાંથી છુટો પડે છે. (૩) અંશ જીવ અણુ છે. (૪) અંશિ બ્રહ્મ અંશ જીવથી મહત્ છે. (૫) અંશ જીવ અંશિ બ્રહ્મમાં પુનઃ પ્રવેશ કરવા યોગ્ય છે. (૬) અંશ જીવનો અંશિ બ્રહ્મમાં પુનઃ પ્રવેશ થતાં તેનો બ્રહ્મ સાથે અભેદ છે. (૭) અંશ જીવનો અંશિ બ્રહ્મમાં પુનઃ પ્રવેશ થયા પછી પણ તે પુનઃ અંશિ બ્રહ્મમાંથી નિર્ગમન કરવા (છૂટો પડવા) યોગ્ય છે. આ સાતે ધર્મ અગ્નિ અને તણખાનો સંબંધ દર્શાવે છે, તે જ બ્રહ્મ અને જીવનો સંબંધ દર્શાવે છે. તેથી બ્રહ્મ અને જીવના સંબંધનો સહેલાઇથી બોધ થાય તે માટે શ્રુતિમાં આ દૃષ્ટાંત આપેલું છે.*(*વિદ્વન્મંડન)

જીવ નિત્ય છે. 'દેવદત્ત જન્મ્યો' વિગેરે કહેવાય છે તે દેહની ઉત્પત્તિ વિષે કહેવાય છે. અગ્નિમાંથી જેમ તણખા નીકળે છે તેમ બ્રહ્મમાંથી જીવનું વ્યુચ્ચરણ થાય છે તે ઉત્પત્તિ નથી.

જીવ જ્ઞાતા છે, ચૈતન્યરૂપ છે. જ્ઞાન જીવનો ગુણ છે. જડને જ્ઞાન હોતું નથી, જીવને જ્ઞાન હોય છે. જીવ અણુ છે. અણુ એટલે નાનામાં નાનું કદ. જેનો વિભાગ થઇ શકે નહિ તેવું કદ તે અણુ. મધ્યમ કદવાળા પદાર્થનો વિભાગ થઈ શકે. જેનો વિભાગ થતો હોય તે નિત્ય હોઇ શકે નહિ, કારણ કે તેનો વિભાગ કરીએ એટલે તેનો ધ્વંસ થયો. જીવ અણુ છે. જીવ અણુ હોવા છતાં તેનો ચૈતન્યગુણ સર્વ શરીરમાં વ્યાપી રહે છે. જેમ શરીરમાં એક જ સ્થલે (કપાલમાં) ચંદન લગાડેલું હોય તો પણ આખા શરીરમાં તેનો શીતલપણાનો ગુણ જણાય છે તેમ જીવ અણુ હોઇ, માત્ર હૃદયમાં જ રહેલો હોવા છતાં તેનો ચૈતન્ય ગુણ આખા શરીરમાં પ્રસરેલો રહે છે. જેમ મણિ એક સ્થલે હોવા છતાં તેનો પ્રકાશ અધિક દેશમાં પ્રસરે છે, જેમ ચંપક પુષ્પ એક સ્થલે રહેલું હોવા છતાં તેની ગંધ દૂર પ્રદેશોમાં પ્રસરી રહે છે, તેમ જીવ અણુ હોઇ માત્ર હૃદયમાં રહેલો હોવા છતાં તેનો ચૈતન્ય ગુણ આખા શરીરમાં પ્રસરેલો હોય છે.

કોઇ કોઇ સ્થલે વેદમાં જીવનું બ્રહ્મ તરીકે વર્ણન કરેલું છે. તેનું કારણ એ છે કે બ્રહ્મના પ્રજ્ઞત્ત, દ્રષ્ટૃત્વ વિગેરે ગુણો જીવમાં રહેલા છે, અને તે ગુણો જ જીવના સારભૂત છે એટલે જીવને જડથી જુદો પાડનાર છે. તેથી લોકમાં અમાત્યને કોઈવાર ‘રાજા’ કહી બોલાવે છે તે પ્રમાણે જીવને બ્રહ્મ કહેલો છે, પરંતુ વસ્તુતઃ જીવ બ્રહ્મ નથી.

જીવ કર્મ કરે છે. જીવ કર્તા છે. વેદમાં અભ્યુદય અથવા નિઃશ્રેયસ ફલ સાધક કર્મ કરવાનો બોધ છે તે જીવને જ ઉદ્દેશી કરેલો છે, કારણ કે બ્રહ્મને એવા કર્મ કરવાની જરૂર નથી. જડથી કર્મ થઇ શકતાં જ નથી. તેથી જીવ જ કર્મ કરનાર છે. બુધ્દ્વિ તથા ઇંદ્રિયો પણ કર્મ કરતાં નથી, પરંતુ તે કર્મ કરવાનાં સાધન છે. જીવ બુધ્દ્વિ અને ઇંદ્રિયોરૂપી સાધનથી કર્મ કરે છે. કર્મ કરવામાં બુધ્દ્વિ વિગેરે ‘કરણ’ એટલે સાધન છે. કર્મ કરનાર જીવ છે. કર્મ કરનાર જીવ હોય તો જીવ અનિષ્ટ કર્મ ન જ કરે એવું માનવું નહિ, કારણ કે જેમ ચક્ષુ ઇષ્ટ અને અનિષ્ટ ઉભય જૂએ છે તેમ ઇંદ્રિયોથી જીવ શુભ અને અશુભ કર્મ કરે છે અને તેથી ઇષ્ટ અને અનિષ્ટ ફલ પ્રાપ્ત કરે છે.

જીવ કર્મ કરે છે, પરન્તુ 'કતૃત્વ' એ જીવનો સ્વતંત્ર ધર્મ નથી, પરન્તુ બ્રહ્મનો જ ગુણ છે. જીવ બ્રહ્મનો અંશ હોવાથી, બ્રહ્મના સંબંધથી જ જીવમાં કર્તૃત્વ આવે છે. જીવ સ્વતંત્રતાથી કર્તા નથી, પરન્તુ તેનું કર્તૃત્વ બ્રહ્મને અધીન જ છે. શ્રુતિ પણ કહે છે કે જેનો આ લોકમાંથી ઉદ્ધાર કરવાની (ભગવાનની) ઇચ્છા થાય છે તેની પાસે તે સારા કર્મ કરાવે છે, અને જેનો અધઃપાત કરવાની ઇચ્છા થાય છે તેની પાસે અશુભ કર્મ કરાવે છે. તેથી કર્મ કરવામાં જીવ સ્વતંત્ર નથી, પરન્તુ બ્રહ્મને અધીન છે.

## પાઠ ૮. જીવ.

જેમ અગ્નિમાંથી તણખાઓ નીકળે છે તે પ્રમાણે જીવો બ્રહ્મમાંથી વ્યુચ્ચરે છે. જીવ બ્રહ્મથી ભિન્ન નથી પણ બ્રહ્મનો અંશજ છે એમ આપણે જોયું. જીવ બ્રહ્મથી ભિન્ન નથી અને બ્રહ્મના અંશજ છે તો પછી જીવપરાધીન અને દુઃખી કેમ છે ? બ્રહ્મના અંશ બ્રહ્મની પેઠે સ્વતંત્ર અને આનંદમય જ હોવા જોઇએ. છતાં જીવો પરાધીન અને દુઃખી જણાય છે તેનું શું કારણ ? આ શંકાનું સમાધાન **परभिध्यानान्तु तिरोहितं ततो ह्यस्य बन्धविपर्ययो** (બ્રહ્મસૂત્ર ૩.૨.૫.) સૂત્રમાં કરેલું છે. પરનું એટલે ભગવાનનું અભિધ્યાન એટલે ભગવાન પોતે અને જીવ સર્વતઃ ભોગ કરે તેવી ઇચ્છા, તેથી જીવમાં ઐશ્વર્ય વિગેરે ભગવાનના ગુણો હતા તે તિરોહિત થયા, જીવો પણ ભગવાન પેઠે ઐશ્વર્ય વિગેરે ભગવાનના ગુણોવાળા હોય તો ભગવાન અને જીવોમાં કોઇ ભેદ રહે નહિ. ભેદ ન હોય તો કાંઇ વૈચિત્ર્ય અથવા વિચિત્રતા રહે નહિ. વિચિત્રતા ન હોય તો ભોગ પણ થાય નહિ. વિચિત્રતા ન હોય તો ભોગ થાય નહિ અને લીલા પણ થાય નહિ. સૃષ્ટિ રચવાનું પ્રયોજન જ નિરર્થક થાય. તેથી વિચિત્રતા કરવાની ઇચ્છાથી જીવમાંથી ભગવાનના ગુણો તિરોહિત થયા. ભગવાનના ગુણ (૧)ઐશ્વર્યનો જીવમાંથી તિરોભાવ થતાં, જીવ દીન અને પરાધીન થયો. તેમજ (૨) વીર્યનો તિરોભાવ થવાથી જીવ સર્વદુઃખ સહન કરનાર થયો. (૩) યશનો તિરોભાવ થતાં સર્વથી હીન થયો (૪) શ્રીનો તિરોભાવ થતાં તેને જન્મ વિગેરે સર્વ આપત્તિઓ પ્રાપ્ત થઇ.

(૫) જ્ઞાનનો તિરોભાવ થતાં, તેને દેહ વિગેરેમાં અહં બુધ્ધિ થઇ, તથા અપસ્મારથી પીડિતની પેઠે સર્વ વિપરીત જ્ઞાન થયું. (૬) વૈરાગ્યનો તિરોભાવ થતાં તે વિષયમાં આસક્ત થયો.

આ પ્રમાણે જીવમાંથી ભગવાનના ધર્મોનો તિરોભાવ થયો તેથી જીવ પરાધીન અને દુઃખી થયો. આનંદનો તો જીવભાવ થતાં પહેલાં જ તિરોભાવ થાય છે, અને 'આનંદ' અંશનો તિરોભાવ થવાથી જ 'જીવ' થાય છે, એ પ્રથમ કહેલું છે.

જીવમાંથી ભગવાનના ધર્મોનું તિરોધાન થાય છે તે આપણે જોયું. **'सत्यं विज्ञान्मानन्दं ब्रह्म'** શ્રુતિ પ્રમાણે બ્રહ્મના સ્વરૂપભૂત ત્રણ અંશ છે, સત્, વિજ્ઞાન અથવા ચિત્ અને આનંદ. આમાં 'વિજ્ઞાન' અથવા 'જ્ઞાન' અથવા ચિત્ એ બ્રહ્મનો સ્વરૂપભૂત અંશ છે. વળી **'यः सर्वज्ञ'** 'જે સર્વજ્ઞ છે' શ્રુતિ પ્રમાણે 'જ્ઞાન' એ બ્રહ્મનો ધર્મ પણ છે. તેથી 'જ્ઞાન' એ બ્રહ્મનો સ્વરૂપભૂત અંશ છે, અને 'જ્ઞાન' બ્રહ્મનો ધર્મ પણ છે. આપણે પાછળ જોયું તેમ જીવમાં બ્રહ્મનો 'ચિત્' અથવા 'જ્ઞાન' અંશ પ્રધાન છે. બ્રહ્માના 'સત્' અંશથી જીવની ઉપલબ્ધિ થાય છે, 'ચિત્' અંશ તેમાં પ્રધાન છે તેથી જ જીવમાં ચેતન છે. આ 'ચિત્' અને 'સત્' અંશનો જીવમાંથી કદાપિ તિરોભાવ થતો નથી જ. આ બ્રહ્મના અંશોનો જીવમાંથી તિરોભાવ થાય તો જીવનું સ્વરૂપ જ નષ્ટ થઇ જાય, જીવની સ્વરૂપહાનિ જ થાય, જીવ જ રહે નહિ. પણ **'यः सर्वज्ञ'** 'જે સર્વજ્ઞ છે' શ્રુતિમાં બ્રહ્મનોધર્મ (સ્વરૂપભૂત અંશ નહિ) જે જ્ઞાન જણાવેલ છે તેનો જ તિરોભાવ થાય છે. જીવમાંથી બ્રહ્મના ગુણ જ્ઞાનનો તિરોભાવ થતાં તેનામાં દેહ વિગેરેમાં અહં બુધ્ધિ થાય છે, એટલે દેહ, પ્રાણ વિગેરે જ જીવ છે એમ તે માને છે; અને તેને વિપરીત જ્ઞાન થાય છે, પરંતુ બ્રહ્મના સ્વરૂપભૂત 'ચિત્' અંશનો જીવમાંથી કદાપિ તિરોભાવ થતો નથી જ. (વિદ્વન્મડન)

જીવોમાંથી ભગવાનના 'જ્ઞાન' ગુણનો તિરોમાવ થતાં જીવને દેહ વિગેરેમાં અહંબુધ્ધિ થાય છે, અને વિપરીત જ્ઞાન થાય છે. ભગવાનની 'માયા' નામની શક્તિ છે. 'માયા' એટલે ભગવાનની જે કાંઇ થવું હોય તે થવાની શક્તિ. માયા એટલે મિથ્યા નહિ, પરંતુ ભગવાનનું સર્વભવનસામર્થ્ય, માયાશક્તિથી 'વિદ્યા

અને 'અવિદ્યા' થાય છે. આ 'વિદ્યા' અને 'અવિદ્યા' ભગવાનની માયાથી બનેલા હોવાથી ભગવાનની શક્તિ છે, જીવના ધર્મ નથી. તેથી ભગવાનની ઇચ્છા પ્રમાણે વિદ્યા અથવા અવિદ્યાનો આવિર્ભાવ અથવા તિરોભાવ થયા કરે છે. વિદ્યા તથા અવિદ્યા ચિદંશ જીવને થાય છે. જડને અથવા અંતર્યામિને થતી નથી. વિદ્યા અથવા અવિદ્યા જડને અથવા અંતર્યામિને વ્યાપતી નથી. વળી આ બંને ભગવાનની શક્તિ છે, *(*તત્ત્વદીપ ૧.૩૫.) ભગવાનને અધીન છે. તેથી ભગવાનની ઈચ્છા પ્રમાણે જીવને વ્યાપે છે. તેથી જે જીવને જેવી સ્થિતિમાં મૂકવાની ભગવાનની ઇચ્છા થાય તે જીવને તેવી સ્થિતિમાં મુકનારી 'અવિદ્યા' વિગેરે ભગવાનની શક્તિઓ સત્ત્વ, રજ, વિગેરે ભેદથી વ્યાપે છે. આ પ્રમાણે સર્વ જીવોને ભગવાનની ભિન્ન ભિન્ન શક્તિઓ ભગવાનની ઇચ્છા પ્રમાણે વ્યાપે છે અને દરેક જીવને ભગવાનની ઇચ્છામાં હોય તેવી સ્થિતિમાં રાખે છે. આ ભગવાનનું ઐશ્વર્ય છે.૧(૧ વિદ્વન્મડન, ગુજરાતી ભાષાન્તર પૃ.૯૪)

અવિદ્યાના પાંચ પર્વ છે. અવિદ્યા પાંચ જાતની છે. (૧) સ્વરૂપાજ્ઞાન એટલે સ્વરૂપનું અજ્ઞાન. જીવને પોતાના સ્વરૂપનું વિસ્મરણ થાય. 'હું બ્રહ્મનો અંશ છું' તે જીવ ભૂલી જાય છે. (૨) દેહાધ્યાસ. દેહને જ જીવ માને તે, (૩) પ્રાણાધ્યાસ એટલે પ્રાણને જીવ માને તે. (૪) ઇંદ્રિયાધ્યાસ એટલે ઇંદ્રિયને જીવ માને તે. (૫) અંતઃકરણાધ્યાસ એટલે અંતઃકરણને જીવ માને તે. આ પાંચ પ્રકારની અવિદ્યા જીવને વ્યાપે છે એટલે જીવ પરાધીન અને દુઃખી થાય છે, અને સંસારમાં તેને જન્મ મરણ થયા કરે છે. જ્યારે વિદ્યાથી અવિદ્યાનો નાશ થાય છે ત્યારે જીવ મુક્ત થાય છે. તે સમયે તેનો દેહ વિગેરેનો અધ્યાસ દૂર થાય છે. તેના દેહ, ઇંદ્રિય વિગેરે 'પ્રપંચ' અથવા 'જગત્' રૂપ હોવાથી સત્ય છે અને તે રહે છે, પરંતુ તે તેને દેહ, ઈંદ્રિય તરીકે જ જાણે છે. 'હું દેહ છું' અથવા 'હું ઇંદ્રિય છું' એવું તેનું અજ્ઞાન દૂર થાય છે. તે પોતાના સ્વરૂપને જાણે છે. 'હું જીવ છું બ્રહ્મનો અંશ છું' વિગેરે જ્ઞાન તેને થાય છે.*(*તત્ત્વદીપ ૧.૩૬,૩૭,) વિદ્યા અથવા બ્રહ્મજ્ઞાનથી મોક્ષ થાય છે. બ્રહ્મજ્ઞાનથી કૈવલ્ય એટલે સંઘાતથી પૃથગ્ભાવ પ્રાપ્ત થાય છે, અથવા પ્રપંચથી પૃથગ્ભાવ બ્રહ્મજ્ઞાનથી થાય છે. 'હું દેહ, ઇંદ્રિય, પ્રાણ અથવા અંતઃકરણ નથી. દેહ, ઇંદ્રિય, પ્રાણ અને અંતઃકરણ સંઘાત અથવા પ્રપંચ છે; હું તેથી જુદો

ભગવાનનો ચિદંશ જીવ છું' એવો સંઘાતથી પૃથગ્ભાવ બ્રહ્મજ્ઞાનથી થાય છે. સંઘાતથી પૃથગ્ભાવ એટલે મોક્ષ. વિદ્યા અથવા બ્રહ્મજ્ઞાનથી મોક્ષ થાય છે, કારણ કે તેથી બંધ કરાવનારી અવિદ્યા દૂર થાય છે. આ વિદ્યાના પણ પાંચ પર્વ છે. (૧) વૈરાગ્ય, વિષયોની તૃષ્ણા ન રહે તે.(૨) સાંખ્ય. નિત્ય અનિત્ય વસ્તુનો વિવેક, નિત્ય અને અનિત્ય વસ્તુ પારખવાની શક્તિ. આવી શક્તિ પ્રાપ્ત કરી સર્વનો ત્યાગ કરવો તે સાંખ્ય. (૩) યોગ. આઠ અંગવાળો યોગ. એકાંતમાં આઠ અંગવાળા યોગનું આચરણ. (૪) તપ. વિચારપૂર્વક અભ્યાસ. (૫) કેશવ પ્રતિ ભક્તિ. આ ભક્તિ મોક્ષના સાધનરૂપ કહેલી હોવાથી પ્રાવાહિકી ભક્તિ છે. આ પાંચ વિદ્યાના પર્વ અથવા ભાગ છે. વિદ્યાથી સત્ત્વસૃષ્ટિ પ્રવૃત્ત દૈવ જીવોને મુક્તિ પ્રાપ્ત થાય છે. આસુર જીવોને મુક્તિ થતી નથી.*(* તત્ત્વદીપ.૧;૪૮;૪૯)

## પાઠ ૯.
## ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ

જીવ ભગવાનનો અંશ છે. તેથી ભગવાનના ઐશ્વર્ય વિગેરે છ ધર્મો જીવમાં છે. ભગવાન પોતાની ઇચ્છાથી જીવમાંથી ઐશ્વર્ય વિગેરે ભગવદ્ધર્મોનો તિરોભાવ કરે છે, તેથી જીવ પરતંત્ર અને દુઃખી થાય છે એમ પાછલા પાઠમાં કહ્યું.

શંકા :- પ્રભુ આવી રીતે જીવમાંથી ભગવદ્ધર્મોનો તિરોભાવ કરે તો ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ દોષ થાય. ઐશ્વર્ય વિગેરે ભગવાનના છ ગુણો જીવમાં હતા. જીવમાં ભગવદ્ધર્મ હતા. એ ભગવદ્ધર્મ જીવમાં ઉપસ્થિત હતા. તે ધર્મોની જીવને હાનિ થાય છે, એટલે ઉપસ્થિતહાનિ થઇ. જીવોને એ ધર્મોની હાનિ થાય તેવું કાંઇ કર્મ તેમણે તે સમયે કરેલું નથી; છતાં કાંઈ પણ કારણ વિના એ ઉપસ્થિત ધર્મોની તેમને હાનિ થાય એ દોષ જ છે. વળી વ્યુચ્ચરણ સમયે જીવે કાંઇ કર્મ કરેલ નથી, તેથી તેમણે કાંઇ પણ દોષ કર્યા નથી. છતાં આ ધર્મોની હાનિ થતાં તેમને અનીશતા, પરાધીનતા, દુઃખ વિગેરે પ્રાપ્ત થાય છે. જીવોએ કાંઇ પણ દોષ નહિ કરેલ હોવા છતાં તેમને દોષના દંડરૂપ પરાધીનતા, મિથ્યાજ્ઞાન વિગેરે પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે નહિ કરેલા (અકૃત)

દોષના દંડરૂપ પરાધીનતા વિગેરેની તેમને પ્રાપ્તિ (અભ્યાગમ) થતી હોવાથી અકૃતાભ્યાગમ દોષ પણ પ્રાપ્ત થાય છે.

સમાધાનઃ- ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ દોષ હોય તો તે કોના દોષ છે તે જૂઓ. તે જીવના દોષ છે, ભગવાનની કૃતિના દોષ છે કે ભગવાનના દોષ છે ? જીવના દોષ નથી, કારણ કે જીવે તેમાં કાંઇ કરેલ જ નથી. જીવ કર્તા નથી પણ જેને કાંઇ કરવામાં આવે છે તેવા છે. જીવ કર્તા નથી પણ જેને કાંઇ કરવામાં આવે છે તે, એટલે કૃતિના વિષય છે. આ જીવના દોષ છે એમ ગણીએ તો કોઇ સજ્જનને લુંટારા લૂંટે તેમાં સજ્જનનો દોષ ગણ્યો કહેવાય. કૃતિના અથવા કર્તાના દોષ ગણીએ તો જીવની કૃતિમાં અથવા જીવમાં જ તેવા દોષ સંભવે. તેમાં પણ અસ્વતંત્ર જીવમાં અથવા અસ્વતંત્ર જીવની કૃતિમાં જ તે દોષ સંભવે. સ્વતંત્ર જીવની કૃતિમાં તો દોષ જ નથી. કારણ કે લોકમાં આપણે અનુભવીએ છીએ કે સ્વતંત્ર રાજાઓ પોતાના વિહાર માટે પ્રાચીન વિચિત્ર ગોપુર, મહેલ વિગેરે ભાંગી તોડી ઉજ્જડ કરી નાખે છે. જડ પદાર્થોનો જ ભંગ કરે છે એટલું જ નહિ, પરંતુ પોતાનાં સેવકોના ઐશ્વર્ય, શ્રી વિગેરેનું પણ હરણ કરે છે. વળી તેમની સેવાથી સંતોષ થતાં પાછું તે તેમને આપે છે. જ્યારે સ્વતંત્ર રાજા આમ કરે છે તો પછી સર્વલોકને નિયમમાં રાખનાર સકલ જગતના કારણ ભગવાન પોતાના દાસ જીવને ઉપસ્થિત હાનિ અને અકૃતાભ્યાગમ કરે તેમાં દોષ શું ?

વળી ભગવાન જગતના સર્ગ, સ્થિતિ અને લયના કર્તા છે. ભગવાન જ્યારે જગત્ સર્જે છે ત્યારે જીવોને અમુક સ્થિતિમાં મૂકે છે તેથી જીવોને અકૃતાભ્યાગમ થાય છે. વળી જ્યારે ભગવાન જગતનો લય કરે છે ત્યારે જીવોની સ્થિતિનો નાશ થાય છે, તેથી જીવોને ઉપસ્થિત હાનિ થાય છે. આ પ્રમાણે સર્ગ અને લય વખતે અકૃતાભ્યાગમ અને ઉપસ્થિતહાનિ થાયજ, પરંતુ જીવ પરતંત્ર હોવાથી અને કૃતિનો માત્ર વિષય જ હોવાથી, અને ઇશ્વર સ્વતંત્ર કર્તા હોવાથી એ દોષ નથી. સર્ગ અને લય કરવામાં અકૃતાભ્યાગમ અને ઉપસ્થિતહાનિ થાય તેથી ભગવાન સર્ગ અથવા લયના કર્તા નથી એમ કહીએ તો અન્ય કોઇ સર્ગ અથવા લયનો કર્તા નથી જ. તેથી સર્ગનો કોઇ કર્તા નહિ હોવાથી જગત્ સંભવે જ નહિ. પરંતુ જગતનો આપણે અનુભવ કરીએ છીએ. લયનો કોઇ કર્તા ન હોવાથી જગત્

નિત્ય સિધ્ધ થાય. તેનો તિરોભાવ પણ થઇ શકે નહિ. તેથી ભગવાન જગતના સર્ગ અને લયના કર્તા છે અને સર્ગ અને લય સમયે જીવને અકૃતાભ્યાગમ અને ઉપસ્થિતહાનિ થાય તે દોષ નથી જ. તેથી જ જીવોનો બંધ પણ ભગવાનને અધીન છે. 'આ જ જેનો આ લોકમાંથી ઉધ્ધાર કરવા ઇચ્છે તેની પાસે સારાં કર્મ કરાવે છે, આજ જેનો અધઃપાત કરવા ઇચ્છે તેની પાસે દુષ્ટ કર્મ કરાવે છે' 'જે આત્મામાં રહી આત્માનું અંતરથી યમન કરે છે' વિગેરે શ્રુતિઓ પણ જીવોના બંધ અને મોક્ષ ભગવાનનને જ અધીન છે એમ કહે છે. ભગવાન જ સ્વતંત્ર કર્તા છે. ભગવાન વિના બીજું કોઇ સ્વતંત્ર કર્તા નથી. જીવ કર્તા છે, પરંતુ તેનું કર્તૃત્વ સ્વતંત્ર નથી, પણ ભગવાનને અધીન છે. આ સિધ્ધ કરવા સૂત્રકાર પણ '**परात्तु तच्छुते:**' (*બ્રહ્મસૂત્ર ૨-૩-૪૧)*સૂત્ર યોજે છે. જીવનું કર્તૃત્વ 'પર' એટલે ભગવાનથી છે. જીવનું કર્તૃત્વ ભગવાનને અધીન છે. જીવ સ્વતંત્ર નહિ હોવાથી, જીવ પરતંત્ર હોવાથી તેને ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ થાય તે દોષ નથી.

## પાઠ ૧૦ વિધિનિષેધ

ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ જીવ સ્વતંત્ર નહિ હોવાથી દોષ નથી, છતાં તેને દોષ માની કેટલાક વાદીઓ તે દૂર કરવા કર્મની કલ્પના કરે છે. જીવે પૂર્વે કરેલ સુકૃત અથવા દુષ્કૃત ધ્યાનમાં લઇ તે પ્રમાણે જ પ્રભુ જીવ પાસે કર્મ કરાવે છે. ઇશ્વર સ્વતંત્રતાથી પોતાની ઇચ્છા પ્રમાણે જીવ પાસે કર્મ કરાવતા નથી, પરંતુ જીવે પહેલાં કરેલ પુણ્ય અને પાપ ધ્યાનમાં લઇ તે પ્રમાણે તેની પાસે સુકૃત અથવા દુષ્કૃત કરાવે છે. આમ હોવાથી જ 'સ્વર્ગની કામનાવાળાઓ યજ્ઞ કરવો.' 'બ્રાહ્મણને હણવો નહિ' વિગેરે વિધિ અને નિષેધ સાર્થક થાય છે. જે કાર્ય કરવાનો શાસ્ત્રમાં ઉપદેશ કર્યો હોય તે વિધિ કહેવાય છે. જે કાર્ય કરવાની શાસ્ત્રમાં ના પાડી હોય તે 'નિષેધ' કહેવાય છે. જીવ પોતાની ઇચ્છા પ્રમાણે કર્મ કરી શકતો ન હોય અને ઇશ્વર પોતાની ઇચ્છા પ્રમાણે તેની પાસે કર્મ કરાવતા હોય તો 'સ્વર્ગની કામનાવાળાઓએ યજ્ઞ કરવો' 'બ્રાહ્મણને હણવો નહિ' વિગેરે વિધિ અને નિષેધ વ્યર્થ થાય, કારણ કે જીવ પોતાની ઈચ્છા પ્રમાણે કર્મ કરી

શકતો નથી તો પછી તેને ઉપદેશ શું કામનો ? તેથી વિધિ અને નિષેધ ધ્યાનમાં લઇ જીવ કર્મ કરવા પ્રવૃત્ત થાય છે અથવા નિવૃત્ત થાય છે, અને ઇશ્વર તેની પાસે તે કર્મ કરાવે છે અથવા તેની કર્મમાંથી નિવૃત્તિ કરાવે છે. વિહિત કર્મમાં પ્રવૃત્તિ અને નિષિદ્ધ કર્મમાંથી નિવૃત્તિ થાય અથવા ન થાય તે જીવના પૂર્વે કરેલાં કર્મને અધીન છે. પૂર્વે કરેલાં કર્મ પ્રમાણે પ્રવૃત્તિ અથવા નિવૃત્તિ થાય છે અથવા નથી થતી. પ્રવાહ અનાદિ છે તેથી પૂર્વે કરેલાં કર્મ તો દરેક જીવને છે જ.આમ માનવાથી જીવને અકૃતાભ્યાગમ થતો નથી એટલે નહિ કરેલ કર્મના ફલ ભોગવવા પડતા નથી. તેમજ ઉપસ્થિતહાનિ પણ થતી નથી, કારણ કે પૂર્વે કરેલાં કર્મ પ્રમાણે પ્રવૃત્તિ અને નિવૃત્તિ થયા કરે છે અને કરેલાં કર્મ નિષ્ફળ થતાં નથી. આવો પૂર્વમીમાંસાવાળાનો મત છે.

પરંતુ આ મત ખોટો છે. આ મત પ્રમાણે ઇશ્વર રહેતો જ નથી. પૂર્વે કરેલ કર્મનાં ફલ આપનાર તરીકે ઇશ્વરની આવશ્યકતા છે એમ પણ કહેવાય નહિ, કારણ કે ફલ આપનાર કર્મ છે. કર્મ જડ હોવાથી ફલ આપી શકે નહિ એમ પણ ન કહેવાય, કારણ કે ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ દોષ દૂર કરવા જે કર્મ કલ્પવામાં આવે છે તે કર્મ પોતાના ફલનું દાન આપી શકે તેવું જ કલ્પવું જોઇએ. કર્મની કલ્પના કરવી જ પડે તો તે પોતાના ફલનું દાન કરવાની શક્તિવાળું જ કલ્પવું જોઇએ.

જીવની કર્મમાં પ્રવૃત્તિ કોણ કરાવે છે ? વિધિ અને નિષેધ કરાવતાં નથી, કારણ કે વિધિ અને નિષેધથી જીવની પ્રવૃત્તિ થતી હોય તો સર્વ જીવ વિહિત કર્મ કરત અને નિષિદ્ધ કર્મ ન કરત. સર્વ જીવો સન્માર્ગમાં જ વર્તતા હોત; પરંતુ તેવો અનુભવ થતો નથી. ઘણા જીવો વિહિત કર્મ કરતા નથી, અને નિષિદ્ધ કર્મ કરે છે. તેથી વિધિ અને નિષેધ પ્રવૃત્તિ કરાવતા નથી. કર્મનો પ્રવાહ અનાદિ છે અને જીવે પૂર્વે કરેલાં કર્મ જ પ્રવૃત્તિ અથવા નિવૃત્તિ કરાવે છે એમ પણ માની શકાય તેમ નથી; કારણ કે એમ માનવાથી (૧) વિધિ અને નિષેધ નિરર્થક થાય છે. જીવની કર્મમાં પ્રવૃત્તિ તેણે પૂર્વે કરેલાં કર્મથી જ થતી હોય તો 'સ્વર્ગની કામનાવાળાએ યજ્ઞ કરવો' 'બ્રાહ્મણને હણવો નહિ' એવો તેને બોધ દેવો નિરર્થક છે. (૨) વળી વિધિ અને નિષેધ નિરર્થક હોવાથી સારા માણસો યજ્ઞ વિગેરે કરે છે

તે માત્ર અંધપરંપરા જ ગણાય. (૩) ધર્મની હાનિ થાય, કારણ કે વિહિત કર્મ કરે તે ધર્મ, પણ વિધિ જ નિરર્થક થઇ એટલે ધર્મ ક્યાં રહ્યો ? તે પ્રમાણે અધર્મ પણ સંભવે નહિ. (૪) વિધિ અને નિષેધ નિરર્થક હોવાથી જીવ કર્મ કરે ત્યારે ફલની ઇચ્છા રાખી શકે નહિ. ફલની ઇચ્છા વિના કર્મ કરવામાં આવે ત્યારે કર્મનું ફલ આપનાર 'અપૂર્વ'ની *(જીવ જ્યારે કર્મ કરે ત્યારે તે ફલની ઇચ્છા રાખે છે. ફલની ઇચ્છા વિના કર્મ સંભવતું જ નથી. કર્મ કર્યું એટલે નષ્ટ થયું. પછી તેનું ફલ તે કર્મ કેવી રીતે આપે ? કારણ કે, કર્મ પોતે સંપૂર્ણ થતાં જ નષ્ટ થયું. તે કર્મનું ફલ આપનાર 'અપૂર્વ' કલ્પવામાં આવે છે. કર્મ નાશ પામતાં અપૂર્વ ઉત્પન્ન થાયછે. તે કર્મનું ફલ આપે છે. એવું પૂર્વમીમાંસાવાળાનું મત છે.) કલ્પના કરવાની આવશ્યકતા રહે નહિ. તેથી અપૂર્વ સંભવે નહિ. કર્મ થયું કે તરત નાશ પામે છે. અપૂર્વ છે જ નહિ. તો પછી ભાવિકર્મમાં પ્રવૃત્તિ કોણ કરાવે ? તેથી પૂર્વે કરેલાં કર્મથી પ્રવૃત્તિ અને નિવૃત્તિ થતાં નથી.

વિધિ અને નિષેધ પ્રવૃત્તિ અને નિવૃત્તિ કરાવે છે, છતાં કોઇની વિહિત કર્મમાં પ્રવૃત્તિ થાય છે અને કોઇની થતી નથી તેમજ કોઇની નિષિદ્ધ કર્મમાંથી નિવૃત્તિ થાય છે અને કોઇની થતી નથી એ સર્વ ઇશ્વરેચ્છાથી જ થાય છે. આ પ્રમાણે વિધિ, નિષેધ અને ભગવાનની ઇચ્છા એ ત્રણ માનવા કરતાં ઇશ્વરની ઇચ્છા જ માનવી એ ઉત્તમ છે. ઇશ્વરની ઈચ્છા માન્યા વિના અન્ય ગતિ નથી જ. પ્રવૃત્તિ અને નિવૃત્તિ કરાવનાર ઇશ્વરની ઇચ્છા જ એમ માનવાથી યજ્ઞ વિગેરે કરવામાં અંધપરંપરા પણ થતી નથી, કારણ કે ઈશ્વરની ઈચ્છાથી જ સર્વ થાય છે. વિધિ ન જાણનાર બાલક પણ કુદરતથી જ વિહિત કર્મમાં પ્રવૃત્ત જોવામાં આવે છે. અહિં 'વિધિ' પ્રવૃત્ત કરાવતી નથી, કારણ વિધિનું તો તેને ભાન પણ નથી. તેથી ઇશ્વરેચ્છા જ પ્રવૃત્તિ અને નિવૃત્તિ કરાવે છે.

## પાઠ ૧૧ મર્યાદા.

ભગવાન પોતાની ઇચ્છા પ્રમાણે જીવ પાસે કર્મ કરાવે છે અને કર્મનું ફલ આપે છે. ભગવાન કર્મ કરાવે છે તે ફલનું દાન કરવા કરાવે છે. કર્મ સ્વતંત્ર પુરૂષાર્થ નથી. પરંતુ કર્મફલનું દાન કરવા પ્રભુ જીવ પાસે કર્મ કરાવે છે.

ભગવાન સર્વસમર્થ છે. ભગવાન કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તુમ્ સમર્થ છે. તેથી ભગવાન કર્મ કરેલ ન હોય તો પણ ફલદાન કરવા સમર્થ છે. જ્યારે કર્મ કરેલ ન હોવા છતાં ફલદાન કરવાનું ભગવાનમાં સામર્થ્ય છે તો પછી ફલદાન કરવા કર્મ કરાવવાની શી જરૂર ? વળી તે જ કારણથી 'વિધિ' અને 'નિષેધ' નિરર્થક થાય છે. કારણ કે કર્મ વિના જ સારાં અથવા ખરાબ ફલ પ્રભુ આપી શકે છે. સારૂં અથવા ખરાબ ફલ આપવા માટે સુકૃત અથવા દુષ્કૃત જીવ પાસે કરાવવાની જરૂર નથી. તો પછી 'સ્વર્ગની કામનાવાળાએ યજ્ઞ કરવો' વિગેરે બોધની જરૂર જ નથી. આવી શંકાઓ થાય તે દૂર કરવા '**कृतप्रयत्नापेक्षस्तु विहितप्रतिषिद्धावैयर्थ्यादिभ्यः**' બ્રહ્મસૂત્ર ૨.૩.૪૧ સૂત્ર યોજેલું છે. 'એક હું બહુ થાઉં" વિગેરે શ્રુતિઓથી એમ સિધ્ધ થાય છે કે ભગવાને પ્રપંચમાં (જગતમાં) રમણ કરવાની ઇચ્છા થઇ. આ પ્રમાણે રમણ કરવાની ઇચ્છા ભગવાને ક્રીડા માટે ઉધમ કર્યો. આમાં ભગવાનની ક્રીડા જ મુખ્ય છે, અન્ય સર્વ ગૌણ છે. તેથી ક્રીડા કરવા માટે ભગવાને જગત્ રચ્યું અને ક્રીડામાં વિચિત્ર રસનો અનુભવ થાય તે માટે 'જે કોઇ અમુક કામ કરશે તેને અમુક ફલ આપીશ' એવી મર્યાદા પોતે રચી. તેથી જ ભગવાનને 'ધર્મસેતુના વક્તા કર્તા અભિરક્ષિતા' કહેલા છે. *(શ્રીમદ્ભાગવત ૧૦-૩૦-૨૭ *) ભગવાને વિચિત્ર રસનો અનુભવ કરવા 'અમુક કર્મ કરશે તેને અમુક ફલ આપીશ' એવી મર્યાદા અથવા ધર્મસેતુની રચના કરીને જીવોને આ મર્યાદા જણાવવા અને તેનું રક્ષણ કરવા વેદ રચ્યા. તેથી જીવનું વ્યુચ્ચરણ કરતી વખતે જ 'આ જીવને અમુક દેશમાં અમુક કાલમાં અમુક અમુક કર્મમાં પ્રવૃત્ત કરી, અમુક અમુક કર્મમાંથી નિવૃત્ત રાખી અમુક અમુક ફલનું દાન કરીશ' એ પ્રમાણે પ્રત્યેક જીવ સંબંધી તેના મોક્ષ પર્યંત પ્રભુએ વિચાર કરેલ છે; અને પ્રભુએ કરેલા એ વિચાર પ્રમાણે જ જીવ કર્મો કરે છે અને ફલ પ્રાપ્ત કરે છે.

આ પ્રમાણે ક્રીડામાં વિચિત્ર રસ પ્રાપ્ત કરવા પ્રભુએ જે ઉદ્યમ કર્યો છે તેની અપેક્ષાથી અથવા તેને અનુસરીને જ ભગવાન જીવ પાસે કર્મ કરાવે છે. આ પ્રમાણે હોવાથી ‘સ્વર્ગની કામનાવાળાએ યજ્ઞ કરવો’ ‘બ્રાહ્મણને હણવો નહિ’ વિગેરે વિધિ અને નિષેધ સ્વર્ગ અને નરકની પ્રાપ્તિ કરાવનાર હોવાથી નિરર્થક થતા નથી. તેથી પ્રભુએ ક્રીડામાં વિચિત્ર રસનો અનુભવ કરવા જે મર્યાદા કરી છે તે મર્યાદાને અનુસરી જીવ પાસે કર્મ કરાવે છે અને તેને કર્મના ફલનું દાન કરે છે. સૂત્રમાં ‘આદિ’ શબ્દ છે તેથી એમ સૂચવ્યું છે કે આ જ કારણને લીધે કર્મ કરાવ્યા વિના પ્રભુ ફલનું દાન કરતા નથી.

આવી રીતે પ્રભુ ક્રીડા માટે કરેલી મર્યાદાને અધીન રહી, જીવ પાસે કર્મ કરાવે અને તેને કર્મના ફલનું દાન કરે તો તેથી ‘અનીશ્વર’ થઇ જાય, પ્રભુ સ્વતંત્ર મટી પરતંત્ર થાય, કર્મ વિના ફલદાન કરવા અસમર્થ હોવાથી સર્વશક્તિમાન ન કહેવાય વિગેરે શંકા પણ યોગ્ય નથી, કારણ કે આ મર્યાદા પ્રભુએ પોતે કરેલી છે. ભગવાન પોતે કરેલા નિયમ પ્રમાણે કામ કરે તેમાં અનીશ્વરતા થતી નથી. ભગવાને પોતે પોતાની ઇચ્છાથી જ એવી મર્યાદા રચી છે અને તે મર્યાદા પ્રમાણે કર્મ કરાવી ફલદાન કરે છે. મર્યાદાના કર્તા પ્રભુ પોતે હોવાથી તેમની સ્વતંત્રતા નષ્ટ થતી નથી. મર્યાદામાર્ગ પ્રભુએ એવો રચ્યો છે. મર્યાદામાર્ગમાં જે મર્યાદા કરેલી છે તે પ્રમાણે કર્મ કરાવી ફલદાન કરે છે. પરંતુ કર્મ કરાવ્યા વિના ફલદાન કરવાની પ્રભુમાં શક્તિ નથી એમ નથી. જ્યાં પ્રભુ કર્મ વિના પણ ફલદાન કરે છે તે પુષ્ટિમાર્ગ કહેવાય છે.

ભગવાનને જગત્ રચવામાં કોઇ હેતુ નથી. ભગવાન આપ્તકામ હોવાથી તેમને કાંઇ પ્રયોજન નથી. માત્ર લીલા કરવા જ ભગવાને જગત્ રચેલું છે. બ્રહ્મસૂત્ર ૨.૧.૩૩. વિચિત્ર રસનો અનુભવ ન થાય તો લીલા જ સંભવે નહિ. તેથી લીલામાં વિચિત્ર રસનો અનુભવ થાય તે માટે ભગવાને ઉપર જણાવ્યા પ્રમાણે મર્યાદા કરી. એ મર્યાદાનું જ્ઞાન જીવોને કરાવવા એ મર્યાદાનું રક્ષણ કરવા વેદ રચ્યા. આ સર્વ મર્યાદામાર્ગનું નિરૂપણ પણ થયુ: ભગવાન સ્વતંત્ર કર્તા છે. ભગવાન કોઇને અધીન નથી. ભગવાન જીવના કર્મ અપેક્ષા વિના પણ ફલદાન કરવા સમર્થ છે. એમ ન હોય તો ભગવાન સર્વશક્તિમાન ન ગણાય, ભગવાને ક્રીડામાં વિચિત્ર

રસનો અનુભવ કરવા જે મર્યાદા કરી તે પ્રમાણે મર્યાદામાં મૂકેલ જીવો પાસે કર્મ કરાવી તેમને ફલદાન કરે છે. પરતું આ મર્યાદા ભગવાને પોતે પોતાની ઇચ્છાથી કરેલી હોવાથી, મર્યાદા પ્રમાણે કર્મ કરાવી ફલદાન કરવામાં ભગવાનના સ્વાતંત્ર્યને હાનિ થતી નથી. જીવોને કર્મ કરાવ્યા વિના ફલદાન કરવા પણ ભગવાન સમર્થ છે. એ પ્રમાણે કર્મ કરાવ્યા વિના ફલદાન કરે તે પુષ્ટિમાર્ગ કહેવાય છે.

આ પ્રમાણે ક્રીડામાં વિચિત્ર રસનો અનુભવ કરવા પ્રભુએ અસંખ્ય જીવોનું વ્યુચ્ચરણ કરી તેમને ભિન્ન ભિન્ન માર્ગોમાં મૂકી, તેઓ પાસે જુદાં જુદાં કર્મ કરાવી તેમને જૂદી જૂદી સ્થિતિમાં મૂક્યા છે. કોઇ જીવ સુખી છે, કોઇ દુઃખી છે, કોઇ ધનવાન છે, કોઇ નિર્ધન છે. આમ છતાં પ્રભુને ‘વૈષમ્ય' એટલે પક્ષપાતી હોવાનો અથવા ‘નૈઘૃણ્ય’ એટલે ક્રૂર હોવાનો દોષ નથી, કારણ કે ભગવાન પોતે જ જડ જીવ વિગેરે સર્વ થયેલ છે. ભગવાન પોતે જ સર્વ જીવરૂપ થયેલ છે. તેથી પક્ષપાત કરવાપણું અથવા દૂર થવાપણું ક્યાં રહ્યું ?

## પાઠ ૧૨. કર્મમાર્ગ

ભગવાને લીલા માટે સૃષ્ટિ રચી. લીલામાં વિચિત્ર રસનો અનુભવ કરવા જૂદા જૂદા માર્ગોમાં જૂદા જૂદા જીવોને મૂક્યા છે. ત્યારે માર્ગ કેટલા એ પ્રશ્ન સ્વાભાવિક રીતે ઉદ્‌ભવે છે.

માર્ગ અનંત છે, પરંતુ બધા માર્ગનો મુખ્ય ત્રણ માર્ગમાં સમાવેશ કરવામાં કાંઇ બાધ નથી. (૧) કર્મમાર્ગ, (૨) જ્ઞાનમાર્ગ. (૩) ભક્તિમાર્ગ. એ ત્રણ મુખ્ય માર્ગ છે.

શ્રીમદ્ભગવદ્ગીતાના સોળમા અધ્યાયમાં વર્ણવેલી આસુરી સૃષ્ટિનો કર્મમાર્ગ અથવા પ્રવાહમાર્ગમાં સમાવેશ થાય છે. પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ ગ્રંથમાં શ્રીમદાચાર્યચરણે પ્રવાહસૃષ્ટિનું વર્ણન કરેલું છે તેનો આ કર્મમાર્ગમાં સમાવેશ

થાય છે. છલયોગ, સાંખ્ય, શાક્ત, બૌધ્ધ વિગેરેનો પણ આ કર્મમાર્ગમાં જ સમાવેશ થાય છે.

'કેટલાકજીવોને હું આસુર બનાવું' એવી ઇચ્છા માત્રથી ભગવાને મનથી આસુર સૃષ્ટિ ઉત્પન્ન કરી છે. પુષ્ટિપ્રવાહમર્યાદા ૯.

કર્મમાર્ગીય જીવો ભ્રાન્ત છે. તેઓમાં યથાર્થ જ્ઞાન હોતું નથી. બરાબર જ્ઞાન ન હોતાં તેઓ કર્મ કર્યા કરે છે. આ પ્રમાણે કર્મ કરનાર પણ સાત્ત્વિક રાજસ અને તામસ એમ ત્રણ પ્રકારના જીવો છે. વળી તેઓ કર્મ કરે છે તે પણ સાત્ત્વિક રાજસ અને તામસ એમ ત્રણ પ્રકારનું છે. આ પ્રમાણે નવ ભેદ થાય છે, (૧) સાત્ત્વિક જીવ વેદમાં કહ્યા પ્રમાણે સાત્ત્વિક કર્મ કરે તેને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. તેને વિમાન મળે છે અને સ્ત્રીઓથી (અપ્સરાઓથી).તે વીંટાયેલ રહે છે, પણ પુણ્ય પૂરું થતાં નીચે માથે સ્વર્ગમાંથી પડે છે. (૨) સાત્ત્વિક જીવ રાજસ કર્મ કરે તે મેરૂ વિગેરે પ્રદેશમાં સુખ પામે છે. (૩) સાત્ત્વિક જીવ તામસ કર્મ કરે તે પાતાલમાં સુખ પામે છે. (૪) રાજસ જીવ સાત્ત્વિક કર્મ કરે તે દૈત્યોના સ્વર્ગમાં જન્મે છે. (૫) રાજસ જીવ રાજસ કર્મ કરે તે ચંદ્રલોકમાં સુખ પામે છે, અને વૃષ્ટિ દ્વારા અન્નરૂપ થઇ ભૂતલ પર જન્મ લે છે. (૬) રાજસ જીવ તામસ કર્મ કરે તે યક્ષલોકમાં સુખ પામે છે. (૭) તામસ જીવ સાત્ત્વિક કર્મ કરે તે પિતૃલોકમાં સુખ પામે છે (૮) તામસ જીવ રાજસ કર્મ કરે તે ભૂત વિગેરે લોકમાં સુખ પામે છે. (૯) તામસ જીવ તામસ કર્મ કરે તે સર્પ વિગેરેમાં સુખ પામે છે. એ પ્રમાણે સુખ ભોગવી પુણ્યનો ક્ષય થતાં બધા પુનઃ અવતરે છે. પુનઃ કર્મ કરે છે. એવી રીતે કર્મમાર્ગીય જીવો કર્મ કરે છે, સ્વર્ગાદિ લોકમાં તેનું ફલ ભોગવે છે, પુણ્યનો ક્ષય થતાં પુનઃ આ લોકમાં અવતરે છે, પુનઃ કર્મ કરે છે, પુનઃ તેનું ફલ ભોગવે છે એમ જા આવ કર્યા જ કરે છે. (તત્ત્વદીપ ૨.૨૫૪ થી ૨૬૦) અગ્નિ વિગેરે વેદમાં કહેલ દેવો તથા દુર્ગા ગણપતિ વિગેરે પુરાણમાં કહેલ દેવોની જીંદગી સુધી વિહિત રીતે ઉપાસના કરવાથી તે તે દેવો સાથે સાયુજ્ય પ્રાપ્ત થાય છે. આ દેવોની પણ અમુક કાલ સુધી જ સ્થિતિ હોવાથી દેવોની ઉપાસના કરનારનું ફલ પણ શ્રીમદ્ ભગવદ્ ગીતા ૭.૨૧ થી ૨૩ માં જણાવ્યા પ્રમાણે અંતવાળું જ છે. સાત્ત્વિક જીવો દેવોનું યજન કરે છે, રાજસ જીવો યક્ષો અને રાક્ષસોનું યજન કરે છે, અને તામસ જીવો પ્રેત

તથા ભૂતોનું યજન કરે છે. એક જ સમયે ઝાઝા દેવોની ઉપાસના કરવામાં આવે તેમાં કર્મનું જ પ્રાધાન્ય છે, ઉપાસના પ્રધાન હોતી નથી. તેથી તેવી રીતે ઉપાસના કરનારને કર્મમાર્ગીય ફલ જ પ્રાપ્ત થાય છે, ઉપાસનાનું ફલ પ્રાપ્ત થતું નથી. એવી રીતે ઉપાસના કરતાં ક્રમે ક્રમે અમુક દેવમાં ભક્તિ થાય અને તે દેવની જ ઉપાસના કરવામાં આવે તો તે દેવ સાથે સાયુજ્ય થાય છે ઘણા દેવોનું યજન કરનાર જીવ અવસાન સમયે જે દેવની ઉપાસના કરે તે દેવ સાથે તેનું સાયુજ્ય થાય છે. આ ફલ પણ ઉપર જણાવ્યા પ્રમાણે અંતવાળું છે.

કર્મનું ફલ નિયત (ચોક્કસ) હોતું જ નથી. કર્મની રીત ગહન છે, બ્રહ્માને પણ તેનું જ્ઞાન નથી. ઇશ્વર પોતાની ઇચ્છા પ્રમાણે જ કર્મનું ફલ આપે છે. કર્મનું ફલ આપવામાં કર્મરૂપી ઇશ્વરની ઇચ્છા જ પ્રધાન છે, અને ઇશ્વર અનેક રીતે કર્મનું ફલ આપે છે તેથી કર્મનું ફલ નિયત હોતું નથી. વિહિત *(* વેદમાં કરવાના કહેલ કર્મ, જેવાં કે, અગ્નિહોત્ર વિગેરે,) કર્મ કરતાં  હજારો નિષિધ્દ્ *(* વેદમાં નહિકરવાનાં કહેલ કર્મ, જેવાં કે, બ્રહ્મહત્યા વગેરે.) કર્મ થઇ જાય, તેમજ નિષિધ્દ્ કર્મ કરતાં ઘણાં વિહિત કર્મ થઇ જાય. આમ હોવાથી વિહિત કર્મનું અથવા નિષિધ્દ્ કર્મનું કયા કર્મનું ફલ મળશે તે કોઇ ચોક્કસ કહી શકતું નથી. સર્વને ફલ સંબંધી શંકા જ રહે છે, કારણ કે કર્મ સ્વરૂપ ભગવાન ઇશ્વર પોતાની ઇચ્છાથી કયા રૂપથી પ્રકટ થશે તે કોઇ જાણી શકતું નથી. તેથી વિધિ વ્યર્થ છે. તેથી ફલ નિયત નથી, કારણ કે તે અનેક રીતે પ્રાપ્ત થાય છે. તેમાં પણ દેહના અવસાન સમયે જે કર્મ કરવામાં આવે તે જ ફલ આપનાર હોય છે. આ કર્મનું ફલ આપવા ઇશ્વર પોતાની ઇચ્છાથી કેવા રૂપથી પ્રકટ થશે તે કોઇ જાણી શકતું નથી. જો જીવ ઉપર કૃપા હોય તો ભગવાન શુભરૂપથી પ્રકટ થાય છે. અને જો તેના તરફ ક્રોધ હોય તો અશુભરૂપે પ્રકટ થાય છે. જો કોઇ ભકત ભગવાનનો ભક્ત અધમતાને પ્રાપ્ત થયેલ હોય તો તેના ઉપર કૃપા થતાં તેનો કોઇવાર ઉધ્દ્ધાર કરે છે. આ ભકતે નિષિધ્દ્ જ કર્મ કર્યા હોય તો પણ ભગવાન શુભરૂપથી પ્રકટ થઇ તેનો ઉધ્દ્ધાર કરે છે, તેવી જ રીતે ભગવાનની આજ્ઞા ન હોવા છતાં જે તપ કરે છે તેઓ શરીરમાં રહેલા પ્રભુને પીડે છે*(* જૂઓશ્રીમદ્ભાગવદ્ગીતા ૧૭-૬) તેથી ભગવાનનો તેમના ઉપર ક્રોધ થાય છે. તેથી ભગવાન તેમને નરકમાં નાખે છે

અથવા કુતરા વિગેરે નીચ યોનિમાં મૂકે છે. વળી કોઇકવાર ભગવાન પોતાની ઇચ્છાથી તેના પર પ્રસન્ન થાય તો તેનો પણ ઉધ્ધાર કરે છે. તેથી ઇશ્વર શું કરશે તે કોઇ જાણી શકતું નથી અને કર્મનું ફલ સદા અચોક્કસ છે. *(*તત્વદીપ પ્રકાશ ૨.૨૬૫)

## પાઠ ૧૩. કર્મમાર્ગ

કર્મમાર્ગ જ ઉપર જણાવ્યો તેવો હોવાથી ભગવાન પોતે શ્રીમદ્ધ્ગવદ્ગીતા ૪. ૧૭માં કર્મ સંબંધી પોતાનો અભિપ્રાય દર્શાવે છે.

**कर्मंणो ह्यपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मणः ।**
**अकर्मणश्च बोद्धव्यं गहना कर्मणो गतिः ॥**

કર્મમાં બહુ જ સાવચેત રહેવાનું છે. વિહિત કર્મ કરવામાં પણ બહુ વિચારવાનું છે. **'विहितेऽपि विचारः कर्तव्यः । किं भगवदिच्छाऽस्ति । तथा सति कर्तव्यम् । नो चेन्न कर्तव्यमिति । तथा विकर्मणस्तूष्णीं भावादपि | कलावग्निहोत्रादिकं न कर्तव्यमिति । अत्रापि विचारः कर्तव्यः किमीश्वरेच्छा करणे ऽकरणे वेति । तथा निषिद्धे ऽपि विचार: कर्तव्यः । किं ब्राह्मणो हन्तव्यो न वेति । भगवदिच्छायां हननमेव हितकारि । यथा द्रोणादीनाम् ।**

શ્રીમદાચાર્યચરણ શ્રીમદવલ્લભાચાર્ય તત્ત્વદીપમાં ઉપર કહેલ શ્રીમદ્ભગવદ્ગીતાના શ્લોકનું અવતરણ કરી તેના ઉપર પોતાની પ્રકાશ નામની ટીકામાં ઉપર મુજબ કહે છે. તેનું અક્ષરશઃ ગુજરાતી ભાષાંતર નીચે પ્રમાણે છે.

'વિહિતમાં પણ વિચાર કરવો જોઈએ કે ભગવાનની ઇચ્છા છે ? જો તેમ હોય તો કરવું જોઈએ. તેમ ન હોય તો કરવું ન જોઈએ. તેમજ વિકર્મથી અને શાંત રહેવાથી (કર્મ કર્યા વિના રહેવાથી). જેમકે કલિમાં અગ્નિહોત્ર વિગેરે કરવાં જોઈએ નહિ. અહિ પણ વિચાર કરવો જોઇએ કે ઇશ્વરની ઇચ્છા હું કરૂં તેવી છે કે ન કરૂં તેવી છે. તેમજ નિષિધ્ધ કર્મમાં પણ વિચાર કરવો જોઇએ કે બ્રાહ્મણને હણવો કે નહિ. ભગવાનની ઇચ્છા હોય તો હણવો એજ હિતકારિ છે, જેમ દ્રોણ વિગેરેનાં (હનન હિતકારિ હતાં તેમ).'

વિહિત કર્યું એટલે વેદમાં જે અવશ્ય કરવાનાં કહેલાં છે તેવાં અગ્નિહોત્ર વિગેરે કર્મ કરવામાં પણ જીવે વિચારવું જોઈએ કે ભગવાનની ઈચ્છા શું છે ? હું આ અગ્નિહોત્ર વિગેરે વિહિત કર્મ કરૂં તેવી ભગવાનની ઇચ્છા છે કે હું તે કર્મ ન કરૂં તેવી ભગવાનની ઇચ્છા છે, એ કર્મ કરતાં પહેલાં જીવે વિચારવું જોઇએ. જો તેને વિચાર કરતાં એમ જણાય કે ભગવાનની ઇચ્છા અગ્નિહોત્ર વિગેરે વિહિત કર્મ હું કરૂં તેવી છે તો તેણે તે કર્મ કરવાં જોઈએ, અને જો વિચાર કરતાં તેને એમ જણાય કે આ અગ્નિહોત્ર વિગેરે વિહિત કર્મ હું ન કરૂં તેવી ભગવાનની ઇચ્છા છે તો કે કર્મ વિહિત હોવા છતાં, વેદમાં તે કર્મ કરવાની આજ્ઞા હોવા છતાં તે કર્મ તેણે ન કરવાં જોઈએ. જેવી રીતે વિહિત કર્મમાં વિચાર કરવો જોઇએ તેવી જ રીતે નિષિધ્ધ કર્મમાં તથા અકર્મમાં પણ વિચાર કરવો જોઇએ. નિષિધ્ધ કર્મ એટલે વેદમાં જે કર્મ ન કરવાં એવી આજ્ઞા કરી હોય તેવાં કર્મ, જેમ કે **ब्राह्मणो न हन्तव्य:**' 'બ્રાહ્મણને હણવો નહિ'. વેદમાં બ્રાહ્મણને હણવાની મના કરેલી હોવાથી બ્રહ્મહત્યા એ નિષિધ્ધ કર્યું છે. આવાં નિષિધ્ધ કર્મમાં પણ વિચાર કરવો જોઇએ કે હું આ બ્રાહ્મણને હણું કે ન હણું ? ભગવાનની ઇચ્છા શું છે ? હું આ બ્રાહ્મણને હણવાનું નિષિધ્ધ કર્મ કરૂં તેવી છે કે ન કરૂં તેવી છે ? જો વિચાર કરતાં હું આ બ્રાહ્મણને હણવાનું નિષિધ્ધ કર્મ કરૂં એવી ભગવાનની ઈચ્છા છે એમ જણાય તો બ્રાહ્મણને હણવો અને બ્રહ્મહત્યાનું નિષિધ્ધ કર્મ કરવું એ જ હિતકારિ છે. જેમ દ્રોણ બ્રાહ્મણ હોવા છતાં તેને અર્જુને હણવો એવી ભગવાનની ઇચ્છા જણાતાં અર્જુને દ્રોણની હત્યા કરી; તે પ્રમાણે આ નિષિધ્ધ કર્મ મારે કરવું જોઇએ એવી ભગવાનની ઇચ્છા જણાય તો તે કર્મ કરવાની વેદમાં મના હોવા છતાં જીવે તે કર્મ કરવું જોઇએ; એવા સંજોગોમાં નિષિધ્ધ કર્મ પણ કરવું એ જ હિતકારિ છે. તેવી જ રીતે અકર્મમાં પણ વિચાર જ કરવો જોઇએ. અકર્મ એટલે કર્મ કર્યા વિના રહેવું તે, શાંત રહેવું તે. કલિકાલમાં અગ્નિહોત્ર વિગેરે કર્મ કરવાં ન જોઇએ. કર્મ ન કરતાં શાંત રહેવું જોઇએ. (કલિકાલમાં સર્વ જીવો સ્વાધ્યાય વિગેરે ક્રિયાથી હીન છે, આચારથી વિમુખ છે, પ્રાત્ય જેવા છે. વૈદિક ધર્મ કલિમાં થઇ શકે તેમ નથી, વર્ણાશ્રમવાળાના મુખ્ય ધર્મનો નાશ થઇ ગયેલ છે અને છલથી જે કરવામાં આવે છે તે ધર્મ હોઇ શકે જ નહિ અને તેનાથી ઉધ્ધાર થતો

નથી. તેથી કલિકાલમાં વૈદિક કર્મ મુક્તિનું સાધન થતું નથી એમ તત્ત્વદીપ ૨. ૨૦૯, ૨૧૧, ૨૨૧ વિગેરે સ્થલે શ્રીમદાચાર્યચરણે સ્પષ્ટ કહેલ છે. તેથી કલિમાં વૈદિક કર્મથી ઉધ્ધાર નહિ હોવાથી એવાં કર્મ નહિ કરતાં શાંત રહેવું તે અકર્મ.) અહિં કર્મ નહિ કરતાં શાંત રહેવામાં પણ વિચાર કરવો જોઇએ કે ઇશ્વરની શું ઇચ્છા છે ? ઇશ્વરની ઇચ્છા હું કર્મ કરૂ તેવી છે કે કર્મ નહિ કરતાં શાંત રહું તેવી છે ? એમ વિચાર કરતાં ઇશ્વરની જેવી ઈચ્છા જણાય તે પ્રમાણે વર્તવું એ જ શ્રેષ્ઠ છે. આમ હોવાથી કર્મની ગતિ ઘણી ગહન છે. સપ્રકાશ તત્ત્વદીપ ૨-૨૬૬.

માત્ર ઇશ્વરેચ્છા જ કર્મફલમાં પ્રતિબંધક છે એટલું જ નહિ, પરંતુ કર્મ જ એક બીજાનો વખતે વખતે નાશ કરે છે. જેમકે અવસર વિના અથવા કઅવસરે નમસ્કાર કરવાથી અર્ધપુણ્યનો નાશ થાય છે, બકરીની રજ તથા ખરની રજ પ્રથમ કરેલાં પુણ્યનો નાશ કરે છે. કોઇ કોઇ વાર કર્મનું ફલ ઘણું અનિષ્ટ આવે છે, જેમ કે વિધ્ધા એકાદશીનો ઉપવાસ કરવાથી ગાંધારીના એકસો પુત્રનો નાશ થયો. અતિથિ વિમુખ જાય તો પુણ્ય લઇને જાય છે. આમ હોવાથી કર્મમાર્ગ ઘણો દુઃખદાયક અને જોખમવાળો છે. તત્ત્વદીપ ૨.૨૬૮,

## પાઠ ૧૪ પ્રકીર્ણ માર્ગ.

જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગમાં વાસ્તવિક રીતે સમાવેશ ન થાય, પરંતુ કર્મમાર્ગનાં જેવાં જ ફલ આપનાર કેટલાક પરચુરણ માર્ગો છે તે અહિં સંક્ષેપથી કહીએ.

વેદમાં છાંદોગ્ય ઉપનિષમાં આ માર્ગોના ફલ સંબંધી ‘જન્મ પામો, મરણ પામો’ એમ કહેલ છે. આ માર્ગો જ્ઞાનમાર્ગ નથી તેમજ કર્મમાર્ગ પણ નથી, પરંતુ કર્મમાર્ગથી કોઇ રીતે વધારે સારા નથી તેથી તેમની કર્મમાર્ગમાં ગણના કરવામાં કાંઇ ક્ષતિ નથી.

ઉપાસનામાર્ગનું ફલ પણ જન્મ અને મરણ જ છે. કર્મમાર્ગમાં પણ દેવતા પ્રાધાન્ય હોય ત્યાં એ જ ફલ છે.

ઇશ્વરનું આલંબન એ યોગ છે. તે બહુ જન્મના વિપાકથી યોગ્ય દેહ ઉત્પન્ન કરી ભક્તિ ઉત્પન્ન કરે છે. ભગવાનની ઇચ્છાથી કરવામાં આવેલ યોગ સાંખ્ય અથવા કર્મ ભક્તિ ઉત્પન્ન કરે છે.

છલયોગ અને સાંખ્ય એ શાક્તમાર્ગ છે. એકત્ર કરેલ સાંખ્ય અને યોગનું ધર્મ માર્ગનો વિરોધ કરી અમેધ્યભક્ષણ તથા મદિરાપાનથી પોષણ કરવામાં આવે તે શાક્તમાર્ગ, શાક્તમાર્ગ માં પણ સાત ભેદ છે. ૧ વૈદિક, ૨ વૈષ્ણવ, ૩ શૈવ, ૪ શાક્ત, ૫ વામ, ૬ સિધ્ધાન્ત, અને ૭ કૌલ, તેમાં છઠ્ઠા સિધ્ધાન્તમાર્ગવાળા આસુર જ છે તેઓનો મત એવો છે કે ‘સર્વ મિથ્યા છે, કર્મ અને ભક્તિ બાધક છે તેમનો સદા ત્યાગ કરવો જોઇએ’ તેઓ માત્ર વાણીથી મોહ ઉત્પન્ન કરે છે. તેમને લોકની અપેક્ષા છે. સાતમા કૌલને લોકની અપેક્ષા નથી, એ આ બે માં ભેદ છે. ચોથા અને પાંચમા શાક્ત અને વામનો મત એવો છે કે ત્રિપુરસુંદરી વિગેરે શક્તિઓની સેવા કરવી અને યોગ સાધવો. આ બેમાં પણ કૌલ અને સિધ્ધાન્તના જેવો જ ભેદ છે, બીજા અને ત્રીજા વૈષ્ણવ અને શૈવ શક્તિના પાદ તરીકે પંચભૂતમાં વિષ્ણુ અને શિવને મૂકે છે. વસ્તુતઃ શબ્દમાત્રથી કોઇને દોષની પ્રાપ્તિ થતી નથી. અર્થાત્ વિષ્ણુ અને શિવ ભૂત થતા નથી. તેથી અમુક ભૂતનું ‘વિષ્ણુ’ અમુકનું ‘શિવ’ એમ નામ પાડી શક્તિના પાદ તરીકે તેની ઉપાસના કરે છે. પ્રથમ પ્રકારના વૈદિક શાક્ત કર્મમાં આસકત રહે છે. લૌકસંગ્રહ માટે અને બીજાથી સાતમા પ્રકાર સુધીના શાક્તોનું લોકમાં સન્માન થાય તે માટે તેઓના સેવકો કર્મમાં આસક્ત રહે છે. તે વૈદિક શાક્ત કહેવાય છે. શાક્તોનું શાસ્ત્ર શિવજીએ કાલમાં ઉત્પન્ન થનાર આસુરોને મોહ ઉત્પન્ન કરવા અને તેઓનો ક્ષય કરવા કહેલું છે. આ સાતે શાકતોનો ભગવન્માર્ગમાં રહેનાર ભક્તોએ સર્વથા ત્યાગ કરવો; કારણ કે આવા મહાપાતકીના સંસર્ગથી પણ મહાપાતકી થઇ જવાય.

આ સિવાય મુખ્ય ચાર પ્રકારના બૌધ્ધ છે. ૧ માધ્યમિક, ૨ સૌત્રાંતિક, ૩ વિજ્ઞાનવાદી અને ૪ ચાર્વાક. તેઓમાં ગૌણ ભેદો અનેક છે. તેઓનું લોકાયત શાસ્ત્ર બૃહસ્પતિએ રચેલું છે. આધુનિક સમયમાં ભગવાને જ બુધ્ધરૂપે અવતાર લઇ વેદનિંદારૂપ શાસ્ત્ર કહેલું છે.

આ અને બીજા સર્વ માર્ગો જેમાં વેદમાર્ગથી વિરૂધ્ધ કાંઇ પણ આચરણ છે તે સર્વ પાખંડ માર્ગ છે. જેઓ વેદમાર્ગથી વિરૂધ્ધ જરાપણ આચરણ કરે છે તે સર્વે પાખંડીઓ છે, સર્વ પાખંડીઓનો નિવાસ નરકમાં થાય છે. નરકમાંથી પુનઃ આવૃત્તિ થાય ત્યારે શૂકર વિગેરે ક્ષુદ્ર યોનિમાં તેઓનો જન્મ થાય છે.(તત્ત્વદીપ ર. ૨૬૯ થી ૨૮૦).

## પાઠ ૧૫. જ્ઞાનમાર્ગ,

ભગવત્પ્રાપ્તિનું સાધન શું ? આ પ્રશ્ન ઉદ્ભવે ત્યાં લોકમાં સામાન્ય રીતે જ્ઞાનને સાધન કહેવામાં આવે છે; પરંતુ જ્ઞાનથી ભગવાનની પ્રાપ્તિ થતી નથી 'तमेव विदित्वा ऽतिमृत्यमेति ' શ્રુતિ પણ બ્રહ્મના જ્ઞાનથી દુઃખની જ નિવૃત્તિ થાય છે એમ કહે છે, પરંતુ જ્ઞાનથી પરમાનંદની પ્રાપ્તિ થતી નથી. પરમાનંદની પ્રાપ્તિ માત્ર ભક્તિથી જ થાય છે. જ્ઞાનથી દુઃખ દૂર થાય છે તે પણ માત્ર ઉપર ઉપરનું દેખાવું દુઃખ જ દૂર થાય છે, મૂલથી જતું નથી. ભક્તિથી જ દુઃખ મૂલથી દૂર થાય છે. જ્ઞાનથી મનોરાજ્ય થાય છે. શબ્દ શ્રવણ કરવાથી જ્ઞાન થાય તેનાથી મનમાં મનોરાજ્ય પેઠે ભાવના થાય છે. જ્યારે જ્ઞાનથી મન વડે મનોરાજ્ય પેઠે ભાવના થાય ત્યારે શોકની નિવૃત્તિ થાય છે. આ પ્રમાણે જ્ઞાનથી શોક દૂર થાય છે, પરંતુ વ્યાધિ વિગેરેનાં દુઃખ દૂર થતાં નથી.

જેવા તેવા જ્ઞાનથી લોકમાં ઉત્પન્ન થતા અંતઃકરણના ક્લેશ તથા શોક દૂર થાય છે, પરંતુ વ્યાધિ વિગેરેની પીડા દૂર થતી નથી. તે જ પ્રમાણે નરકનું દુઃખ તથા આસુરી જીવોને જે તમોદુઃખ થાય છે તે દૂર થતાં નથી. વ્યાધિ વિગેરેના દુઃખ, નરકદુઃખ તથા તમોદુઃખ એ ત્રણ પ્રકારનાં દુઃખ જેવા તેવા જ્ઞાનથી દૂર થતાં નથી. સર્વ*(* અધ્યાસ ચાર પ્રકારના છે. (૧) દેહાધ્યાસ, દેહને જ આત્મા જાણવો તે. (૨) ઇંદ્રિયાધ્યાસ. ઇંદ્રિયને આત્મા માનવી તે. (૩) પ્રાણાધ્યાસ. પ્રાણને આત્મા માનવો તે. (૪) અંતઃકરણાધ્યાસ. અંતઃકરણને આત્મા માનવું તે. આ ચાર અધ્યાસ તથા આત્માના સ્વરૂપનું વિસ્મરણ એ પાંચ અવિદ્યાના પ્રકાર છે. (જૂઓ તત્ત્વદીપ ૧.૩૬) અધ્યાસ દૂર થાય તો જ આ ત્રણ પ્રકારનાં દુઃખ દૂર

થાય. સર્વ અધ્યાસ દૂર થાય તેવું જ્ઞાન આધુનિક જીવોમાં હોતું નથી. આવું જ્ઞાન અવિદ્યા દૂર થાય ત્યારે જ થાય, વિદ્યાનો ઉદય થાય ત્યારે જ અવિદ્યા દૂર થાય. વિદ્યા માત્ર શબ્દથી પ્રાપ્ત થતી નથી. શાસ્ત્રનું ગમે તેટલું શ્રવણ કરવાથી વિદ્યાની પ્રાપ્તિ થતી નથી. વિદ્યાની પ્રાપ્તિ કઠિન છે. જગતમાં સદા દેહમાં રહેલા જીવનો અનુભવ થાય છે, પણ શ્રુતિમાં જીવને દેહથી જૂદો કહેલો છે. વળી વેદમાં બ્રહ્મ અને જીવને એક કહેલાં છે, પણ જગતમાં આ બ્રહ્મ અને જીવના ઐક્યને અનુભવ થતો નથી. જગતમાં દેહમાં રહેલા જીવને અનુભવ થાય છે. આ જગતમાં નિત્ય થતો અનુભવ બલવાન છે, તેથી શ્રુતિએ કરેલા ઉપદેશ (જીવ દેહ વિગેરેથી ભિન્ન છે, જીવ અને બ્રહ્મ એકછે) નો બોધ થાય છે. જગતમાં નિત્ય થતા અનુભવ પાસે વેદમાં આપેલો બોધ નિર્બલ છે. તેથી વિદ્યા પ્રાપ્ત થવી બહુ કઠિન છે. તેથી વૈરાગ્ય વિગેરે સાધનોનું આચરણ કરવામાં આવે, શ્રુતિના ઉપદેશનું નિત્ય મનન અને નિદિધ્યાસન કરવામાં આવે ત્યારે નિત્યના અભ્યાસથી શ્રુતિએ આપેલ ઉપદેશ બલવાન થાય અને મનમાં 'હું બ્રહ્મ છું' એવી વૃત્તિ ઉત્પન્ન કરે. આવી રીતે 'હું બ્રહ્મ છું' એવું મનમાં વારંવાર ભાવના થાય ત્યારે જગતમાં દેહમાં રહેલા જીવનો જે અનુભવ થાય છે તેનો બોધ થાય, અને વિદ્યાની પ્રાપ્તિ થાય. આવી રીતે વિદ્યાની પ્રાપ્તિ થવામાં શબ્દ એટલે શ્રુતિ અથવા વેદ સહકારિ કારણ થાય છે અને મન કરણ થાય છે. મન કરણ થયા વિના વિદ્યાની પ્રાપ્તિ થતી જ નથી. વિદ્યાપ્રાપ્તિ થવામાં શબ્દ અથવા વેદ જ કરણ છે એમ જે કહે છે તેઓ ભ્રાંતજ છે, કારણ કે આત્મા વિષેના જ્ઞાનની પ્રાપ્તિમાં મન સિવાય બીજું કાંઇ કરણ થઇ શકતું જ નથી. આંખ, કાન વિગેરે બહારની ઇંદ્રિયોમાં બહારના વિષયોનું જ્ઞાન કરાવવાનું સામર્થ્ય છે. તેઓમાં આત્માનું જ્ઞાન કરાવવાનું સામર્થ્ય છે જ નહિ. તેથી માત્ર શબ્દ ગમે તેટલી વાર વિચારવામાં આવે તોપણ વિદ્યા પ્રાપ્ત કરાવતો નથી. અધ્યાસરૂપ અવિદ્યા વિદ્યાપ્રાપ્તિમાં પ્રતિબંધ છે. તેથી જ્યાંસુધી પ્રતિબંધરૂપ અધ્યાસ રહે ત્યાં સુધી વિદ્યા પ્રાપ્તિ થતી નથી અને દેહથી જૂદા આત્માનો અનુભવ થતો નથી. પ્રતિબંધ દૂર થાય ત્યારે જ કાર્ય સિદ્ધ થાય. માત્ર શબ્દથી અધ્યાસ દૂર થાય નહિ, તેથી માત્ર શબ્દથી જ્ઞાનનો ઉદય થતો નથી. ઉપર જણાવ્યું તેમ વૈરાગ્ય વિગેરે સાધનો સહિત વારંવાર શ્રવણ મનન

નિદિધ્યાસન કરી ઘણો પ્રયાસ કરવામાં આવે ત્યારે જ વિદ્યાનો ઉદય થતાં જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તેથી શબ્દનું શ્રવણ કરતાં મનથી જ્ઞાન થાય છે એમ પણ માનવું નહિ, કારણ કે માત્ર શબ્દનું શ્રવણ કરવાથી જ જ્ઞાનની ઉત્પત્તિ થતી હોય તો વૈરાગ્ય વિગેરે સર્વ સાધન વ્યર્થ થાય; અને વેદનું શ્રવણ કરતાં જ જ્ઞાનની પ્રાપ્તિ થઇ જાય; પરંતુ તેમ થતું નથી.

શબ્દમાત્રથી જ્ઞાન થતું નથી તેમાં આશ્ચર્ય પણ નથી. પ્રલય સમયમાં આત્માનું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે છતાં તે સમયે માયાથી જ્ઞાન થાય છે. જીવ તે સમયે પણ માયાને અધીન છે. જેમ સ્વપ્નમાં જાત જાતના અનુભવ થાય છે પણ તે સમયે નિદ્રા જતી નથી, તેમ પ્રલય સમયે આત્માનું પ્રત્યક્ષ જ્ઞાન થતું હોવા છતાં તે સમયે અવિદ્યા દૂર થએલી હોતી નથી. જેમ માયા જાત જાતની અવસ્થા ઉત્પન્ન કરે છે તેમ જ્ઞાનની અવસ્થા પણ ઉત્પન્ન કરે છે. સત્ય જ્ઞાન તો માયા જ્યારે દૂર થાય ત્યારે જ થાય. જેનાથી માયાને તરી જવાય તેનાથી જ સત્ય જ્ઞાન થાય.

વળી જ્ઞાનવાદીઓ જીવ પોતાને બ્રહ્મ તરીકે જાણે તેને પુરૂષાર્થ માને છે. આવું જ્ઞાન બ્રહ્મના સ્વરૂપનું જ્ઞાન થયા પછી જ સંભવે, કારણ કે બ્રહ્મ શું છે તે જાણ્યા વિના 'હું બ્રહ્મ છું' એમ કેમ કહી શકાય ? તેથી પ્રથમ બ્રહ્મના સ્વરૂપનું જ્ઞાન થાય ત્યાર પછી જ 'હું બ્રહ્મ છું' એવું જ્ઞાન થઇ શકે. છીપમાં 'આ રૂપું છે' એમ રૂપું હોવાનો ભ્રમ થાય છે, પરંતુ જેને રૂપાનું જ્ઞાન છે તેને જ તેવો ભ્રમ થાય છે. જેને રૂપાનું જ્ઞાન નથી, જેને રૂપું શું છે તે ખબર નથી તેને છીપમાં 'આ રૂપું છે' તેવો ભ્રમ થઇ શકે જ નહિ. તેમજ જેને બ્રહ્મ શું છે તેનું જ્ઞાન હોય તેને જ 'હું બ્રહ્મ છું' તેવું જ્ઞાન થઇ શકે. તેથી બ્રહ્મજ્ઞાન થયા પછી જ પોતાને બ્રહ્મ તરીકે જાણી શકાય. પણ બ્રહ્મજ્ઞાન થતાં જ સર્વ પુરૂષાર્થની સિધ્ધિ થાય છે. તેથી બ્રહ્મજ્ઞાન થયા પછી, 'હું બ્રહ્મ છું' એમ પોતાને બ્રહ્મ તરીકે જાણવાની જરૂર રહે જ નહિ. તેથી આત્મજ્ઞાન વ્યર્થ થઇ જાય.

જેમ સ્વપ્ન અને જાગ્રતાવસ્થા એક બીજાના વૈરી છે, જ્યારે સ્વપ્ન હોય ત્યારે જાગ્રતાવસ્થા હોતી નથી અને જ્યારે જાગ્રતાવસ્થા હોય ત્યારે સ્વપ્ન હોતું નથી; તેમ વિદ્યા અને અવિદ્યા એકબીજાના વૈરી છે. જ્યાંસુધી અવિદ્યા હોય ત્યાં

સુધી વિદ્યા પ્રાપ્ત થતી નથી. આ વાતનો નિર્ણય કરી શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું છે કે **'मामेव ये प्रपध्यन्ते मायामेत तरन्ति ते'** 'જેઓ મારી જ ભક્તિ કરે છે તેઓ આ માયાને તરી જાય છે" માયા એટલે અવિદ્યાને તરી સત્ય જ્ઞાન પ્રાપ્ત કરવાનો ઉપાય, પણ શ્રીકૃષ્ણની અનન્ય ભક્તિ જ છે. અહિ **'एव'** 'જ' શબ્દ યોજેલો છે તેથી શ્રીકૃષ્ણની અનન્ય ભક્તિ સિવાય બીજો કોઇ માયા તરવાનો ઉપાય છે જ નહિ એમ કહેલું છે. જ્ઞાન વિગેરે સર્વ સાધનો ભગવાન શ્રીકૃષ્ણચંદ્રને અધીન છે. તેથી આ જ્ઞાન તપ વિગેરે સાધનમાત્રનો વિશ્વાસ તજી બુધ્દ્ધિશાળી પુરૂષે શ્રીકૃષ્ણની જ ભક્તિ કરવી. (તત્ત્વદીપ ૨. ૨૮૯ થી ૨૯૯)

## પાઠ ૧૬ ભક્તિમાર્ગ.

ભક્તિમાર્ગ સર્વમાર્ગમાં ઉત્તમ છે. જ્ઞાન, કર્મ વિગેરે સર્વ સાધન ભગવાનને અધીન છે. ભગવાનની ઇચ્છા વિના તેઓ કાંઇ ફલ આપી શકતા નથી, તેથી આ સર્વ સાધનમાં વિશ્વાસ ન રાખતાં ભગવાનની ભક્તિ કરવી એ જ ઉચિત છે. અનામય શ્રીકૃષ્ણચંદ્રની ભક્તિ કરનાર કોઇ પણ જીવ મુક્ત ન થયો હોય તેવું આ જ દિવસ સુધી કોઇવાર સાંભળ્યું નથી ને જોયું પણ નથી શ્રીકૃષ્ણની ભક્તિ કરનારને સર્વથા મુક્તિ પ્રાપ્ત થાય છે જ, કારણ કે શ્રીકૃષ્ણની ભક્તિ કરનાર ગોપીઓ અને ગાયોને . પણ મુક્તિ પ્રાપ્ત થઇ. ગોપીઓ શ્રીકૃષ્ણના સ્વરૂપને જાણતી ન હતી, સ્ત્રી હોવાથી તેમને વેદનો અધિકાર ન હતો, તેઓને વૈદિક કર્મ અથવા જ્ઞાન કાંઇ પણ સાધન ન હતું, છતાં શ્રીકૃષ્ણની ભક્તિથી તેઓ મુક્ત થયાં, જ્ઞાન, કર્મ વિગેરેને સાધન કહેલાં છે તે લોકોને ખુશ રાખવા જ કહેલાં છે. તેમાં અસત્ય પણ નથી, કારણ કે ભગવાનની કૃપા થાય ત્યારે જ્ઞાન, કર્મ વિગેરે પણ ફલ પ્રાપ્ત કરાવે છે. ભગવાનની કૃપા વિના તેઓ કદાપિ ફલપ્રાપ્તિ કરાવી શકતાં નથી. તેથી તેઓ વાસ્તવિક સાધન નથી. વાસ્તવિક સાધન માત્ર ભગવત્કૃપા જ છે. જ્ઞાનને મોક્ષનું સાધન કહેલું છે ત્યાં પણ 'જીવ અને બ્રહ્મ એક છે' એ જ્ઞાન મોક્ષનું સાધન નથી, પરંતુ બ્રહ્મના સાક્ષાત્કારરૂપ જ્ઞાનને જ મોક્ષનું સાધન કહેલું છે. ભગવાન અથવા બ્રહ્મનો આવિર્ભાવ થાય ત્યારે જ તેમનો

સાક્ષાત્કાર થઇ શકે. જેનું તે વરણ કરે છે તેને જ તે પ્રાપ્ત થાય છે' શ્રુતિ કહે છે તેમ ભગવાનનો આવિર્ભાવ ભગવાન જેનું વરણ કરે તેને જ થાય છે. વરણ કોનું કરવું તે ભગવાનની ઈચ્છા ઉપર જ આધાર રાખે છે, તેથી વરણ થવું ભગવાનને જ અધીન છે, અને ભગવાન પ્રેમને અધીન છે. તેથી ખરૂં સાધન જ્ઞાન નથી પણ પ્રેમરૂપ ભક્તિ જ છે. તેથી જ ભગવાને પોતે 'જે યોગથી, સાંખ્યથી, દાનથી, વ્રતથી, તપથી, યજ્ઞથી, વ્યાખ્યાનથી, સ્વાધ્યાયથી અને સંન્યાસથી યત્ન કરવા છતાં પ્રાપ્ત થઇ શકે નહિ'* (*શ્રીમદ્ભાગવત ૧૧-૧૨-૯) 'તેથી હે ઉદ્ધવ તું ક્રિયા, પ્રતિક્રિયા, પ્રવૃત્તિ અને નિવૃત્તિ, શ્રોતવ્ય અને શ્રુતનો ત્યાગ કરી સર્વદેહીઓના આત્મારૂપ મારા એકલાને જ શરણે સર્વાત્મભાવથી આવ, તેથી તને મોક્ષ પ્રાપ્ત થશે' (શ્રીમદ્ભાગવત ૧૧-૧૨-૧૪,૧૫) એમ માત્ર પોતાની અનન્ય ભક્તિને જ સાધન કહેલી છે. યોગ સાંખ્ય વિગેરે ભગવાનને પ્રાપ્ત કરવાનાં સાધન નથી એમ ભગવાન પોતે જ કહે છે, તેથી બીજું કોઇ આ યોગ વિગેરેને ભગવત્પ્રાપ્તિનું સાધન કહે તો તે વૃથા છે. કર્મ, યોગ, જ્ઞાન વિગેરે સર્વ ભગવાનના આવિર્ભાવના હેતુ થાય છે; એટલે કર્મ, યોગ વિગેરેથી પણ ભગવાનનો આવિર્ભાવ થાય છે, પણ આ સાધનોથી ભગવાન ઉદાસીનતાથી આવિર્ભાવ પામે છે. પોતે વેદમાં જે વાક્યો ઉચ્ચારેલ છે તે સત્ય કરવા ભગવાન કર્મ યોગ વિગેરેથી પણ આવિર્ભૂત થાય છે, પણ આ સાધનોથી ભગવાન ઉદાસીનતાથી આવિર્ભૂત થાય છે અને તેથી સર્વથા મુખ્ય ફલ આપતા નથી. આથી ઉલટું ભક્તિ હોય ત્યાં ભગવાન ઘણા આદર સહિત પ્રકટ થાય છે અને મુખ્ય ફલનું દાન કરે છે. તેથી ભક્તને સ્વરૂપાનંદની પ્રાપ્તિ થાય એમાં સંશય જ નથી.

સાંખ્ય, યોગ અને ભક્તિ સહન, ખનન અને ગંગાતીર સ્થિત જેવા છે. સાંખ્ય અથવા જ્ઞાનમાર્ગમાં દુઃખ પડે ત્યારે તેનો ઉપાય દુઃખનું સહન છે, જેમ કે તૃષા લાગી હોય તો તૃષા સહન કરવી એ તેનો ઉપાય. યોગમાર્ગમાં તેનો ઉપાય ખનન એટલે કૂવો ખોદવો તે છે કૂવો ખોદી જલ પ્રાપ્ત કરી તૃષા નિવારવી એ યોગમાર્ગનો ઉપાય છે. ભક્તિમાર્ગ તો ગંગાતીરે સ્થિતિ જેવો છે. કારણ કે આ માર્ગમાં દુઃખ દૂર કરનાર ભગવાન પ્રકટ જ છે. તેમાં પણ જો પ્રેમ હોય, તો ગંગા પોતે ઉદ્યમ કરી જલપાન કરાવે તે પ્રમાણે આ માર્ગમાં ભગવાન પોતે ભક્તના

સર્વ દુઃખનું નિવારણ કરે છે. જેમ પિતા બાલકનું સુખ વિચારે છે અને બાલકને સુખ થાય તેમ કરે છે તેમ ભગવાન ભક્તનું સુખ વિચારે છે અને ભક્તને સુખ થાય તેમ કરે છે, સ્નેહ માર્ગ જ એવો છે, કે ભગવાન ફલરૂપ હોવા છતાં સાધન પણ થાય છે, સ્નેહમાર્ગમાં આ પ્રમાણે સાધનરૂપ થવામાં દોષ નથી. પ્રેમથી જ ગોપીઓએ ભગવાનની સેવા કરી તેથી ભગવાન તેઓને અદેય કામનું પણ દાન કર્યું. અહિ લૌકિક ન્યાયથી વિચાર કરવો યોગ્ય નથી કારણ કે ભગવાન પૂર્ણકામ છે. ભગવાન પૂર્ણકામ હોવાથી તેમને કામની ઇચ્છા નથી, છતાં ગોપીઓને કામનું દાન કર્યું. લોકમાં કામની ઇચ્છા વિનાનો કોઇ એ પ્રમાણે કામનું દાન કરતો નથી. તેથી લૌકિકન્યાયથી આવો વિચાર કરી શકાય નહિ.

જેનાં દર્શન થાય તેનાંમાં પ્રેમ કરી શકાય. જેનાં દર્શન થાય તેનામાં પ્રેમ શી રીતે કરી શકાય ? તેથી પ્રભુમાં પ્રેમ થઇ શકે તે માટે પ્રભુનાં દર્શન કરવાનો ઉપાય કહેવામાં આવે છે. નિષ્કામ રહી પોતાની યોગ્યતા પ્રમાણે છિદ્રરહિત સેવા કરવાથી પ્રભુનાં દર્શન કરી શકાય છે. દર્શન કરવાનો બીજો કોઇ ઉપાય નથી. નિષ્કામ રહી પોતાની યોગ્યતા પ્રમાણે ભગવાનની સેવા કરવી. બહુ જ સેવા કરવાનું પ્રયોજન નથી તેમજ બહુ ઓછી સેવા કરવી નહિ. પોતાની યોગ્યતા પ્રમાણે થઇ શકે તેટલી સેવા કરવી, પણ નિષ્કામ સેવા કરવી. 'સર્વ પ્રાણીઓ ઉપર દયા રાખવાથી, જે મળી આવે તેનાથી સંતોષ રાખવાથી, અને સર્વ ઇંદ્રિયોની ઉપશાંતિ રાખવાથી ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર તરત જ પ્રસન્ન થાય છે. (શ્રીમદ્‌ભાગવત ૪-૩૧-૧૯) વળી 'જેઓ તમારા (ભગવાનના) કર્મનું શ્રવણ કરે છે, ગાન કરે છે, વારંવાર વખાણ કરે છે, સ્મરણ કરે છે અને તેનાથી આનંદ પામે છે તેઓ જ ભવપ્રવાહની નિવૃત્તિ કરનાર આપના ચરણકમલનાં તરત જ દર્શન કરે છે' (શ્રીમદ્‌ભાગવત ૧-૮-૩૬) વાક્યમાં પણ ભગવાનના ચરણકમલનાં દર્શન કરવાનો ઉપાય કહેલો છે. આ પ્રમાણે ભગવાનનાં દર્શન કરવાનાં અંતરંગ અને બહિરંગ સાધન કહ્યાં. આથી પણ ઉત્તમ દર્શનનું સાધન એ છે કે ભગવાનના ભકતોની સંગતિથી ભગવાનમાં આસક્તિ થતાં અન્ય સર્વ અપેક્ષાનો ત્યાગ કરી માત્ર ભગવાનની જ સેવા કરવી. આ ભગવાનના દર્શન કરવાનો ઉત્તમ ઉપાય છે. (જૂઓ શ્રીમદ્‌ભાગવત ૩-૨૫-૩૪,૩૫)

ભગવદવતાર કપિલ મુનિએ બીજાં જે સાધન મુક્તિનાં કીધાં છે તે પાક્ષિક સાધન છે. દેવહૂતિને મુક્તિ મળી પણ તે કયા હેતુથી અથવા કયા નિમિત્તથી ભગવાને આપી તે જણાતું નથી. મુખ્ય સાધન પ્રેમ જ છે. પ્રેમથી સેવા કરવાથી સર્વત્ર સેવ્ય વશ થાય છે. પ્રેમને બીજા કોઇ સાધનની અપેક્ષા નથી. યોગ વિગેરે સાધનને ભક્તિની અપેક્ષા રહે છે. ભક્તિ સાથે આ સાધન હોય તો કોઇ કોઇ વાર મુક્તિ થાય છે. આ સાધનોથી ભગવાન ઉદાસીનતાથી આવિર્ભૂત થઇ કદાચ ફલ આપે છે, પણ ભક્તિથી ભગવાન અતિ આદર સાથે આવિર્ભૂત થઇ મુખ્ય ફલનું દાન કરે છે જ. પ્રેમના જેવું કાંઇ સાધન નથી. પ્રેમ મુખ્ય સાધન છે. ભગવાનમાં પ્રેમ ઉત્પન્ન કરવાનું મુખ્ય સાધન શ્રીમદ્‌ભાગવત છે. શ્રીમદ્‌ભાગવતના શ્રવણથી ભગવાન ઉપર પ્રેમ થાય છે જ. આ શ્રવણ બરાબર થવું જોઇએ. (૧) ભગવદ ભક્તના મુખથી શ્રવણ થવું જોઇએ. (૨) શ્રવણ કરનારને વૈરાગ્ય હોવો જોઇએ. તેને ભગવાન વિના કોઇની જરા પણ અપેક્ષા હોવી જોઇએ નહિ અને (૩) ભાગવતના તાત્પર્યનું બરાબર જ્ઞાન હોવું જોઇએ. આ ત્રણ શ્રવણના અંગ છે. આ ત્રણ અંગ સહિત એકવાર જ ભાગવતનું શ્રવણ કરવાથી ભગવાનમાં પ્રેમ થાય છે. જો કોઇ સર્વથા લોકમાં વિરક્ત હોય, શ્રીમદ્ભાગવતમાં અસંભાવના તથા વિપરીત ભાવના રહિત હોય, અને વિદુર અથવા ઉદ્ધવના જેમ શુધ્ધ અંતઃકરણવાળો હોય તો ભાગવતમાંથી પણ માત્ર ભગવાનની લીલાનું શ્રવણ કરે એટલે તેને અવશ્ય ભગવાનમાં પ્રેમ થાય છે, તો પછી આખા ભાગવતનું શ્રવણ કરે તો કહેવું જ શું ? તેથી ભગવાનમાં પ્રેમ થાય તે માટે શ્રીમદ્ભાગવતનું શ્રવણ કરવું. પ્રેમ એ જ મુખ્ય સાધન છે. (તત્ત્વદીપ ૨.૨૨૯ થી ૩૨૨)

## પાઠ ૧૭, ભક્તિમાર્ગ

સર્વ માર્ગમાં ભક્તિમાર્ગ ઉત્તમ છે એ આપણે જોયું. ભક્તિમાર્ગ ઉત્તમ હોવાથી ભક્તિમાર્ગ ગ્રહણ કરવો એ જ ઉત્તમ છે. ત્યારે ભક્તિ શું ? ભક્તિ કોને કહેવી ? એ પ્રશ્ન ઉદ્‌ભવે છે.

ભક્તિની વ્યાખ્યાઓ જૂદી જૂદી આપેલ છે. (૧) અથર્વ ઉપનિષદમાં **'भक्तिरस्य भजनं तदिहामुत्रोपाधिनैराश्येनैवामुष्मिन् मनः कल्पनमेतदेव च नैष्कर्म्यम्'** ભક્તિની વ્યાખ્યા આપેલી છે. ભક્તિ એટલે પ્રભુનું ભજન, આ લોક અને પરલોકની ઉપાધિઓ દૂર કરી, આ લોક અને પરલોકનું જે જે સુખ હોય તે સર્વની અપેક્ષાઓ ત્યાગ કરી પ્રભુમાં મનને પરોવવું એ (પ્રભુનું ભજન). આજ નૈષ્કર્મ્યમ  એટલે કર્મરહિત હોવાપણું, કર્મથી પર હોવાપણું છે. આ લોક અને પરલોકના ફલમાત્રની ઇચ્છા નહિ રાખતાં પ્રભુમાં જ મનને પરોવવું તે ભક્તિ (૨) શાંડિલ્ય મુનિએ ભક્તિની. **'सा परानुरक्तिरिश्वरे'** એવી વ્યાખ્યા આપેલી છે. ભગવાન ઉપર પરમ અનુરાગ એ ભક્તિ. ભગવાન ઉપર ઘણો જ પ્રેમ એ ભક્તિ. (૩) શ્રીમદાચાર્યચરણે તત્ત્વદીપનિબંધમાં **'माहात्म्यज्ञानपुर्वक सुद्रढः सर्वतोअधिकः स्नेहो भक्तिरिति प्रोक्तस्तया मुक्तिर्न चान्यथा'** એવી ભક્તિની વ્યાખ્યા આપેલી છે. પ્રભુના માહાત્મ્યનું જ્ઞાન થાય, અને પછી પ્રભુમાં ઘણો જ દૃઢ અને સર્વથી અધિક સ્નેહ થાય તે સ્નેહ ભક્તિ કહેવાય છે. આવી ભક્તિથી જ મુક્તિ પ્રાપ્ત થાય છે, બીજી રીતે મુક્તિ થતી નથી.

પ્રભુમાં મન પરોવવું, પ્રભુ ઉપર ઘણો જ સ્નેહ રાખવો એ ભક્તિ. ભક્તિની વ્યાખ્યાઓ ઉપરથી એમ સિધ્ધ થાય છે કે પ્રભુમાં નિરંતર મન પરોવેલું રાખવું અને પ્રભુ ઉપર ઘણો જ પ્રેમ રાખવો એ ભક્તિ છે.

પણ ભક્તિ કેવી રીતે થઇ શકે ? પ્રભુમાં ઘણો જ પ્રેમ રાખવો એ ભક્તિ. પ્રભુ તો અગ્રાહ્ય છે. 'જ્યાંથી વાણી પ્રાપ્ત કર્યા વિના મનસહિત પાછી ફરે છે' 'અગૃહ્ય ને ગૃહી શકાતું નથી' વિગેરે શ્રુતિઓ પ્રભુનું જ્ઞાન થઇ શકતું નથી એમ સ્પષ્ટ કહે છે, અને જેનું જ્ઞાન થતું નથી તેના ઉપર પ્રેમ થઇ શકેજ નહિ. વળી પ્રભુની ભક્તિ કરવાની ઇચ્છાવાળાએ ભક્તિનો આરંભ કર્યા પહેલાં પણ કાંઇક

કર્મ અવશ્ય કરેલાં હોવા જોઇએ ને જે કર્મ કર્યા તેનું ફલ ભોગવ્યા વિના છુટકો નથી. તે ફલ ભોગવતાં બીજાં કર્મ થાય એ પ્રમાણે કર્મનો સ્વભાવ જ એવો છે કે તે વધ્યા જ કરે, તેથી કર્મનો કોઇ દિવસ અંત આવે નહિ અને કર્મ હોય ત્યાં સુધી તેનાં ફલ ભોગવ્યા વિના પણ છુટકો નહિ. તેથી મુક્તિ પણ સંભવે નહિ. આવી શંકા થાય તો તે યોગ્ય નથી. કારણ કે જેમ ભગવાન અગૃહ્ય છે, ભગવાન ઘણા મોટા છે તેમ ભગવાન સર્વના આત્મા પણ છે. 'જે આત્મામાં રહી' વિગેરે શ્રુતિ ભગવાન સર્વના આત્મા છે એમ પણ કહે છે. આ પ્રમાણે ભગવાન સર્વધર્મના આશ્રય હોવા છતાં જ્યારે જે ધર્મ આગળ કરી ભગવાન લીલા કરે છે ત્યારે તે ધર્મનું કાર્ય જ થાય છે. ભગવાનનો સ્વભાવ સદા હિત કરવાનો જ છે. તેથી જ્યારે જે પુરૂષમાં ભગવાન તેના આત્મા તરીકે લીલા કરે છે ત્યારે તે પુરૂષને પોતાની પ્રાપ્તિ કરવામાં અનુકૂલ થાય તેવા પ્રયત્નવાળો કરે છે અને તેને પોતાની પ્રાપ્તિ કરાવે છે. તેને ભગવાનનું જ્ઞાન થાય છે અને ભગવાન ઉપર તેને ઘણો પ્રેમ થાય છે. કર્મનો સ્વભાવ વધવાનો જ છે એ ખરૂ, પરંતુ તેનાથી આમાં વિઘ્ન નાખી શકાતું નથી, પ્રત્યુત તેને પણ અહિં અનુકૂલ થવું પડે છે. જેમ ઝેરી સાપના વિષનો સ્વભાવ મૃત્યુ જ ઉત્પન્ન કરવાનો છે છતાં તે ઝેર ઉતારવાને સમર્થ વેદમંત્રો તે ઝેરને દૂર કરે છે; તે પ્રમાણે કર્મનો સ્વભાવ વધવાનો જ હોવા છતાં ભગવદર્થ કરેલાં કર્મથી કર્મના આ સ્વભાવનું નિવારણ થાય છે. વળી જેમ અજીર્ણવાળો હોય તે જેમ જેમ અન્ન ખાય તેમ તેમ અજીર્ણ વધે છે, પરંતુ અન્નનું પાચક ઔષધ ખાય તો તેથી અજીર્ણ વધતું નથી, પરંતુ ઉલટું દૂર થાય છે તેમ ભગવાનને અર્પણ કરેલું અથવા ભગવદર્થ કરેલું કર્મ કર્મને વધારતું નથી, પ્રત્યુત કર્મનો ક્ષય કરે છે. તેથી જ શ્રીમદ્‌ભાગવતમાં એકાદશ સ્કંધમાં યોગેશ્વર કહે છે કે 'કર્મનો નાશ કરવા ઓષધ પેઠે કર્મનું વિધાન કરે છે' (શ્રીમદ્ભાગવત ૧૧-૩-૪૪) વળી પ્રભુનું જ્ઞાન થઇ શકતું નથી એમ કહ્યું તે માત્ર જીવને પોતાના સામર્થ્યથી ભગવાનનું જ્ઞાન થઇ શકતું નથી. ભગવાનની ઇચ્છા હોય ત્યારે જીવને ભગવાનનું જ્ઞાન થાય છે એમાં કાંઇ સંહેદ જ નથી (શ્રીમદઅણુભાષ્ય ૪-૧-૩) તેથી પ્રભુનું જ્ઞાન પણ થાય છે, પ્રભુમાં પ્રેમ પણ થઇ શકે છે ને પ્રભુની ભક્તિ પણ થઈ શકે છે.

## પાઠ ૧૮ ભક્તિપ્રકાર.

ભક્તિ બે પ્રકારની છે. (૧) વિહિત ભક્તિ (૨) અવિહિત ભક્તિ.

ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન થાય અને ભગવાન એવા માહાત્મ્યવાળા હોવાથી તેમનામાં ઘણો સ્નેહ થાય, તે વિહિત ભક્તિ.

ભગવાનમાં કામ વિગેરે ઉપાધિથી જે ભક્તિ ઉત્પન્ન થાય તે અવિહિત ભક્તિ. આવી ભક્તિમાં કામ વિગેરે ઉપાધિ જેનાથી ભગવાનમાં સ્નેહ ઉત્પન્ન થાય છે તે કામ વિગેરે જ મુક્તિનાં સાધન થાય છે. ઉભય પ્રકારની ભક્તિથી મુક્તિ થાય છે જ. અવિહિત ભક્તિમાં કામ વિગેરે ઉપાધિ જેથી ભગવાનમાં ચિત્ત પરોવાય છે, તે ઉપાધિ જ મુક્તિનું સાધન થાય છે. કામની પેઠે દ્વેષ પણ આ પ્રમાણે મુક્તિનું સાધન થાય છે. તેથી ભગવાનનો સંબંધ માત્ર મુક્તિનું સાધન થાય છે. (અણુભાષ્ય ૩.૩.૩૯) ભગવાનનો સંબંધ થવામાં કામ, ક્રોધ, ભય, સ્નેહ, ઐકય અને સૌહૃદ એ છ સાધન છે. આ છમાંથી હરકોઇ સાધનથી ભગવાનનો સંબંધ જેને થાય તેને મુક્તિ પ્રાપ્ત થાય છે. તેમાં કામ સ્ત્રીઓને જ ભગવત્પ્રાપ્તિમાં સાધનરૂપ થાય છે, ક્રોધ શત્રુઓને જ સાધનરૂપ થાય છે, સ્નેહ સંબંધીઓને જ સાધનરૂપ થાય છે, ઐક્ય જ્ઞાનીઓને જ સાધનરૂપ થાય છે અને સૌહૃદ ભક્તોને જ સાધનરૂપ થાય છે, કારણ કે ભક્તોને જ ભગવાનનું સખ્ય પ્રાપ્ત થાય છે. આ છ પૈકી હરકોઇ એક પ્રકારનો સંબંધ ભગવાન વિષે જે નિત્ય રાખે તેને મુક્તિ પ્રાપ્ત થાય છે.

વિહિત ભક્તિ એટલે વેદાદિ શાસ્ત્રમાં જે સાધનો કહેલાં છે તે સાધનોથી ઉત્પન્ન થતી ભક્તિ. અવિહિત ભક્તિ એટલે વેદાદિ શાસ્ત્રમાં જે સાધનો કહેલાં છે તે સાધનની અપેક્ષા વિનાની ભક્તિ, જે વસ્તુ આપણે પ્રાપ્ત કરવાની છે તે ‘સાધ્ય’ કહેવાય છે, જેમ કે મુક્તિ. સાધ્ય વસ્તુ જેનાથી પ્રાપ્ત થઇ શકે તે ‘સાધન’, જેમકે જ્ઞાન અથવા ભક્તિ. જ્ઞાન અથવા ભક્તિ જે મુક્તિની પ્રાપ્તિ કરાવે છે તે ‘સાધન’ છે. આ સાધન કૃતિથી પ્રાપ્ત થાય છે. કૃતિ એટલે કર્મ, પ્રયાસ. જ્ઞાન પ્રાપ્ત કરવા માટે શાસ્ત્રનું અધ્યયન, ગુરૂની સેવા વિગેરે કૃતિ કરવી જોઇએ. તેવી જ રીતે ભગવાનનું શ્રવણ વિગેરે કૃતિ કરવાથી ભક્તિ પ્રાપ્ત થાય છે. શાસ્ત્રમાં મુક્તિનાં

સાધન જ્ઞાન અને ભક્તિ કહેલાં છે તે કૃતિથી પ્રાપ્ત થાય છે. આવી રીતે કૃતિથી પ્રાપ્ત થતાં મોક્ષનાં સાધન જ્ઞાન અને ભક્તિ જે સાધન કરવાનો શાસ્ત્રમાં બોધ કરેલો છે તે સાધનોથી મુક્તિ પ્રાપ્ત થાય તે મર્યાદામાર્ગ છે, પરંતુ આવા કોઈ પણ સાધન વિના ભગવાન પોતાના સ્વરૂપબલથી જ પોતાની પ્રાપ્તિ કરાવે છે તે પુષ્ટિમાર્ગ કહેવાય છે. મર્યાદામાર્ગમાં શાસ્ત્રમાં ઉપદેશ કરેલા સાધનોની આવશ્યકતા છે, પુષ્ટિમાં એવા કોઇ સાધનની આવશ્યકતા નથી. જે જીવનો ભગવાને જે માર્ગમાં અંગીકાર કરેલો છે તે જીવની ભગવાન તે માર્ગમાં પ્રવૃત્તિ કરાવી તે માર્ગનું ફલ તેને આપે છે. તેથી જે જીવોનો ભગવાને પુષ્ટિમાર્ગમાં અંગીકાર કરેલો છે તેમને જ્ઞાન વિગેરે સાધનોની આવશ્યકતા નથી, અને જે જીવોનો ભગવાને મર્યાદા માર્ગમાં અંગીકાર કરેલો છે તેમને જ્ઞાન વિગેરે સાધનોની આવશ્યકતા છે.

મર્યાદામાર્ગમાં જે જીવોનો ભગવાને અંગીકાર કરેલો છે તેઓને મોક્ષ પ્રાપ્ત કરાવવાની ઇચ્છા થાય ત્યારે તેઓની ભગવાનના ગુણનું શ્રવણ વિગેરેમાં પ્રવૃત્તિ થાય છે, અને એ પ્રમાણે ક્રમે ક્રમે સાધન કરતાં તેમને મુક્તિની પ્રાપ્તિ થાય છે. ભગવાનમાં તેઓનો પ્રેમ થાય છે, તેનું કારણ પણ ભગવાન મુક્તિ આપનાર છે તે જ છે. ભગવાન મુક્તિ આપનાર છે તેથી જ તેઓનો ભગવાનમાં પ્રેમ હોય છે, પરંતુ પ્રયોજન રહિત તેઓનો પ્રેમ હોતો નથી. આ મર્યાદાભક્તિનું અને મર્યાદામાર્ગનું ફલ છેવટે મુક્તિ જ છે. આ માર્ગમાં શ્રવણ વિગેરે સાધનોથી પાપનો ક્ષય થતાં ભગવાનમાં પ્રેમ ઉત્પન્ન થાય છે અને તેથી મુક્તિ થાય છે. આથી વિરૂધ્ધ પુષ્ટિમાર્ગમાં જે જીવોનો ભગવાને અંગીકાર કરેલો છે તેઓને આવી રીતે પાપ વિગેરે પ્રતિબંધો દૂર કરવાની આવશ્યકતા રહેતી નથી. ભગવાનનો જેઓ ઉપર અનુગ્રહ હોય તેઓનો જ ભગવાન પુષ્ટિમાર્ગમાં અંગીકાર કરે છે. આ માર્ગમાં પાપ વિગેરે પ્રતિબંધ કરી શકતા નથી. તેથી આ માર્ગમાં જેઓનો ભગવાને અંગીકાર કરેલો છે તેઓને શ્રવણરૂપ અને પ્રેમરૂપ ભક્તિ એક સાથે પ્રાપ્ત થાય છે, અથવા પ્રથમ શ્રવણરૂપ પછી પ્રેમરૂપ ભક્તિ પ્રાપ્ત થાય છે, અથવા તેથી વિરૂધ્ધ પ્રથમ પ્રેમરૂપ અને પછી શ્રવણરૂપ ભક્તિ પણ પ્રાપ્ત થાય છે. આ માર્ગમાં જેઓનો અંગીકાર થયેલો છે તેઓને શ્રવણરૂપ

ભક્તિ પણ સાધનરૂપ નથી, પરંતુ ફલરૂપ જ છે, કારણ કે શ્રવણરૂપ ભક્તિ પણ તેઓ પ્રેમથી જ કરે છે. શાસ્ત્રમાં 'ભગવાનનું શ્રવણ કરવું' એવી આજ્ઞા કરેલ છે તેથી તેઓ શ્રવણ કરતા નથી, પરંતુ ભગવાનમાં પ્રેમ હોવાથી જ તેઓ ભગવાનના ગુણનું પ્રેમથી જ શ્રવણ કરે છે. મર્યાદામાર્ગીય જીવો શાસ્ત્રમાં ભગવાનના ગુણોનું શ્રવણ કરવાની આજ્ઞા હોવાથી જ, શાસ્ત્રોક્ત શ્રવણરૂપ સાધન કરે છે, પરંતુ પુષ્ટિમાર્ગીય જીવો ભગવાનમાં નિરૂપધિ પ્રેમ હોવાને લીધે જ ભગવાનના ગુણોનું શ્રવણ સ્નહેથી કરે છે. મર્યાદામાર્ગીઓનું શ્રવણ સાધનરૂપ હોવાથી ક્લેશરૂપ છે, પરંતુ પુષ્ટિમાર્ગીય જીવોનું શ્રવણ સ્નેહથી જ થતું હોવાથી ફલરૂપ જ છે. મર્યાદામાર્ગમાં શ્રવણ વિગેરે સાધનોથી પાપ વિગેરે પ્રતિબંધો દૂર કરવા જરૂર છે, પુષ્ટિમાર્ગમાં પાપ વિગેરે પ્રતિબંધ સંભવતા જ નથી, કારણ કે પુષ્ટિ એટલે ભગવાનનો અનુગ્રહ. ગગનચુંબી વિવિધ ગાઢ મહાવૃક્ષરૂપી અવિદ્યા વિગેરે ભજનાનંદ પ્રાપ્ત કરવામાં જે અંતરાયો છે તેઓનું દહન કરવાની સદા આકાંક્ષાવાળો આ ભગવાનના અનુગ્રહરૂપી અગ્નિ, એ વૃક્ષોમાં ચોંટેલ રૂ રૂપી પાપનું દહન ન કરે અને ભજનાનંદમાં તેનો પ્રતિબંધ રહેવા દે એ સંભવે જ નહિ (શ્રીમદ્‌ભાગવત ૧૧-૫-૪૨, **'स्वपादमूलं भजत प्रियस्य'** શ્લોકનું અહિં અનુસંધાન કરવું.) તેથી પુષ્ટિમાર્ગમાં પાપ વિગેરે પ્રતિબંધ કરતા નથી.(અણુભાષ્ય ૩-૩-૨૯)

વળી પુષ્ટિમાર્ગીય અને મર્યાદામાર્ગીય મુક્તિમાં પણ ભેદ છે. પુષ્ટિમાર્ગીય જીવનો મુક્તિ સમયે સર્વ ઇંદ્રિયો તથા મન સહિત ભગવાનમાં લય થાય છે, કારણ કે તેનો પુષ્ટિમાર્ગમાં અંગીકાર થયેલો છે. જેનો પુષ્ટિમાર્ગમાં અંગીકાર થયો તેને ભગવાનમાં સ્નેહ થવાનો જ. આ સ્નેહ ભગવાનને વશ કરવા પણ સમર્થ છે. મર્યાદામાર્ગમાં જેઓનો અંગીકાર છે તેઓને મોક્ષની ઇચ્છા હોવાથી પ્રભુમાં ઉત્કટ સ્નેહ સંભવતો નથી. તેથી તેઓ માટે પ્રભુનું પ્રાકટ્ય પણ સંભવતું નથી, અને તેથી શ્રવાદિ ભક્તિથી તેઓને મુક્તિ થાય ત્યારે તેઓના પ્રાણ, ઇંદ્રિય, મન વિગેરેનો પ્રકૃતિમાં અથવા સંઘાતમાં લય થાય છે. પુષ્ટિમાર્ગીય જીવોની મુક્તિ સમયે તેઓની સમીપ બહાર અથવા તેઓનો હૃદયમાં પ્રકટ થયેલ પ્રભુમાં તેઓના પ્રાણ ઇંદ્રિયો મન વિગેરેનો લય થાય છે, મર્યાદામાર્ગીય જીવોના પ્રાણ

ઇંદ્રિય મન વિગેરેનો પ્રકૃતિ અથવા સંઘાતમાં જ લય થાય છે. આ પણ પુષ્ટિ અને મર્યાદામાર્ગમાં મોટું તારતમ્ય છે. (અણુભાષ્ય ૪-૨-૪)

આ પ્રમાણે હોવાથી પુષ્ટિમાર્ગીય મુક્તિમાં જીવનો ભગવાનની નિત્યલીલામાં પ્રવેશ થાય છે. મર્યાદામાર્ગીય મુક્તિ પ્રાપ્ત થાય તેનો પણ પછી સંસારમાં કદાપિ પ્રવેશ થતો નથી, પરંતુ પુષ્ટિમાર્ગીય મુક્તિમાં શ્રીપુરૂષોત્તમના ભજનાનંદનો અનુભવ થાય છે તેવો મર્યાદામાર્ગીય મુક્તિમાં થતો નથી. તેથી ભગવાનની નિત્ય લીલાન્તઃપાતરૂપ પુષ્ટિમાર્ગીય મુક્તિ જેને પ્રાપ્ત થાય તેને મર્યાદામાર્ગીય મુક્તિ સંસાર જેવી જ લાગે છે. તેથી જ શ્રીમદ્ભાગવતમાં (શ્રીમદ્ભાગવત ૬-૧૭-૨૮) કહેલું છે કે 'સ્વર્ગ મોક્ષ અને નરકમાં પણ તુલ્ય અર્થ જોનાર નારાયણના સર્વે ભક્ત કોઈથી ડરતા નથી'(અણુભાષ્ય ૪-૨-૮) તેથી પુષ્ટિમાર્ગ અને મર્યાદામાર્ગમાં ઘણું તારતમ્ય છે.

## પાઠ ૧૯ ભક્તિપ્રકાર .

શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન એ નવ પ્રકારની ભક્તિ કહેલી છે, (શ્રીમદ્ભાગવત ૭-૫-૨૬) છતાં ભક્તિના બે જ પ્રકાર કેમ કહ્યા ? શ્રવણ વિગેરે નવ કહેલા છે તે વસ્તુતઃ ભક્તિ નથી; કારણ કે ભક્તિ શબ્દનો અર્થ 'સ્નેહ' જ છે એમ આપણે જોયું. આ શ્રવણ વિગેરે નવનું જે જીવ આચરણ કરે તે જીવના અધિકાર પ્રમાણે તેનો કર્મ, જ્ઞાન, ઉપાસના અથવા ભક્તિમાં સમાવેશ થાય છે, જેમ કે શ્રીભાગવત સહસ્રનામના શ્રવણ અને કીર્તનનું ફલ ચારે અર્થ (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) કહેલાં છે. તેમાં ધર્મ, અર્થ અને કામની ઇચ્છાવાળો આ શ્રવણ વિગેરે કરે તે કર્મમાર્ગીય છે, તેમાં પણ અર્થ (ધન) વિગેરેની ઇચ્છાવાળો શ્રવણ વિગેરે વિહિત છે માટે કરવાં જોઈએ એમ માની કરે તો તે કર્મમાર્ગીય છે, પણ જો માત્ર વૃત્તિ માટે કરે તો તે ખેતીની પેઠે લૌકિક કર્મ જ છે. તેનાથી ખેતી વિગેરે ધંધો કરવાથી લાભ થાય તેવો જ લાભ થાય. જેમ શૌચ કરવાની ઇચ્છાવાળો ગંગાનો સ્પર્શ કરે તેને મલનિવૃત્તિ વિના બીજો કાંઇ લાભ થતો નથી, પરંતુ નિષિધ્ધ કર્મ કરવાથી ઉલટું

પાપ થાય છે, તેમ કેવલ વૃત્તિને માટે આ શ્રીભાગવતસહસ્ત્રનામનું શ્રવણ જે કરે તેને લૌકિક ફલ જ મળે. આવું શ્રવણ કર્મમાર્ગીય જ છે. તે ભક્તિ નથી. તે જ પ્રમાણે સંન્યાસ ગ્રહણ કર્યા પછી જ્ઞાનનો ઉદય થાય તે માટે ચિત્તની શુદ્ધિ કરવાના હેતુથી આ શ્રવણ વિગેરે કરવામાં આવે તો તે જ્ઞાનમાર્ગીય થાય છે. તેથી જ ભગવાને કહ્યું છે કે “જેમ જેમ મારી પવિત્ર ગાથાના શ્રવણ અને અભિધાનથી અંતઃકરણ શુદ્ધ થાય છે તેમ તેમ અંજન આંજેલા ચક્ષુની પેઠે સૂક્ષ્મ વસ્તુ જૂએ છે’(શ્રીમદ્ભાગવત ૧૯-૧૪-૨૬) અહિં ભગવાનની પુણ્ય ગાથાનું શ્રવણ વિગેરે માત્ર જ્ઞાન પ્રાપ્ત કરવામાં ઉપયોગી હોવાથી જ્ઞાનમાર્ગીય છે. સાક્ષાત્ મોક્ષના સાધન તરીકે શ્રવણ વિગેરેની વિધિ હોવાથી તાન્ત્રિક દીક્ષા લઇ તે કરવામાં આવે તો તે ઉપાસનામાર્ગીય કહેવાય છે. આ ઉપાસનામાર્ગને જ વૈષ્ણવમાર્ગ પણ કહે છે, કારણ કે તેનો વિષ્ણુધર્મમાં સમાવેશ થાય છે. ભક્તિસંપ્રદાયની દીક્ષા લીધા પછી ભક્તિમાર્ગીય ભક્ત મોક્ષના સાધન તરીકે શ્રવણ વિગેરે કરે તે પ્રાવાહિકી ભક્તિ કહેવાય છે. ભક્તિમાર્ગમાં પ્રેમાત્મક ભક્તિના સાધન તરીકે શ્રવણ વિગેરે કરવામાં આવે તે મર્યાદાભક્તિ કહેવાય છે, અને ભગવાનમાં સ્નેહ ઉત્પન્ન થયા પછી પોતાના વ્યસનથી સ્વતંત્ર પુરૂષાર્થ તરીકે જે શ્રવણ વિગેરે કરવામાં આવે તે ઉત્તમ પુષ્ટિભક્તિરૂપ છે. તેથી ભક્તિ શબ્દનો અર્થ ‘સ્નેહ’ જ છે. શ્રવણ વિગેરે નવ પ્રકારની ભક્તિ છે એમ કહેવામાં આવે છે ત્યાં ભક્તિ શબ્દ ઔપચારિક અર્થમાં યોજેલો છે, મુખ્ય અર્થમાં યોજ્યો નથી એમ સમજવું. (ભક્તિહંસ)

સર્વ વર્ણ તથા સર્વ આશ્રમોમાં નારીઓમાં તથા જૂદા જૂદા અવતારોમાં ગોપાલમંત્ર ઇચ્છિત ફલ તરત જ આપનાર હોવાથી ઘણા ગોપાલમંત્રની ઉપાસના કરે છે. તેમાં પણ ભગવાનનું નામ આવે છે છતાં આ ઉપાસના માર્ગ હોવાથી એમ કરવાથી ભક્તિ થતી નથી. જેમ કર્મના અંગ તરીકે શ્રવણ વિગેરે કરવામાં આવે છે તે ભક્તિમાર્ગીય નથી, પરંતુ કર્મમાર્ગ જ છે, તેમ ગોપાલમંત્રની ઉપાસના પણ ભક્તિ નથી. વળી આ મંત્રની ઉપાસનાનું ફલ સુંદર સ્ત્રીઓ વશ થાય વિગેરે છે. શ્રીપુરૂષોત્તમની ભક્તિનું આવું ફલ ન જ હોય. વારાંગનાનું વશીકરણ વિગેરે અનર્થ જ છે અને શ્રીપુરૂષોત્તમની ભક્તિ સર્વ અનર્થ દૂર

કરનારી છે. તેથી ગોપાલમંત્રની ઉપાસના ભક્તિ નથી. તેથી શ્રીપુરૂષોત્તમની પ્રાપ્તિ થતી નથી, પ્રત્યુત અનર્થરૂપ ફલ પ્રાપ્ત થાય છે. *(*ભક્તિહંસ) તેથી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોએ આવી ઉપાસના કરવી યોગ્ય નથી.

'આ આત્મા પ્રવચનથી બુદ્ધિથી અથવા બહુશ્રુતથી લભ્ય નથી, જેનું તે વરણ કરે છે તેનાથી જ લભ્ય છે' શ્રુતિ (કઠોપનિષત્ ૧-૨-૨૨) સ્પષ્ટ કહે છે કે ભગવાન જેનું વરણ કરે છે તેને જ ભગવાનની પ્રાપ્તિ થાય છે. ભગવાન બે પ્રકારે વરણ કરે છે. (૧)મર્યાદામાર્ગે અને (૨) પુષ્ટિમાર્ગે. જેનું ભગવાન મર્યાદામાર્ગમાં વરણ કરે છે તેને ભગવાનની પ્રાપ્તિ થતી નથી જ, છતાં તેનું વરણ એવા પ્રકારનું હોવાથી તે સાધનમાં પ્રવૃત્ત થાય છે. જ્યાં સુધી ભગવાનમાં સ્નેહ ઉત્પન્ન થાય ત્યાં સુધી આ પ્રમાણે તે વિહિત સાધનો કરે છે, પરંતુ સ્નેહ ઉત્પન્ન થયા પછી તે માત્ર સ્નેહને લીધે જ ભગવત્સંબંધી પદાર્થ માટે પ્રયાસ કરે છે, અને વિધિની અપેક્ષા રાખતો નથી, જેનું પુષ્ટિમાર્ગમાં વરણ કરેલું છે તેને વિધિ અથવા નિષેધ, પ્રવૃત્તિ અથવા નિવૃત્તિની કાંઇ અપેક્ષા જ નથી, કારણ કે ભગવાન પોતે જ તેને પોતાની પ્રાપ્તિ કરાવે છે. ભગવાન પોતે જ સાધનરૂપ થઇ પોતાની પ્રાપ્તિ કરાવે છે. તેથી જ બ્રહ્માએ કહ્યું છે કે દિવસે લૌકિક કાર્યમાં તલ્લીન રહેતાં અને રાત્રે ઘણા શ્રમને લીધે ગાઢ નિદ્રામાં પડી રહેતા એવા પર લોકના સાધન વિનાના ગોકુલને ભગવાન પોતે જ પોતાની સમીપ વ્યાપિવૈકુંઠમાં લઇ ગયા, કારણ કે ભગવાને ગોકુલને સ્વકીય અથવા પોતાનું ગણ્યું, પોતાના તરીકે તેનો અંગીકાર કર્યો. તેથી ગોકુલ નિઃસાધન હોવા છતાં તેને પોતાની પ્રાપ્તિ કરાવી. (શ્રીમદ્ભાગવત ૨-૭-૩૧) તેથી જેનો ભગવાને પુષ્ટિમાર્ગમાં અંગીકાર કરેલો છે તેને સાધનની અથવા વિધિની કોઇની જરા પણ અપેક્ષા નથી.(ભક્તિહંસ)

મર્યાદાસૃષ્ટિ ભગવાને મર્યાદામાર્ગીય ધર્મનું આચરણ કરવા રચેલી છે, પુષ્ટિસૃષ્ટિ ભગવાને પોતાની સેવા કરવા માટે રચેલી છે. મર્યાદામાર્ગીય જીવો પણ સેવા કરે છે પરંતુ તે ભગવાનની સાક્ષાત્સેવા કરતા નથી પણ મનમાં ભગવાનનું અંગુષ્ઠમાત્ર રૂપ કલ્પીને પૂજા કરે છે. જ્યારે પુષ્ટિમાર્ગીય ભક્તો સાક્ષાત્ આનંદમાત્રકરપાદમુખોદરાદિ રૂપથી પ્રકટ થયેલા પ્રભુની સેવા કરે છે. (પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ શ્લોક૧૨ ઉપર શ્રીગોકુલેશજીની ટીકા)

ભગવાન મર્યાદા અથવા પુષ્ટિમાર્ગમાં વરણ કરી જીવનો અંગીકાર કરે છે. ભગવાને કરેલ અંગીકાર નિત્ય છે; તેથી એકવાર ભગવાને જેનો જે માર્ગમાં અંગીકાર કર્યો તેનો ભગવાન પછી કદાપિ ત્યાગ કરતા નથી. લોકમાં આસકિત અથવા અહંકાર થાય તો તે દોષ દૂર કરાવવા ભગવાન કદાચ અંગીકૃત ભક્તને પણ શાપ અપાવે છે. તેથી શાપવાળી દશામાં પણ તેઓ પાષંડી થતા નથી તેમજ તેમને રોગ વિગેરેના ઉપદ્રવ થતા નથી, પણ તેઓ મહાનુભાવ જ રહે છે. આ મર્યાદામાર્ગ અને પુષ્ટિમાર્ગ ઉભયમાં સાધન છે. (પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ શ્લોક ૧૭-૧૮ ઉપર શ્રીગોકુલેશજીની ટીકા)

મર્યાદામાર્ગમાં શ્રીપુરૂષોત્તમની પ્રાપ્તિરૂપ મુક્તિ ફલ પ્રાપ્ત થાય છે. મુક્તિ સમયે તેઓના દેહ, ઇંદ્રિય વિગેરેનો પાઠ ૧૮ માં જણાવ્યા પ્રમાણે સંઘાતમાં લય થતો હોવાથી તેઓ કેવલ આત્માથી જ સુખનો અનુભવ કરે છે, જ્યારે પુષ્ટિભક્તોને પ્રભુ સર્વ ઇંદ્રિયો, અંતઃકરણ તથા આત્માથી સ્વરૂપ આનંદનો અનુભવ કરાવે છે. તેથી પુષ્ટિભકતોને સાક્ષાત્સંબંધરૂપ મુક્તિ પ્રાપ્ત થાય છે (પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ શ્ર્લોક ૧૦ ઉપર શ્રીગોકુલેશજીની ટીકા તથા તત્ત્વદીપ ૧. ૫૩-૫૪) આવી રીતે મર્યાદા અને પુષ્ટિમાર્ગમાં ઘણું તારતમ્ય છે.

## પાઠ ૨૦. પુષ્ટિભક્તિ

પાછલા સત્તરમા પાઠમાં ભક્તિની વ્યાખ્યાઓ આપેલી છે. **'माहात्म्यज्ञानपुर्वक सुद्रढः सर्वतोअधिकः स्नेहो भक्तिरिति प्रोक्तस्तया मुक्तिर्न चान्यथा'** એ વ્યાખ્યા શ્રીમદાચાર્યચરણે તત્ત્વદીપમાં આપેલી છે. ભગવાનનું માહાત્મ્યનું જ્ઞાન થાય, અને માહાત્મ્યનું જ્ઞાન થવાથી ભગવાનમાં ઘણો જ દૃઢ સર્વથી અધિક સ્નેહ થાય તે ભક્તિ, આ સ્નેહ ભગવાનના માહાત્મ્યને લીધે હોય, ભગવાન આવા મહાન છે તેથી જ તેમનામાં સ્નેહ રાખવામાં આવે, તો તે વિહિતભક્તિ અથવા મર્યાદાભક્તિ છે. (અણુભાષ્ય ૩.૩.૩૯) પરંતુ માહાત્મ્યજ્ઞાન વિગેરે ઉપાધિ વિનાનો સાક્ષાત્ ધર્મિસ્વરૂપમાં પર્યવસાન પામતો, દૃઢ એટલે જ્ઞાન વિગેરે કોઇથી દૂર ન થાય તેવો, સર્વથી

અધિક અથવા જેની તુલ્ય બીજો કોઇ ન હોય તેવો સ્નેહ તે પુષ્ટિભક્તિ છે. જ્યાં સુધી ભગવાનમાં સુદૃઢ સર્વથી અધિક સ્નેહ થાય ત્યાંસુધી જ પુષ્ટિમાર્ગમાં માહાત્મ્યજ્ઞાન ઉપયોગી છે, પરંતુ ભગવાનમાં એવો સ્નેહ ઉત્પન્ન થયા પછી માહાત્મ્યજ્ઞાન ઉપયોગી નથી. જ્યાંસુધી ભગવાનમાં સુદૃઢ સર્વથી અધિક સ્નેહ ઉત્પન્ન થયો ન હોય ત્યાં સુધી પુષ્ટિમાર્ગીય ભક્તને સેવા વિગેરેમાં અપરાધ ન થાય તે માટે માહાત્મ્ય જ્ઞાન ઉપયોગી છે પરંતુ ભગવાનમાં સુદૃઢ સર્વથી અધિક સ્નેહ ઉત્પન્ન થયા પછી પુષ્ટિમાર્ગીય ભક્તનું ભગવાનનું માહાત્મ્ય જ્ઞાન તેની મેળે દૂર થાય છે. આ પ્રમાણે માતૃચરણ શ્રીદેવકીજીને શુધ્ધ પુષ્ટિમાર્ગીય સ્નેહ ઉત્પન્ન થતાં તેમનું ભગવાનનું માહાત્મ્યજ્ઞાન દૂર થયું. (જૂઓ શ્રીમદ્‌ભાગવત ૧૦.૩.૨૪ થી ૨૭) ભગવાન મૃત્યુના ભયથી સર્વનું રક્ષણ કરનાર છે એ પણ તે જાણતા હતા, છતાં શુધ્ધ પુષ્ટિમાર્ગીય સ્નેહ ઉત્પન્ન થતાં તે જ્ઞાન દૂર થયું. અને તેમણે કહ્યું કે 'મારાથી આપનો જન્મ (થયો તે) તે પાપી ન જાણો, કારણ કે આપને માટે મને કંસથી ઉદ્વેગ થાય છે' (શ્રીમદ્‌ભાગવત ૧૦-૩.૨૯) ભગવાન મૃત્યુથી સર્વનું રક્ષણ કરનાર છે એવું જ્ઞાન દૂર થયું ન હોત તો ભગવાનને કંસનો કાંઇ પણ ભય સંભવે જ નહિ અને તેથી ભગવાનને માટે કંસથી કાંઇ ભય રાખવાપણું નથી એવું તેમને ભાન રહેત; પરંતુ શુધ્ધ પુષ્ટિમાર્ગીય સ્નેહ ઉત્પન્ન થતાં માહાત્મ્યજ્ઞાન દૂર થયું, અને ભગવાન પ્રતિ સ્નેહનું જ પ્રાબલ્ય રહ્યું. તેવી જ રીતે શ્રીગોવર્ધન ઉદ્ધરણ સમયે વ્રજવાસી ગોપ અને ગોપીઓને જે પ્રત્યક્ષ માહાત્મ્ય જ્ઞાન થયેલ તે પણ તેઓનો ભગવાનમાં શુધ્ધ સુદૃઢ સ્નેહ હોવાથી તરત જ દૂર થયું. ભગવાન તે સમયે માત્ર સાત વર્ષના બાલક હતા. તેમની પાસે કાંઇ સાધન પણ ન હતું. કાંઇ પણ સાધન વિના માત્ર સાત વર્ષનાં બાલકે શ્રીગોવર્ધનને છત્રપેઠે ઉંચે ધારણ કર્યો, ભુખ અથવા તરસની દરકાર કર્યા વિના સાત દિવસ સુધી એ પ્રમાણે ધારણ કરી રાખ્યો, પરિકરસહિત સર્વ વ્રજની રક્ષા કરી, અને શ્રીગોવર્ધન ઉપર રહેલ પક્ષી પશુ વિગેરેની પણ પોતે રક્ષા કરી. એ ભગવાનના અનિર્વચનીય માહાત્મ્યનો સર્વ વ્રજવાસી ગોપ ગોપીઓને અનુભવ થયો છતાં વૃષ્ટિ બંધ રહ્યા પછી શ્રીગોવર્ધન નીચેથી બધાને બહાર કાઢી, શ્રીગોવર્ધનને પ્રથમની પેઠે સ્થાપન કરી ભગવાન પધાર્યા ત્યારે સર્વ વ્રજવાસી ગોપ અને ગોપીઓએ ભગવાનને

નમન વિગેરે નહિ કરતાં તેમને દધિનું તિલક કરી તેના ઉપર અક્ષત ચોડ્યા, ભગવાનની આસપાસ જલ ફેરવી ઓવારણું કરી આશિષ આપી. ભગવાનના જે માહાત્મ્યનો તેમને અનુભવ થયો તેનું તેમને ભાન રહ્યું હોત તો તેઓ ભગવાનને નમન કરત અને ભગવાનની સ્તુતિ કરત; પરંતુ ભગવાનમાં તેઓનો સુદૃઢ સ્નેહ હોવાથી તેઓનું માહાત્મ્યજ્ઞાન તરતજ દૂર થયું અને ઓવારણું, તિલક, અક્ષત, આશિષ વિગેરે સ્નેહનાં કાર્ય જ તેઓએ કર્યાં. તેથી પુષ્ટિમાર્ગીય ભકતોને સુદૃઢ સ્નેહ થયા પછી ભગવાનનું માહાત્મ્યજ્ઞાન ઉપયોગી નથી. તેથી જ શાંડિલ્ય સૂત્રમાં **'सा परानुरक्तिरिश्वरे'** 'ભગવાનમાં ઘણો જ પ્રેમ એ ભક્તિ' એવી જ ભક્તિની વ્યાખ્યા આપેલ છે. તેથી માહાત્મ્યજ્ઞાન સાથે જ પ્રેમ હોય તો ભક્તિ કહેવાય એમ નથી. માહાત્મ્ય જ્ઞાનની એવી આવશ્યકતા નથી, પરંતુ 'પરમ પ્રેમ' 'ઘણો જ સ્નેહ' 'સુદૃઢ સર્વથી અધિક સ્નેહ' એ જ ભક્તિ છે. આવી જ રીતે ભગવાને માટી ખાધી તે પ્રસંગે પણ ભગવાને યશોદાજીને પોતાનું મુખ દેખાડયું ત્યારે તેમાં આખું વિશ્વ યશોદાજીએ જોયું. અહિ પણ યશોદાના આ માહાત્મ્યજ્ઞાનને ભગવાને દૂર કર્યું, પરંતુ પુત્રભાવ રહેવા દીધો. (શ્રીમદ્ભાગવત૧૦-૮,૩૨થી૪૪)તેથી માહાત્મ્યજ્ઞાન વિગેરે ઉપાધિવિનાનો સાક્ષાદ્ ધર્મિસ્વરૂપમાં પર્યવસાન પામતો, સુદૃઢ એટલે જ્ઞાન વિગેરે કોઇથી દૂર ન થાય તેવો સર્વથી અધિક એટલે અગણિતાનંદરૂપ જેનાથી અધિક અથવા જેની તુલ્ય બીજો કોઇ ન હોય તેવો સ્નેહ એ પુષ્ટિભક્તિ (પુષ્ટિપ્રવાહમર્યાદાભેદશ્લોક ૨ ઉપર શ્રીગોકુલેશજીની ટીકા)

પુષ્ટિભક્તિમાં સ્નેહ જ નિયામક છે (પુષ્ટિપ્રવાહ મર્યાદાભેદ-શ્લોક ૧૯।। ઉપર શ્રીગોકુલેશજીની ટીકા) પુષ્ટિમાર્ગીય ભક્તો ભગવાનની ભક્તિ કરે છે તેનું કારણ એ છે કે તેઓમાં ભગવાન પ્રતિ ઘણો જ સ્નેહ છે. તેથી કાંઇ પણ ફલની અપેક્ષા વિના કોઇ પણ વિધિની અપેક્ષા વિના કેવલ સ્નેહને લીધે જ પુષ્ટિમાર્ગીય ભક્ત ભગવાનની ભક્તિ કરે છે. આવી રીતે ભક્તિ કરવાથી તેમને શ્રીપુરૂષોત્તમની પ્રાપ્તિરૂપ મુક્તિ થાય છે. તે સમયે પણ પાછલા પાઠ ૧૯માં આપણે જોયું તેમ તેઓ સર્વ ઇંદ્રિયો, અંતઃકરણ તથા આત્માથી સ્વરૂપાનંદનો અનુભવ કરે છે. આને જ સેવાફલ વિવરણમાં શ્રીમદાચાર્યચરણ 'સાયુજ્ય' કહે છે.

આવી રીતે પુરૂષોત્તમની પ્રાપ્તિ થયા પછી પણ જ્યારે પ્રભુની ઘણી કૃપા થાય અને સ્વરૂપાત્મક ભજનાનંદનું દાન કરવાની ઇચ્છા થાય ત્યારે ભગવાન પુનઃ તેનો આવિર્ભાવ કરે છે. મુક્તિ થયા પછી **'न स पुनरावर्तते'** 'તે પાછો આવતો નથી' એમ શ્રુતિ કહે છે તે મર્યાદામાર્ગીય શ્રુતિ છે. મર્યાદામાર્ગીય જીવને મુક્તિ પ્રાપ્ત થયા પછી પુનઃ તે આવતો નથી. પુષ્ટિમાર્ગીય જીવને મુક્તિ પ્રાપ્ત થયા પછી પણ ભગવાનની તેને ભજનાનંદનું દાન કરવાની ઇચ્છા થાય ત્યારે તેનો પુનઃ આવિર્ભાવ થાય છે. ભગવાન પોતાના સ્વરૂપબલથી જ તેનો આવિર્ભાવ કરાવે છે. 'તે પાછો આવતો નથી' શ્રુતિ કહે છે તે સંસારમાં પાછો આવતો નથી. પુષ્ટિમાર્ગીય જીવ પણ મુક્તિ પછી સંસારમાં પાછો આવતો નથી, પણ તેનો આવિર્ભાવ ભગવલ્લીલામાં થાય છે. ભગવાનની લીલા પ્રપંચાતીત છે. ભગવાનની લીલામાં મુક્તિ પછી જીવ ન જાય એમ શ્રુતિ કહેતી નથી. ત્યા ભગવલીલામાં તે ભગવાનની સાથે સર્વ કામનો ભોગ કરે છે. 'ભગવાન સાથે તે સર્વ કામોનો ભોગ કરે છે' એમ પણ શ્રુતિ કહે છે.(અણુભાષ્ય ૪-૪-૧) દેહ વિના કામભોગ થઇ શકે નહિ તેથી ભગવાન તેને અલૌકિક દેહ તે સમયે આપે છે. ('વૈકુંઠ વિગેરેમાં સેવોપયોગિ દેહ.' સેવાફલવિવરણ) તે સમયે ભગવાન તેનામાં દીપ પેઠે પ્રવેશ કરે છે અને તેને સર્વ કામોનો ભોગ કરવા સમર્થ કરે છે. જેમ પ્રાચીન મોટો દીવો આધુનિક સ્નેહવાળી (૧ તેલ, ૨ પ્રેમ) દીવેટમાં પ્રવેશ કરે ત્યારે તેને પોતાના જેટલા જ સામર્થ્યવાળી કરે છે, અને પોતે પણ સ્નેહાધીન સ્થિતિવાળો રહે છે તે પ્રમાણે ભગવાન જે જીવમાં પ્રવેશ કરે તેને પોતાના સમાન સામર્થ્યવાળો કરે છે, અને તેના સ્નેહને આધીન રહે છે. શ્રુતિ પણ કહે છે કે 'એક દેવ બહુ રીતે પ્રવેશ કરી ભર્તા (હોઇ) ધારણ થતો હોઇ ધારણ કરે છે જે કામનો ભોગ જેવી રીતે પ્રવેશ કરવાથી થઈ શકે તે કામનો ભોગ કરાવવા તેવી રીતે પ્રવેશ કરે છે. તેથી 'બહુ રીતે પ્રવેશ કરી' કહેલ છે. જો કે ભગવાન કુદરતી રીતે જ સર્વ જીવોના પ્રભુ છે તો પણ જે જીવનું 'પોતાના' તરીકે તે વરણ કરે છે તે જીવનો વિવાહિત પતિની પેઠે ભર્તા થાય છે. જે જીવનું તે વરણ કરે છે તેનામાં વરણને લીધે પ્રભુ ઉપર અતિશય સ્નેહ થાય છે. તે સ્નેહથી ભકત ભગવાનને ધારણ કરે છે, અને ભગવાન પણ પોતાની અંદર તેને ધારણ કરે છે. અહિં સ્નેહ મુખ્ય છે

તેથી જ અગ્નિના પ્રવેશ માટે 'લોઢાના પિંડ'નું દૃષ્ટાંત વ્યાસજી આપતા નથી, પરંતુ પ્રદીપનું દૃષ્ટાંત આપે છે, કારણ કે લોઢાના પિંડમાં સ્નેહ નથી, અને પ્રદીપમાં સ્નેહ છે (અણુભાષ્ય ૪-૪-૧૫) આ પ્રમાણે ભગવાન ભક્તમાં પ્રવેશ કરી તેને કામ ભોગ માટે પોતાના જેવા સામર્થ્યવાળો કરે છે. આ પ્રમાણે પુષ્ટિભક્તિનું ફલ પણ ઉત્તમોત્તમ છે.

## પાઠ ૨૧. પુષ્ટિમાર્ગ.

મર્યાદાભક્તિ અને પુષ્ટિભક્તિમાં પણ પુષ્ટિભક્તિ ઉત્તમ છે એમ આપણે જોયું. ત્યારે પુષ્ટિ એટલે શું ? એ પ્રશ્ન સ્વાભાવિક રીતે ઉદ્ભવે છે.

'**पोषणं तदनुग्रः**' (શ્રીમદ્‌ભાગવત ૨,૧૦,૪) એવું પુષ્ટિનું લક્ષણ આપેલું છે. તેથી ભગવાનનો અનુગ્રહ, એ પુષ્ટિ. પુષ્ટિ એટલે ભગવાનનો અનુગ્રહ અથવા ભગવાનની કૃપા. શ્રીમદાચાર્યચરણ પણ **'कृष्णानुग्र्हरुपा हि पुष्टिः कालादिबाधिका'** (તત્ત્વદીપ ૩-૬-૨) એમ પુષ્ટિનું લક્ષણ આપે છે. શ્રીકૃષ્ણના અનુગ્રહરૂપ પુષ્ટિકાલ વિગેરેનો બાધ કરનારી છે. તેથી પુષ્ટિ એટલે ભગવાન શ્રીકૃષ્ણનો અનુગ્રહ. પુષ્ટિ એટલે ભગવાનની કૃપા કાલ, કર્મ અને સ્વભાવ ત્રણેનો બાધ કરે છે. અજામિલને યમદૂતોએ બાંધ્યો ત્યારે તેણે માત્ર પ્રભુનું નામ લીધું તેથી તેનો કાલ નિવૃત્ત થયો. યમદૂતોએ તેને છોડી દેવાની ફરજ પડી. અજામિલ ઉપર ભગવાનનો અનુગ્રહ થતાં કાલ તેને બાધા કરી શક્યો નહિ (શ્રીમદભાગવત ૬. ૧ થી ૩) વળી ઇંદ્ર વિશ્વરૂપ ઋષિના ત્રણે માથાનો છેદ કર્યો હતો. (શ્રીમદ્ ભાગવત ૬ ૯.૪.) દધિચિ ઋષિના હાડકાં માગી તેમને પણ પ્રાણત્યાગ કરાવ્યો. (શ્રીમદ્‌ભાગવત ૬-૧૦-૧૧) વૃત્રનો પણ વધ કર્યો. (શ્રીમદ્‌ભાગવત ૬-૧૨-૧) આ પ્રમાણે તેણે ત્રણ બ્રહ્મહત્યા કરી. બ્રહ્મહત્યા નિંદિત નિષિદ્ધ કર્મ હોવાથી તેનું માઠું ફલ ભોગવવું જ પડે, પરંતુ ભગવાનની કૃપા હોવાથી ઇંદ્રને તેનું માઠું ફલ ભોગવવું ન પડયું. આ પ્રમાણે ભગવત્કૃપા હોવાથી કર્મ ઇંદ્રને બાધા કરી શક્યું નહિ. એવી જ રીતે પુષ્ટિ અથવા ભગવાનનો અનુગ્રહ સ્વભાવનો પણ બાધ કરે છે. ઇંદ્રે વજ્ર વતી દિતિના ગર્ભના સાત કટકા કર્યા, વળી તે દરેક કટકાના સાત

સાંત કટકા કર્યા છતાં ભગવાનની કૃપા હોવાથી તે ગર્ભનો નાશ થયો નહિ પરંતુ ઉલટા ૪૯ મરૂત ઉત્પન્ન થયા. વજ્ર નો સ્વભાવ પ્રાણ ત્યાગ કરાવવાનો છે, છતાં દિતિના ગર્ભ ઉપર ભગવાનની કૃપા હોવાથી વજ્ર પ્રહાર વારંવાર થવા છતાં તે ગર્ભના પ્રાણ ગયા નહિ, પરંતુ એકને સ્થાને ૪૯ મરૂતો થયા. આ પ્રમાણે ભગવાનની કૃપાથી વજ્ર નો સ્વભાવ પણ દિતિના ગર્ભને બાધા કરી શક્યો નહિ, તેવી જ રીતે અશ્વત્થામાનું બ્રહ્માસ્ત્ર પણ ઉત્તરાના ગર્ભમાં રહેલા પરિક્ષિતના પ્રાણને ભગવત્કૃપા હોવાથી હાનિ કરી શક્યું નહિ.

પુષ્ટિ એટલે ભગવાનની કૃપા, અથવા ભગવાનનો અનુગ્રહ. પુષ્ટિ કાલ, કર્મ અને સ્વભાવનો પણ બાધ કરવા સમર્થ છે, ભગવાનની કૃપા હોય તો કાંઇ અસાધ્ય હોઇ શકે જ નહિ. હવે પુષ્ટિમાર્ગ કોને કહેવો તે જોઇએ. પુષ્ટિમાર્ગનું સ્વરૂપ વાસ્તવિક જણાય તે માટે શ્રીહરિરાયજીએ પુષ્ટિમાર્ગલક્ષણાનિ નામનો ગ્રંથ લખ્યો છે તેનો ભાવાર્થ નીચે આપવામાં આવે છે.

જે માર્ગમાં સર્વ સાધનોનો અભાવ એ જ ફલપ્રાપ્તિનું સાધન છે તે પુષ્ટિમાર્ગ, રાસલીલામાં ભગવાન અન્તર્ધાન થયા ત્યારે ગોપિકાઓએ ભગવાનને શોધવા માંડયા, તેમના ગુણગાન કરવા માંડ્યા. આવા સાધન કર્યા ત્યાં સુધી કાંઇ વળ્યું નહિ, પરંતુ જ્યારે સર્વ સાધનો તજી રૂદન કરી દીનતા દર્શાવી ત્યારે ભગવાને તેમને દર્શન દીધાં. (શ્રીમદ્‌ભાગવત ૧૦-૨૯ ૧.૨) સાધનનો અભાવ એ ફલપ્રાપ્તિનું સાધન નથી, પરંતુ સ્વરૂપાત્મક ભગવાનની પ્રાપ્તિરૂપ ફલ પ્રાપ્ત કરવામાં ભગવાન જ સાધન થાય છે.(પાઠ ૧૧ જૂઓ)

પુષ્ટિમાર્ગમાં લૌકિક અને વૈદિક સર્વ સિધ્ધિ માત્ર ભગવાનના અનુગ્રહથી જ થાય છે. (શ્રીમદ્ ભાગવત ૨.૭.૩૧) સિધ્ધિ માટે યત્ન અથવા પ્રયાસ કરતાં ઉલટું વિઘ્ન થાય છે. (શ્રીમદ્ભાગવત ૧૦-૩૧-૧ થી ૧૮ નંદજીની યાત્રા) પુષ્ટિમાર્ગમાં અંગીકાર કરવામાં પ્રભુ જીવની યોગ્યતાનો વિચાર કરતા નથી. પુષ્ટિમાર્ગમાં ભક્ત ધર્મમાં નિષ્ઠા નહિ રાખતાં માત્ર ભગવત્સ્વરૂપને પરાયણ રહે છે. તેથી જ ભગવાને ગોપિકાઓને સ્ત્રીઓના ધર્મનો ઉપદેશ કર્યો છતાં તેઓ ત્યાંથી ગયા નહિ અને ભગવત્પરાયણ રહ્યાં. તેથી જ તેમને રાસનો આનંદ પ્રાપ્ત થયો. (શ્રીમદ્‌ભાગવત ૧૦-૨૬-૧૯ થી ૪૬) પુષ્ટિમાર્ગમાં ભક્તોને લોક અથવા વેદની

જરા પણ અપેક્ષા નથી, પરંતુ ભગવાનના સુખની જ અપેક્ષા હોય છે. તેઓ ભગવાનની કૃતિમાં ગુણદોષનો વિચાર કરતા નથી, પરંતુ ભગવાનની સર્વ કૃતિ ઉત્તમ જ છે એમ જાણે છે. તેઓનો ભગવાનમાં અતિશય ભાવ હોવાથી અને ભગવાન કાલ, કર્મ અને સ્વભાવ સર્વનો બાધ કરનાર છે એવી તેમને સ્ફૂર્તિ હોવાથી તેઓને લોક અથવા વેદનો ભય નથી; આ લોક અથવા પરલોકની તેમને જરાપણ ભીતિ નથી. તેથી જ ઔપપત્ય અસ્વર્ગ્ય, યશની હાનિ કરનાર, ભયકારક અને કુલવાન સ્ત્રીઓની નિંદા કરાવનાર છે (શ્રીમદ્ ભાગવત ૧૦ ૨૬-૨૬) એવો ભગવાને ગોપીઓને બોધ કર્યો છતાં તેઓને વેદ અથવા પરલોકનો ભય ન થયો, અને 'તમને નહિ જોતાં તમારા માતા, પિતા, પુત્રો, ભાઇઓ, પતિઓ તમને શોધશે (શ્રીમદ્ ભાગવત ૧૦-૨૬-૨૦) એમ બોધ કર્યો છતાં તેઓને એ કોઇનો એટલે આ લોકનો ભય પણ ન લાગ્યો. પુષ્ટિભકતો ભગવાનના સંબંધીઓ પ્રતિ ભગવદબુધ્દ્ધિ રાખે છે, ભગવાનના વિરોધી પ્રતિ વિરોધ ભાવરાખે છે. અને જે ભગવાનથી ઉદાસીન છે તેમના પ્રતિ ઉદાસીન રહે છે. તેઓ પોતાના દેહ વિગેરે સર્વ પોતાનાં છે એમ માનતા નથી, પરંતુ પ્રભુના છે એમ માને છે, અને વિરહાવસ્થામાં પણ ભવિષ્યમાં દેહ વિગેરે ભગવાનના ઉપયોગમાં આવશે એવા હેતુથી જ તેની રક્ષા કરે છે. આ માર્ગમાં સંયોગાવસ્થા કરતાં પણ વિયોગાવસ્થામાં વિશેષ સુખ પ્રાપ્ત થાય છે, કારણ કે વિયોગાવસ્થામાં ભક્તના મનમાં ક્ષણે ક્ષણે ભગવાનની નવી નવી લીલાનો અનુભવ થાય છે. આ માર્ગમાં સાધન અને ફલ વિપરીત થાય છે. ભગવાન પ્રતિ નિરુપધિ સ્નેહ ફલ છે. આ ફલ પણ ભગવાન જ આપે છે. તેથી ભગવાન સાધનરૂપ થાય છે. તેથી ફલરૂપ ભગવાન સાધન થાય છે. ભગવત્પ્રાપ્તિનું સાધન નિરવધિ સ્નેહ ફલરૂપ છે. આ પ્રમાણે સાધન ફલ થાય છે, ફલ સાધન થાય છે. આ માર્ગમાં ભગવાનનો આવિર્ભાવ કરવાનું સાધન માત્ર દૈન્ય છે. સર્વ સાધન રહિત કેવલ દૈન્યથી જ ભગવાનનો આવિર્ભાવ થાય છે. દૈન્ય વિયોગાવસ્થામાં થાય છે. વિયોગાવસ્થામાં ભગવાનનો પ્રાદુર્ભાવ કરવાનું કાંઇ સાધન ન મળતાં દૈન્ય થાય તેથી જ ભગવાનનો પ્રાદુર્ભાવ થાય છે. તેથી જ શ્રીમદ્વિટ્ઠલેશ પ્રભુએ

પણ 'હે રાધેશ, એવી કૃપા કરો કે જેથી મને દૈન્ય પ્રાપ્ત થાય' એવી વિજ્ઞપ્તિ કરી છે. (વિજ્ઞપ્તિ રૂ ૧.)

આ માર્ગમાં શ્રીપુરૂષોત્તમપ્રાપ્તિ થાય છે. આ ફલ પણ ભગવાન પોતે જ સાધનરૂપ થઇ આપે છે. તેથી આ માર્ગ સર્વ માર્ગમાં ઉત્તમ છે. આ માર્ગમાં પ્રમેય ભગવાન છે. તેમના ક્રિયા અંશનું વેદના પૂર્વકાંડમાં અને જ્ઞાનઅંશનું વેદના ઉત્તર કાંડમાં નિરૂપણ કરેલ છે. આ જ્ઞાન અને ક્રિયા ઉભય અંશવાળા ભગવાન આ માર્ગમાં પ્રમેય છે. ફલ પણ તેજ છે. તે ફલ પ્રાપ્ત કરવાનું સાધન પણ પ્રેમ જ છે. પ્રેમ શ્રવણ વિગેરે નવ પ્રકારની ભક્તિથી પ્રાપ્ત થાય છે. શ્રવણ વિગેરે વિના સંસ્કારથી અથવા ફલની ઈચ્છાથી ભગવાન ઉપર પ્રેમ થાય પણ તે ગૌણ પ્રેમ થાય, દૃઢ પ્રેમ થાય નહિ. તેથી શ્રવણ વિગેરે પ્રેમના સાધન છે. શ્રવણ વગેરે સાધન છે એમ શ્રીમદભગવદ્ગીતામાં કહેલું છે. ગીતા પણ ફલરૂપ ભગવાન શ્રીકૃષ્ણનું વાક્ય હોવાથી પ્રમાણ છે. શ્રીકૃષ્ણ પરમાનંદરૂપ હોવાથી અને પુરૂષોત્તમ હોવાથી ફલરૂપ છે. ગીતાના અર્થમાં સંદેહ થાય તેમ હોવાથી તે જ અર્થ વિસ્તારથી કહેવામાટે તેમણે જ બીજારૂપથી શ્રીભાગવત રચ્યું. આ માર્ગમાં પ્રમાણ પ્રમેય, સાધન અને ફલ સર્વ ભગવાન જ છે. પ્રમાણાદિ સર્વ એકરૂપ જ હોવાથી આ માર્ગ ઉત્તમ છે કારણ કે આ માર્ગમાં પ્રમાણ ભગવદ્વાક્ય છે. કાંઇ પણ સાધન ન કરે અને માત્ર ભગવાનના વાક્યથી જ પ્રવૃત્તિ થાય તો પણ ભગવાન કૃતાર્થ કરે જ. પ્રમેયનું જ્ઞાનફલના અનુભવ જેવું છે. સાધન પ્રેમરૂપ ભક્તિ ફલથી પણ અધિક છે, કારણ કે તે ફલને વશ કરે છે. ફલ પણ જ્ઞાન કર્મ વિગેરે સાધનોથી જે ફલ પ્રાપ્ત થઇ શકે તે કરતાં અધિક છે. તેથી જ આ માર્ગ સર્વ માર્ગોમાં ઉત્તમ છે. આ માર્ગમાં પાત થવાનો ભય નથી જ કારણ કે પ્રમાણને લીધે પ્રવૃત્તિ થાય ત્યાંથી આરંભી ઠેઠ સુધી ભગવાન જ રક્ષણ કરે છે, અને ભગવાનનો સ્વભાવ મુક્તિ પ્રાપ્ત થાય તેમ નથી એમ જોયું ત્યારે પ્રભુએ આ માર્ગ દર્શાવેલ છે. તેથી આધુનિક સમયમાં બીજા કોઇ માર્ગથી ફલ પ્રાપ્ત થાય તેમ નથી. માત્ર આ માર્ગથી જ ફલ પ્રાપ્ત થાય તેમ છે. (સપ્રકાશ તત્ત્વદીપ ૨. ૨૧૭ થી ૨૨૧)